અદ્યતન અભ્યાસક્રમને અનુરૂપ .....

જુન 2016 થી અમલી નવા અભ્યાસક્રમાનુસાર.....

સંદર્ભ પુસ્તક

Devang Sir

અર્થશાસ્ત્ર

ધોરણ – 11

લેખક : દેવાંગ સર

નામ : ________________________________

શાળાનું નામ : ___________________________

બેચ : __________________________________

“Education is not prepration for Life, but Education is life it self.”

– Devang Sir

અનુક્રમણીકા

પાઠનો ક્રમ	પાઠનું નામ	પેજ નંબર
1	અર્થશાસ્ત્ર : વિષય પ્રવેશ (Economics – An Introduction)	2 થી 12
2	મુળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ (Fundamental Concepts and Terminologies)	13 થી 21
3	માંગ (Demand)	22 થી 33
4	પુરવઠો (Supply)	34 થી 42
5	આવક અને ખર્ચના ખ્યાલ (Concepts of Revenue and Cost)	43 થી 58
6	બજાર (Market)	59 થી 69
7	ભારતીય અર્થતંત્ર (Indian Economy)	70 થી 78
8	આર્થિક સુધારાઓ (Econimic Reforms)	79 થી 85
9	રાષ્ટ્રીય આવક (National Income)	86 થી 96
10	અંદાજપત્ર (Budget)	97 થી 105
11	આર્થિક વિચારો (Economic Thoughts)	106 થી 116
-	પેપર સ્ટાઇલ	116

ગુણ ભાર

પાઠનો ક્રમ	પાઠનું નામ	પરિક્ષા		
		પ્રથમ	દ્વિતીય	વાર્ષિક
1	અર્થશાસ્ત્ર : વિષય પ્રવેશ	7	2	5
2	મુળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ	12 L	3	7
3	માંગ	9 L	4	8
4	પુરવઠો	11 L	3	8
5	આવક અને ખર્ચના ખ્યાલ	11 L	3	8
6	બજાર	-	6 L	7
7	ભારતીય અર્થતંત્ર	-	9	7 L
8	આર્થિક સુધારાઓ	-	10 L	7
9	રાષ્ટ્રીય આવક	-	10 L	7
10	અંદાજપત્ર	-	-	8 L
11	આર્થિક વિચારો	-	-	8 L
	કુલ	50	50	80

નોંધ – L ચિન્હ વાળા પાઠ માંથી લાંબા (5 માર્ક)ના પ્રશ્ન પુછાય છે.

પાઠ 1. અર્થશાસ્ત્ર : વિષય પ્રવેશ

પ્રશ્ન 1 – અર્થશાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરો.



અર્થશાસ્ત્ર શબ્દમાં 'અર્થ' એટલે સંસ્કૃતમાં ઉદ્દેશ કે કશુંક મેળવવું એવો થાય. જે આધુનિક 'આર્થિક' સાથે વધુ સુસંગત છે.

માનવી બુધ્ધિશાળી સજીવ હોવાથી તેણે માનવજીવન સુખરૂપ ચાલે તે માટે સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની રચના કરી છે. જેને સમજાવવા, પેઢી દર પેઢી આગળ ચલાવવા અને વ્યવસ્થામાં સર્જાતા પ્રશ્નોના ઉકેલ માટે શાસ્ત્રની રચના કરી છે.

માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.

પ્રશ્ન 2 – અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન સમજાવો.

અર્થશાસ્ત્ર વિશે ભારતીય સંસ્કૃતિ પણ આશરે 2500 વર્ષ પહેલા ચાણક્ય(કૌટિલ્ય) દ્વારા ચિંતન રજુ થયું હતું.

ભારતીય સંસ્કૃતિ આશરે 5000 વર્ષ જુની છે. જેમાં માનવજીવનના વિવિધ પાસાનો અભ્યાસ થાય છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર માનવજીવનના મુખ્ય ઉદ્દેશ છે. જેમાંથી 'અર્થ' સાથે અર્થશાસ્ત્રને સંબંધ છે.

વ્યક્તિ ભૌતિક સુખની પ્રાપ્તિ માટે અને જીવનનિર્વાહ માટે અર્થપુર્ણ પ્રવૃતિ કરી આવક મેળવે છે. માનવીની આ આર્થિક પ્રવુતિનું ચિંતન ભારતીય સંસ્કૃતિમાં થાય છે.

કૌટીલ્યના મતે 'મનુષ્યની વૃતિ અર્થ છે, મનુષ્યના વસવાટવાળી ભુમિ અર્થ છે, તેવી પૃથ્વીના લાભ અને પાલનાનાં ઉપાયો દશાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર'.

ભારતીય ચિંતનમાં કેન્દ્રસ્થાને આર્થિક પ્રવૃત્તિની સાથે માનવકલ્યાણનો પણ વિચાર થાય છે. તેથી કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અર્થ'નીતિશાસ્ત્ર કહેવાય છે.

કૌટિલ્યે આર્થિક વિચારમાં જાહેર અને સામુહિક વર્તનવાળી આર્થિક પ્રવૃત્તિ કેન્દ્રસ્થાને રાખી છે. તે સંદર્ભે રાજાશાહી રાજ્યવ્યવસ્થા અને કૃષિપ્રધાન અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખી માર્ગદર્શન રજુ કર્યુ હતું.



➔ ઉદભવ :

પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદભવ તત્વચિંતક એરીસ્ટોટલે oconomica દ્વારા રજુ કર્યું. જેમાં તેમણે ઔદ્યોગિક ક્રાંતિ બાદ જેમ ઉદ્યોગ ક્ષેત્રે સુક્ષ્મ શ્રમ વિભાજન અને વિશિષ્ટીકરણ(કોઇ એક કામ એક જ વ્યક્તિ દ્વારા થાય અને તેમાં જ તે કુશળતા મેળવે ત્યારે તેને વિશિષ્ટીકરણ થયું કહેવાય.) થયું. તેમ જ્ઞાનના ક્ષેત્રમાં અભ્યાસ અને સંશોધનમાં પણ વિશિષ્ટીકરણ થયું એવી રજુઆત કરી છે.

તેમના તત્વચિંતનના પરિણામે અભ્યાસની પદ્ધતિ માત્ર તર્ક કે કલ્પના આધારિત ન રહેતા પ્રયોગ અને ચકાસણી આધારિત વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા શરૂઆત થઇ. તેથી અર્થશાસ્ત્રનો સ્વતંત્ર વિષય તરીકેના અભ્યાસની શરૂઆત થઇ હતી.

પ્રશ્ન 3 – એડમ સ્મિથની વ્યાખ્યા સમજાવો.

ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે મોટા યંત્રો, મોટા પાયે મુડીરોકાણ અને આર્થિક કેન્દ્રિકરણ જેવી નવી આર્થિક-સામાજીક વ્યવસ્થા ઊભી થઇ. આ સંદર્ભમાં સંપત્તિના વધારાના કારણો શું હોઇ શકે ? તેના ચિંતનના આધારે એડમ સ્મિથે 1776ની સાલમાં અર્થશાસ્ત્રનું ચિંતન રજુ કર્યું.

પુસ્તક : An Enquiry into the nature and causes of the wealth of Nation.

વ્યાખ્યા : 'ઉત્પાદકના શ્રમ દ્વારા થયેલા ભૌતિક સંપત્તિના ઉત્પાદન, વપરાશ અને વિનીમયનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'

વ્યાખ્યા પરથી બે બાબતો તારવી શકાય.

(1) અર્થશાસ્ત્રમાં માનવીની ભૌતિક સંપત્તિ મુખ્ય છે.

(2) અર્થશાસ્ત્રમાં ભૌતિક સંપત્તિના વપરાશ અને ઉત્પાદન, વિનિમયનો અભ્યાસ થાય છે.

એડમ સ્મિથે અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કર્યા. તેથી તેને 'અર્થશાસ્ત્રના પિતા'નું બિરુદ મળ્યું. એડમ સ્મિથે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપ્યો.

➔ ટીકા :

તેણે માનવીના આર્થિક વર્તનના અભ્યાસમાં નીતિશાસ્ત્રને ધ્યાનમાં લીધું નથી. માત્ર સંપત્તિને ધ્યાનમાં રાખી માનવકલ્યાણની ઉપેક્ષા કરી છે.

પ્રશ્ન 4 – આલ્ફ્રેડ માર્શલની વ્યાખ્યા સમજાવો.

આલ્ફ્રેડ માર્શલ બ્રિટનના અર્થશાસ્ત્રી હતા. તેમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1890માં 'કલ્યાણલક્ષી શાસ્ત્ર'નો ખ્યાલ વિકસાવ્યો.

પુસ્તક : Principal of Economics

વ્યાખ્યા : 'અર્થશાસ્ત્ર માનવીની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરે છે. જેમાં તે ભૌતિક ચીજવસ્તુના વપરાશથી સુખાકારી મેળવે છે.'

તેમણે સંપત્તિને સાધ્ય નહીં પણ સાધન તરીકે ગણાવ્યું. માર્શલે માનવીની ભૌતિક ચીજવસ્તુના વપરાશથી સુખાકારી કેવી રીતે મેળવવા પ્રયાસ કરે છે? તેનો અભ્યાસ કર્યો છે. તેમણે અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવકલ્યાણને કેન્દ્રસ્થાને મુક્યું છે.

➔ ટીકા :

માર્શલે કલ્યાણ માટે ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુની જ વાત કરે છે અને અભૌતિક સેવાની ઉપેક્ષા કરે છે.

પ્રશ્ન 5 – રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

પુસ્તક : 1931 – Nature and singnificance of economics.

વ્યાખ્યા : 'અર્થશાસ્ત્ર એવું શાસ્ત્ર છે કે જે માણસ પોતાની જરૂરિયાતોને વૈકલ્પીલ ઉપયોગ ધરાવતા મર્યાદિત સાધનો વચ્ચે કેવી રીતે મેળ બેસાડે છે તેના વર્તનનો અભ્યાસ કરે છે."

અર્થશાસ્ત્ર માનવીની અમર્યાદિત અને વારંવાર ઉદભવતી જરૂરિયાતોને વૈકલ્પિક ઉપયોગવાળા મર્યાદિત સાધનો વડે કેવી રીતે સંતોષવી તેનું માર્ગદર્શન આપે છે.

રોબિન્સે અર્થશાસ્ત્રને વાસ્તવમાંથી વિજ્ઞાન તરીકે રજુ કર્યું છે. તેમજ નૈતિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેથી તે આદર્શવાદી શાસ્ત્ર નથી.

➔ ટીકા :

રોબિન્સની વ્યાખ્યા માત્ર ઉત્પાદન અને વહેચણી પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.

પ્રશ્ન 6 – સેમ્યુઅલસનની અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપો.

સેમ્યુઅલસને 1947માં અર્થશાસ્ત્રને વિકાસ સાથે સાંકળી વ્યાખ્યા આપી છે. તેમણે ‘સમાજની પસંદગીઓ અને વહેંચણી’ ના મુદ્દાને અર્થશાસ્ત્રમાં સ્થાન આવ્યું છે.

➔ વ્યાખ્યા :

‘સમાજ કેવી રીતે પોતાના અછતવાળા સાધનો દ્વારા અગત્યની જરૂરિયાતોનું ઉત્પાદન કરે છે. અને જુદા જુદા લોકો વચ્ચે વેંચે છે. તેનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે છે.’

પ્રશ્ન 7 – આર્થિક અને બિનઆર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત સમજાવો. **(3 માર્ક)**

આર્થિક પ્રવૃત્તિ	મુદ્દા	બિનઆર્થિક પ્રવૃત્તિ
➔ માણસ પોતાની જરૂરીયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃતિ કરે તેને આર્થિક પ્રવૃત્તિ કહે છે.	વ્યાખ્યા	➔ જે પ્રવૃત્તિનો ઉદ્દેશ આવક મેળવવા ખર્ચ કરવાનો કે વિનિમયનો નથી તે સિવાયનો હોય તેને બિનઆર્થિક પ્રવૃત્તિ કહે છે.
➔ ખેડુતની ખેતી કરીને અનાજ ઉત્પાદન કરવાની પ્રવૃત્તિ.	ઉદાહરણ	➔ દાન આપવાની પ્રવૃત્તિ.
➔ આર્થિક પ્રવૃત્તિમાં કંઇક વળતર મેળવવાની અપેક્ષા હોય છે.	વળતરની અપેક્ષા	➔ બિનઆર્થિક પ્રવૃત્તિ કોઇ પણ અપેક્ષા વિના માત્ર પ્રેમ, દયા, લાગણીથી પ્રેરાઇને થાય છે.
➔ આર્થિક પ્રવૃત્તિમાં વસ્તુ કે સેવાનો વિનિમય અનિવાર્ય છે.	વિનિમય	➔ બિનઆર્થિક પ્રવૃત્તિમાં વિનિમય સંકળાયેલો નથી.
➔ આર્થિક પરિબળથી પ્રેરાઇને આર્થિક પ્રવૃત્તિ થાય છે.	પ્રેરકબળ	➔ દયા, માયા, પ્રેમ વગેરે બિનઆર્થિક પ્રવૃત્તિના પ્રેરકબળ છે.

પ્રશ્ન 8 – એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો તફાવત આપો.

એકમલક્ષી અર્થશાસ્ત્ર	મુદ્દા	સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર
➔ જે અર્થશાસ્ત્રમાં કોઇ એક એકમનો અભ્યાસ થાય તેને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહે છે.	અર્થ	➔ જે અર્થશાસ્ત્રમાં સમગ્ર આર્થિક એકમનો અભ્યાસ એક સાથે થાય તેને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર કહે છે.
➔ સુરતની હિરાની એક પેઢીનો અભ્યાસ.	ઉદાહરણ	➔ સમગ્ર ભારતના હિરા ઉદ્યોગનો અભ્યાસ.
➔ અભ્યાસનું કેન્દ્રબિંદુ એકમ હોય છે. દા.ત. – શ્રમિકના વળતરનો અભ્યાસ.	કેન્દ્રબિંદુ	➔ અભ્યાસ નું કેન્દ્રબિન્દુ સમષ્ટિ છે. દા.ત. – દેશની વસ્તી.
➔ એકમલક્ષીનો ગ્રીક શબ્દ micro એટલે કે સુક્ષ્મલક્ષી થાય છે.	ગ્રીક શબ્દ	➔ સમગ્રલક્ષીનો ગ્રીક શબ્દ macro એટલે કે બૃહદલક્ષી થાય છે.
➔ એકમલક્ષીનો ખ્યાલ સંકુચિત છે.	ખ્યાલ	➔ સમગ્રલક્ષીનો ખ્યાલ વિસ્તૃત છે.

Devang Sir

➔ વસ્તુની કિંમત નિર્ધારણ, પેઢીની સમતુલા, શ્રમિકની સીમાંત ઉત્પાદકતા, વેતનનિર્ધારણ વગેરે એકમલક્ષીનું કાર્ય ક્ષેત્ર છે.	કાર્યક્ષેત્ર	➔ સમગ્ર ભાવ સપાટીનું નિર્ધારણ, નાણાના મુલ્યોનો અભ્યાસ, રાષ્ટીય આવકની ગણતરી વગેરે.

પ્રશ્ન 9 – આર્થિક માહિતીની રજુઆત કરો.

અર્થશાસ્ત્રમાં આર્થિક બાબતનું વિશ્લેષણ થાય છે. આ વિશ્લેષણની રજુઆત ત્રણ અલગ અલગ રીતે કરવામાં આવે છે.



પ્રશ્ન 10 – માંગનો નિયમ સમજાવો.

“અન્ય પરિબળ યથાવત રહે. વસ્તુની કિંમતમાં ઘટાડો થતા માંગનું વિસ્તરણ થાય છે. જ્યારે કિંમતમાં વધારો થતા માંગનું સંકોચન થાય છે.

(1) ભાષા દ્વારા :

માંગનો નિયમ

(2) આંકડા દ્વારા :

માંગનો નિયમ

બિંદુ	બજાર કિંમત	બજાર માંગ
A		500
B	20	400
C	30	300
D	40	200
E	50	100

(3) આકૃત્તિ દ્વારા :

માંગનો નિયમ



પ્રશ્ન 11 – આંકડાકીય માહીતિને આકૃત્તિ કે આલેખમાં રજુ કરતી વખતે ધ્યાનમાં રાખાવાની બાબતો જણાવો.

અર્થશાસ્ત્રમાં સંશોધનના તારણો અને રજુઆતની વિશ્વસનીયતાનો આધાર આંકડાકીય માહિતી પર છે. જેના પરથી આલેખ કે આકૃત્તિની રજુઆત થાય છે. આલેખ કે આકૃત્તિ માહિતીને સરળતાથી સમજાવે છે. તેથી તેની રજુઆત સચોત રીતે કરવા નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(1) વિશ્વસનીય પ્રાપ્તિ સ્થાન :

આર્થિક સિદ્ધાંતો કે તારણો જેના આધારે રજુ કરવામાં આવ્યા હોય તે પ્રાપ્તિસ્થાન વિશ્વસનીય અને સર્વસામાન્ય હોવા જોઇએ. તથા સચોટતા દર્શાવવા ક્યા પ્રાપ્તિસ્થાનમાંથી માહિતી પ્રાપ્ત થઇ તેનો ઉલ્લેખ જરૂરી છે.

જેમ કે, ભારતમાં આર્થિક સ્થિતિ દર્શાવવા – કેન્દ્રિય આંકડાકીય સંસ્થા(CSO).

(2) સ્વતંત્ર અને પરતંત્ર ચલ :

બે કે વધુ ચલ(માહિતી) વચ્ચેનો સંબંધ આલેખ કે આકૃત્તિમાં રજુ કરતી વખતે સ્વતંત્ર ચલને આડી ધરી(x) ઉપર અને પરતંત્ર ચલને ઉભી ધરી(y) પર દર્શાવવું.

દા.ત. – દેશ, વર્ષ, ક્ષેત્ર વગેરે સ્વતંત્ર ચલ(x)
વસ્તી, ઉત્પાદન, આવક વગેરી પરતંત્ર ચલ(y)

બે ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધમાં એક ચલ કારણરૂપ હોય છે.

જેમ કે, વર્ષ અને ઉત્પાદન
↓ ↓
સ્વતંત્ર(x) પરતંત્ર(y)
(કારણરૂપ) (આધારીત)

જો કે માંગના નિયમમાં કારણરૂપ પરિબળ કિંમત ઊભી ધરી પર અને આધારિત પરિબળ માંગ આડી ધરી પર દર્શાવાય છે.

(3) સ્કેલમાપની પસંદગી :

આંકડાને આકૃત્તિમાં યોગ્ય રીતે દર્શાવવા કદ અનુસાર યોગ્ય સ્કેલમાપ નક્કી કરવો જોઇએ. આલેખ અતિશય નાનો કે મોટો ન થાય તેની કાળજી રાખવા નક્કી કરેલો સ્કેલમાપ સતત જાળવવો જોઇએ.

દા.ત. – 1 cm = 10 વર્ષનો સ્કેલમાપ હોય તો 10-10 વર્ષનો ગાળો દર્શાવવા 1 cmનું માપ રાખવું.

મોટી આંકડાકીય માહિતીને આકૃત્તિમાં ટુંકમાં રજુ કરીએ ત્યારે જે-તે ધરી પર =(ss) ની નિશાની કરવી.

પ્રશ્ન 12 – આલેખ અને આકૃત્તિ સ્વરૂપે રજુઆત કઇ રીતે થાય છે?

અથવા

આંકડાકીય માહિતીની આકૃત્તિ કે આલેખમાં રજુઆત સમજાવો.

આંકડાકીય માહિતીને આકૃત્તિ કે આલેખ દ્વારા સરળતાથી ત્રણ સ્વરૂપે રજુ કરી શકાય.

(1) સ્તંભઆકૃત્તિ

સ્તંભ આકૃત્તિમાં સ્વતંત્ર ચલ આડી ધરી પર અને પરતંત્ર કે આધારીત ચલ ઉભી ધરી પર દર્શાવાય છે.

જેમ કે, જુદા-જુદા વર્ષમાં ભારતમાં વસ્તી.

વર્ષ	વસ્તી(કરોડમાં)
1901	23.83
1951	36.10
1991	84.63
2001	102.70



(2) પાસપાસેની સ્તંભઆકૃતિ :

સામાન્ય રીતે એક સ્વતંત્ર ચલ પર બે કે વધુ આધારિત ચલ હોય તો તેવી માહિતીને રજુ કરવા પાસપાસેની સ્તંભઆકૃતિ ઉપયોગી છે.

રોજગારી		
ક્ષેત્ર	ચીન	ભારત
પ્રાથમિક	50	60.5
ઉદ્યોગ	22	16.8
સેવા	28	22.7



(3) વૃત્તાંશઆકૃત્તિ

વૃત્તાંશ એટલે વૃત + અંશ. વર્તુળના અંશને ટકાવારી સ્વરૂપે દર્શાવતા બનતી આકૃત્તિ એટલે વૃત્તાંશ આકૃત્તિ.

વર્તુળ એક સમષ્ટિ છે. અને તેનો ભાગ કોઇ ચોક્કસ બાબત છે તે દર્શાવતી આકૃતિ એટલે વૃત્તાંશ આકૃત્તિ.

ક્ષેત્ર	ટકાવારી
પ્રાથમિક	50%
ઉદ્યોગ	22%
સેવા	28%

પ્રશ્ન 13 – અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ સમજાવો.

(1) સિદ્ધાંતોની આધારભુતતામાં વધારો કરવો :

અર્થશાસ્ત્ર બે આર્થિક ચલ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ તપાસી સિદ્ધાંતો રજુ કરે છે. આ સિદ્ધાંતોની ચકાસણી અને આધારભુતતા આંકડાકીયે માહિતીના આધારે નક્કી થાય છે.

<u>દા.ત.</u> – કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ, કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ જ્યા સિદ્ધાંતોને વધુ વિશ્વસનીય બનાવવા હોય તો તેને આંકડાકીય માહિતીનું પીઠબળ આપવું જરૂરી છે.

(2) દશા અને દિશાના વલણો જાણવા :

અર્થશાસ્ત્રની દશા શું છે? અર્થતંત્ર કઇ દિશામાં જઇ રહ્યું છે? તેમાં ક્યા પરિવર્તનો આપ્યા છે? વગેરે જેવી જાણકારી મેળવવા આંકડાકીય માહિતી જરૂરી છે.

અર્થતંત્રમાં અમલમાં મુકવામાં આવતી આર્થિક નીતિની સફળતા કે નિષ્ફળતા જાણવા આંકડાકીય માહિતી ઉપયોગી છે.

<u>દા.ત.</u> – દેશમાં રોજગારીના ક્ષેત્રમાં ખેતી, ઉદ્યોગ અને સેવાનો હિસ્સા કેટલો છે? ક્યા ક્ષેત્રનો રોજગારી અને રાષ્ટ્રીય આવકનો હિસ્સો બદલાયો છે? વગેરે આંકડાકીય માહિતી દ્વારા જ જાણી શકાય.

(3) તુલનાત્મક અભ્યાસ માટે :

“સમય, સ્થળ, ક્ષેત્ર કે અન્ય પરિબળના સંદર્ભમાં માહિતી એકત્ર કરી તેની સરખામણી દ્વારા યોગ્ય તારણો મેળવવાની પ્રક્રિયા એટલે તુલનાત્મક અભ્યાસ.”

તુલનાત્મક અભ્યાસ માટે આંકડાકીય માહિતી જરૂરી છે.

દા.ત. – ભારત અને ચીનની આર્થિક સ્થિતિ જાણવા માટે તુલનાત્મક અભ્યાસ કરવા આંકડાકીય માહિતી જરૂરી છે.

અર્થતંત્રમાં તુલનાત્મક અભ્યાસ સામાન્ય રીતે સમય અને સ્થળના સંદર્ભમાં થાય છે.

(4) સંક્ષિપ્તમાં રજુઆત માટે :

આર્થિક અભ્યાસોમાં લાંબા વર્ણનો કરતા તેને પ્રતિકાત્મક રૂપે આલેખ કે આકૃતિમાં રજુ કરી તેની અસરકારકતા વધારી શકાય. પરંતુ અસરકારકતા વધારી શકાય. પરંતુ અસરકારક રજુઆત માટે આંકડાકીય માહિતી જરૂરી છે.

દા.ત. – ગરીબી કે બેકારીની જુદા-જુદા સમયની સ્થિતિ સંક્ષિપ્તમાં આલેખમાં આલેખ કે આકૃત્તિ દ્વારા સરળતાથી રજુ કરવા આંકડાકીય માહિતી જરૂરી છે.

પ્રશ્ન 14 – અર્થશાસ્ત્ર વિષયનું મહત્વ સ્પષ્ટ કરો.



(1) વ્યવસાયિક મહત્વ :

સામાન્ય રીતે માંગ-પુરવઠો, આવક-ખર્ચ, વહેંચણી વગેરે બાબતો વ્યવસાય સાથે સંકળાયેલી છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ આ બધી બાબતોનો આર્થિક ગણતરી કરવા મદદરૂપ થાય છે. ખાસ કરીને વસ્તુ કે સેવાના કિંમત નિર્ધારણ કેવી રીતે કરવું, કાચા માલનું ખરીદ-વેચાણ અને ઉત્પાદનના સાધનોને ચુકવવાના વળતર અંગેના નિર્ણયો લેવામાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે.

અર્થશાસ્ત્ર આર્થિક નિર્ણયો લેવામાં મદદરૂપ થયું હોવાથી તેનું વ્યવસાયિક મહત્વ છે. આર્થિક જગતમાં માનવીના ત્રણ મુખ્ય સ્વરૂપો છે. (1) ગ્રાહક તરીકે, (2) ઉત્પાદક તરીકે, (3) શ્રમિક તરીકે આ ત્રણેય સ્વરૂપમાં તેણે ઓછામાં ઓછી ચુકવણી કરી વધુમાં વધુ લાભ મેળવવાનો હોય છે. જેમાં અર્થશાસ્ત્ર મદદરૂપ થાય છે.

(2) આર્થિક મહત્વ :

(i) રોજબરોજના વ્યક્તિગત નિણયો માટે :

આર્થિક પ્રવૃત્તિમાં સીધી રીતે ન જોડાયેલા લોકોને પણ જીવનના રોજબરોજના વ્યવહારોના નિર્ણય લેવામાં અર્થશાસ્ત્રનો અભ્યાસ સહાયક છે.

દા.ત. – ડૉકટર, વકીલ જેવાને બચત અને મુડીરોકાણ, ખર્ચ અને આવકની પ્રવૃત્તિથી જોડાયેલા નિર્ણય લેવામાં અર્થશાસ્ત્ર ઉપયોગી છે.

ગૃહિણીથી માંડીને સમાજના તમામ વર્ગને રોજિંદા આર્થિક નિર્ણય લેવામાં અર્થશાસ્ત્ર ઉપયોગી છે.

(ii) સરકારની નીતિ સમજવા માટે :

સરકાર દ્વારા અમલમાં મુકાયેલી નાણાકીય, રાજકોષીય અને આર્થિક નીતિ આપણા રોજિંદા વ્યવહાર પર અસર કરે છે. જેને સમજવા અર્થશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

દા.ત. – RBI ની નાણાકીય નીતિ બદલાતા વ્યાજના દર ઉપર અસર થાય છે.

(3) વ્યવહારિક મહત્વ :

(i) આંતરરાષ્ટ્રીય ઘટનાઓ સમજવા :

વૈશ્વિકીકરણને લીધે વેપાર આંતરરાષ્ટ્રીય થઇ ચુકયો છે. જેથી કોઇ પણ દેશમાં બનતી ઘટનાની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર તેની સાથે સંકળાયેલા દેશના અર્થતંત્ર ઉપર થાય છે.

દા.ત. – ક્રુડ ઓઇલના ભાવમાં વધ-ઘટ થતા તેની અસર દેશના અર્થતંત્ર ઉપર થાય છે.

વિશ્વના જુદા જુદા દેશોમાં કઇ આર્થિક બાબતોમાં સમાનતા કે તફાવત છે તેની જાણકારી હોય તો વ્યવસાયિક સંબંધો વિકસાવવામાં મદદરૂપ બને છે.

(ii) ઐતિહાસિક ઘટનાઓ સમજવા :

દેશમાં થતી ઐતિહાસિક ઘટનાઓ દેશના સામાજિક અને રાજકીય માળખાને અસર કરે છે. જેમ કે, આઝાદી પહેલા ભારતની આર્થિક સ્થિતિ સમજવા અંગ્રેજોની શાસનનીતિ સમજવી પડે.

કોઇ પણ દેશમાં ભાવવધારો, ઊંચા કરવેરા કે ગરીબી જેવી આર્થિક ઘટનાઓ મોટા પાયે રાજકીય ફેરફારો સર્જે છે. જેને સમજવા અર્થશાસ્ત્ર જરૂરી છે.

• • •

પાઠ 2. મુળભૂત ખ્યાલો અને સંકલ્પનાઓ

પ્રશ્ન 1 – માનવજીવનનાં આર્થિક વળતર અર્થશાસ્ત્રમાં થાય છે. આ અભ્યાસમાં કેટલાક વિશેષ શબ્દ, ખ્યાલ અને સંકલ્પનાઓ આવે છે. જેનો અર્થશાસ્ત્રમાં વારંવાર ઉપયોગ થાય છે. જે નીચે મુજબ દર્શાવી શકાય :

(1) કિંમત અને મુલ્ય :

રોજિંદા જીવનમાં કિંમત અને મુલ્ય લગભગ સમાનાર્થી શબ્દ તરીકે વપરાય છે. પરંતુ અર્થશાસ્ત્રમાં બંને શબ્દનો વિશેષ અર્થ છે.

➔ કિંમત :

કોઇ પણ વસ્તુનું વિનિમય મુલ્ય નાણાકીય એકમમાં દર્શાવાય ત્યારે તેને કિંમત કહેવાય છે.

બીજા શબ્દમાં કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચુકવાતા નાણાકીય એકમનું પ્રમાણ.

દા.ત. – 1 kg તુવેરની દાળ = RS. 200

➔ મુલ્ય :

મુલ્ય એટલે વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય મુલ્ય.

મુલ્યના બે અલગ અલગ પ્રકારો પડે છે. : (i) ઉપયોગિતા મુલ્ય
(ii) વિનિમય મુલ્ય

(i) ઉપયોગિતા મુલ્ય :

વસ્તુમાં માનવજીવન માટે ઉપયોગિતાની દ્રષ્ટિએ જે મુલ્ય હોય તેને ઉપયોગિતા મુલ્ય કહે છે.

દા.ત. – હવા, પાણી, સુર્યપ્રકાશનું ઉપયોગીતા મુલ્ય વધુ છે.

ઉપયોગીતા મુલ્યને વપરાશ મુલ્ય પણ કહે છે.

(ii) વિનિમય મુલ્ય :

જ્યારે એક વસ્તુ કે સેવાના બદલાંમાં બીજી વસ્તુ કે સેવા મળી શકતી હોય ત્યારે જે-તે વસ્તુનું વિનિમય મુલ્ય જે-તે વસ્તુના વિનિમય મુલ્યમાં છે એમ કહેવું.

કોઇ એક વસ્તુનો વિનિમય કરી તેના બદલામાં અન્ય વસ્તુના જેટલા એકમ મળે તે જે-તે વસ્તુનું વિનિમય મુલ્ય છે.

દા.ત. – એક કિલો ઘઉંના બદલામાં કેટલી જુવાર મળશે તે ઘઉંનું વિનિમય મુલ્ય દર્શાવે છે.

પ્રશ્ન 2 – ઉપયોગિતા મુલ્ય અને વિનિમય મુલ્ય વચ્ચેનો સંબંધ સમજાવો.

જે વસ્તુનું ઉપયોગિતા મુલ્ય હોય તેનું વિનિમય મુલ્ય હોઇ જ તેવું ન કહી શકાય.

Devang Sir

દા.ત. – માનવજીવનની દ્રષ્ટિએ હવા, પાણી અને સુર્યપ્રકાશનું ઉપયોગિતા મુલ્ય ખૂબ વધારે છે. પરંતુ તે સર્વસુલભ હોવાથી, તેનો જથ્થો અમર્યાદિત હોવાથી તેનું વિનિમય મુલ્ય ખુબ જ નીચું છે.

પરંતુ જે વસ્તુનું વિનિમય મુલ્ય હોય તેનું ઉપયોગિતા મુલ્ય ચોક્કસ હોય છે.

દા.ત. – સોનું, હીરા, મોતી, માણેકનું માનવજીવનમાં ઉપયોગીતા મુલ્ય ખુબ નજીવું છે પણ તેની અછત હોવાથી તેનું વિનીમય મુલ્ય ઘણુ વધારે છે.

આ જ રીતે જુદા-જુદા સ્થળે અને સમયે વસ્તુનું વિનિમય મુલ્ય વધુ કે ઓછું હોય શકે છે. જેમ કે, રણમાં રેતીનું વિનિમય મુલ્ય શુન્ય છે પણ આ જ રેતી મકાન બાંધવા શહેરમાં લાવવામાં આવે તો તેનું વિનીમય મુલ્ય વધી જાય છે.

અર્થશાસ્ત્રના અભ્યાસમાં મુલ્ય શબ્દનો ઉપયોગ વિનીમય મુલ્યના જ સંદર્ભમાં થાય છે.

પ્રશ્ન 3 – કિંમત અને મુલ્યનો તફાવત જણાવો.

એક વસ્તુના બદલામાં અન્ય વસ્તુ કેટલા પ્રમાણમાં મળશે તે પ્રમાણ મુલ્ય દર્શાવે છે, જ્યારે વસ્તુ કે સેવાના બદલામાં ચુકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે કિંમત.

10 કિલો ચોખા = 20 કિલો ઘઉં હોય તો 10 કિલો ચોખાનું મુલ્ય 20 કિલો ઘઉં જેટલું થાય. પરંતુ 1 કિલો ચોખા = 100 રૂપીયા હોય તો તે તેની કિંમત ગણાશે.

પ્રશ્ન 4 – વસ્તુ અને સેવાનો અર્થ સ્પષ્ટ કરી વસ્તુનું વર્ગીકરણ સમજાવો.

➔ વસ્તુ :

જે ભૌતિક બાબતમાં માનવ જરૂરીયાત સંતોષવાનો ગુણ હોય અને વિનિમય થઇ શકે તેને વસ્તુ કહેવાય.

દા.ત. – અનાજ.

માનવીની કેટલીક જરૂરીયાત ભૌતિક અને શારીરિક હોય છે. ખાવું, પીવુ, હરવું-ફરવું, રમવું વગેરે ભૌતિક અને શારીરિક જરૂરિયાતો છે.

➔ સેવા :

માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય તથા વિનીમય થઇ શકતો હોય તેવી અભૌતિક બાબતને સેવા કહે છે.

દા.ત. – વકીલ કે ડૉકટરની સેવા.

જે અભૌતિક બાબતનો વિનિમય ન થઇ શકતો હોય તેને સેવા કહેવાશે નહિ.

દા.ત.– વકીલની તર્કશક્તિ સેવા નથી જ્યારે વકિલાતનું વિનીમય થતો હોવાથી સેવા છે.

"પોતાની પ્રગતી પાછળ જ એટલા વ્યસ્ત રહો કે બીજાની નબળાઇઓ જોવાનો સમય જ ના રહે."

Devang Sir

પ્રશ્ન 5 – વસ્તુનું વર્ગીકરણ સમજાવો.

વસ્તુનું વર્ગીકરણ

- સર્વસુભણ અને આર્થિક વસ્તુ
- ખાનગી અને જાહેર વસ્તુ
- ટકાઉ અને નાશવંત વસ્તુ
- ભૌતિક અને અભૌતિક વસ્તુ
- વપરાશી અને ઉત્પાદક વસ્તુ

Devang Sir

➔ ભૌતિક અને અભૌતિક વસ્તુઓ :

જે વસ્તુને માપી શકાય કે જોઇ શકાય તે ભૌતિક વસ્તુ છે.

દા.ત. – ટી.વી., ફ્રિજ, મોબાઇલ વગેરે.....

જે વસ્તુ માપી શકાતી નથી કે જોઇ શકાતી નથી તે અભૌતિક વસ્તુ કે સેવા છે.

દા.ત – સંગીત, શિક્ષણ, આરોગ્ય, બેંન્ક વગેરે.....

➔ સર્વસુલભ અને આર્થિક વસ્તુ :

જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઇનો અંકુશ ન હોય અને જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે સર્વસુલભ વસ્તુ છે.

દા.ત – હવા અને સુર્યપ્રકાશ.....

જે વસ્તુ પુરવઠા પર અંકુશ હોય, જેની અછત હોય અને જેનું ખરીદ-વેચાણ થતું હોય તે તમામ વસ્તુ આર્થિક કે અછતવાળી કહેવાય છે.

દા.ત – અનાજ.....

➔ ટકાઉ અને નાશવંત વસ્તુ :

જે વસ્તુનો લાંબા ગાળા સુધી વપરાશ કરી શકાય તેને ટકાઉ વસ્તુ કહે છે.

દા.ત – ટી.વી., ફ્રિજ, ફર્નિચર વગેરે.....

જે વસ્તુનો વપરાશકર્તાની સાથે જ અંત આવે તેને નાશવંત વસ્તુ કહે છે.

દા.ત – ખાદ્યપદાર્થ....

નાશવંત વસ્તુનો વપરાશ ન કરો તો પણ તે લાંબાગાળા સુધી ઉપયોગમાં લઇ શકાતી નથી.

➔ વપરાશી વસ્તુ અને ઉત્પાદક વસ્તુ :

જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા જરૂરિયાત સંતોષતી હોય તે વપરાશી વસ્તુ છે જ્યારે જે વસ્તુ ઉત્પાદન પ્રક્રિયામાં ભાગ લઇ તૃષ્ટિગુણનું સર્જન કરવામાં ઉપયોગી હોય તેને ઉત્પાદક વસ્તુ કહે છે.

ખોરાક માનવીની જરૂરિયાત પ્રત્યક્ષ રીતે સંતોષે જેથી તે વપરાશની વસ્તુ છે. જ્યારે ખોરાક બનાવવા વપરાતા વાસણો પરોક્ષ જરૂરિયાત સંતોષતા હોવાથી ઉત્પાદક વસ્તુ છે.

પ્રશ્ન 6 – ખાનગી અને જાહેર વસ્તુનો તફાવત લખો.

ખાનગી વસ્તુ	જાહેર વસ્તુ
➔ જે વસ્તુની માલિકી ખાનગી કે વ્યક્તિગત હોય તેને ખાનગી વસ્તુ કહે છે.	➔ જે વસ્તુની માલિકી જાહેર સંસ્થાની કે સરકારની હોય તેને જાહેર વસ્તુ કહે છે.
➔ દા.ત. – વ્યક્તિની ગાડી કે મકાન.	➔ દા.ત. – B.R.T.S.ની બસ સેવા
➔ આ વસ્તુના વપરાશનો નિર્ણય તેના માલિક ને આધીન હોય છે.	➔ આ વસ્તુના વપરાશનો નિર્ણય કોઇ વ્યક્તિ વ્યક્તિગત ધોરણે કરી શકતો નથી.
➔ આ વસ્તુનું ક્ષેત્ર મર્યાદિત છે.	➔ આ વસ્તુનું ક્ષેત્ર વિશાળ છે.
➔ ખાનગી વસ્તુ સ્પર્ધાત્મકતા અને વંચિતતાનો ગુણ ધરાવે છે.	➔જાહેર વસ્તુ બિનસ્પર્ધાત્મકતા અને બિનવંચિતતાનો ગુણ ધરાવે છે.

➔ જે વસ્તુનો એક વ્યક્તિ વપરાશ કરે ત્યારે બીજી વ્યક્તિ તે વસ્તુનો વપરાશ કરી શકતી નથી તેને સ્પર્ધાત્મકતા કહે છે.

➔ બિનસ્પર્ધાત્મકતા એટલે એક વ્યક્તિ વસ્તુનો વપરાશ કરે તો પણ બીજી વ્યક્તિના વપરાશમાં ઘટાડો થતો નથી.

➔ જે વ્યક્તિ કિંમત ન ચુકવે તેને જે તે વસ્તુનો વપરાશ કરવા દેવામાં આવતો નથી એટલે વંચિતતા.

➔ બિનવંચિતતા એટલે કિંમત ન ચુકવે તેને વસ્તુ કે સેવાના લાભથી વંચિત રાખી શકાતા નથી.

પ્રશ્ન 7 – ઉત્પાદનના સાધનોનો અર્થ સમજાવી ઉત્પાદનના સાધનોનો પરિચય આપો.

"તૃષ્ટિગુણનું સર્જન કરવાની પ્રક્રિયાને ઉત્પાદન કહે છે."

"કુદરતી સાધનો અને શ્રમ દ્વારા ચીજવસ્તુ કે સેવામાં તૃષ્ટિગુણ ઉમેરવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન"

<u>ઉદાહરણ</u> – લાકડાના ટુકડાને યંત્ર-ઓજાર દ્વારા ફર્નિચરમાં રૂપાંતર કરવાથી તેમાં તૃષ્ટિગુણ ઉમેરાય છે.

સમય, સ્થળ અને સ્વરૂપ બદલવાથી વસ્તુના તૃષ્ટિગુણમાં કે ઉપયોગીતા ગુણમાં વધારો થતો હોવાથી તે પ્રક્રિયાને ઉત્પાદન પ્રક્રિયા કહે છે અને તૃષ્ટિગુણ સર્જનની પ્રક્રિયામાં જે બાબત કે પરિબળ મદદરૂપ થાય તેને ઉત્પાદનના સાધનો કહે છે.



Devang Sir

➔ ઉત્પાદનના સાધનોનો પરિચય :

(1) જમીન :

સામાન્ય અર્થમાં જમીન એટલે પૃથ્વીની સપાટીનું ઉપલું પડ જેના પર માનવી વસવાટ કરે છે.

પ્રો. માર્શલના મતે વિસ્તૃત અર્થમાં જમીન એટલે ‘મનુષ્યને ઉત્પાદનમાં મદદરૂપ થતા તમામ કુદરતી પરીબળો.’

આ અર્થમાં હવા, પાણી, સુર્યપ્રકાશ, નદી, પર્વત, જંગલો, ખનીજ વગેરેને જમીન કહે છે.

➔ લક્ષણો :

– જમીન એ કુદરતી બક્ષિસ છે. એટલે કે તે માનવસર્જિત નથી.
– જમીન અગતિશીલ છે.
– જમીનની ફળદ્રુપતા અને પ્રકાર અલગ-અલગ હોય છે.
– જમીનને મળતા વળતરને ભાડુ કહે છે.
– જમીનનો કુલ પુરવઠો સ્થિર છે.

(2) શ્રમ :

સામાન્ય અર્થમાં કોઇ પણ પ્રકારનું શારીરિક કાર્ય કે જેમાં થાક લાગે તે શ્રમ છે.

અર્થશાસ્ત્રની પરિભાષામાં ‘અન્ય વ્યક્તિની દેખરેખ હેઠળ વળતરની અપેક્ષા સાથે થતું શારીરિક કે માનસિક કાર્ય એટલે શ્રમ.’ અને તે કાર્ય કરનારને શ્રમિક કહેવાય.

➔ લક્ષણો :

– શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છે.
– દરેક શ્રમિકની કાર્યક્ષમતા જુદી-જુદી હોઇ છે.
– શ્રમ નાશવંત છે એટલે કે તેનો સંગ્રહ થઇ શકતો નથી.
– શ્રમના પુરવઠાનો આધાર વસ્તીના પ્રમાણ પર છે.
– સામાજિક અને માનસિક કારણો શ્રમની ગતિશીલતાને અસર કરે છે.
– શ્રમને મળતા વળતરને વેતન કહે છે.

(3) મુડી :

સામાન્ય અર્થમાં મુડી એટલે સંપત્તિ થાય. પરંતુ મુડી અને સંપત્તિ વચ્ચે મુખ્ય તફાવત એ છે કે સંપત્તિ ઉત્પાદનમાં મદદરૂપ થતી નથી.

‘મુડી એટલે એવી ભૌતિક વસ્તુ જે ઉત્પાદનમાં ઉપયોગી થાય.’

જમીન અને શ્રમ કુદરતી સાધનો છે, જ્યારે મુડી માનવસર્જિત સાધન છે. મુડીને ઉત્પાદનનું ઉત્પાદિત સાધન ગણવામાં આવે છે.

➔ લક્ષણો :

– તે ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે.
– તે અછત ધરાવતું સાધાન છે.
– સૌથી ગતિશીલ સાધન છે.
– મુડીને મળતા વળતરને વ્યાજ કહે છે.

(4) નિયોજન :

સામાન્ય અર્થમાં નિયોજકને વ્યવસ્થાયક(મેનેજર) કહે છે, પરંતુ બંને વચ્ચેનો તફાવત એ છે કે વ્યવસ્થાપક વેતન મેળવતો કર્મચારી છે. જેનું કામ સાધનોની વ્યવસ્થા કરવાનું છે.

‘ઉત્પાદનના સાધનોનું સંયોજન કરનાર એટલે નિયોજક.’

નિયોજક સ્વતંત્ર રીતે જોખમ ઉઠાવે છે. તે ત્રણેય સાધનોને નિશ્ચિત વળતર ચુકવે છતા તેનું જ વળતર નિશ્ચિત નથી.

➔ લક્ષણો :

– તે આર્થિક નિર્ણય કરે છે.

– નિયોજન શક્તિ તેનો ગુણ છે.

– તે જોખમ ઉઠાવે છે.

– તેને મળતું વળતર નફો કહેવાય.

પ્રશ્ન 8 – વ્યાપાર ચક્ર(Trade Cycle) સમજાવો.

અર્થતંત્રમાં આવતા આર્થિક પરિવર્તનોને વ્યાપાર ચક્ર કહે છે.

આવા આર્થિક પરિવર્તનોથી વિવિધ ક્ષેત્રમાં લાભ કે નકારાત્મક અસર થતી હોય છે. અર્થતંત્રમાં વિવિધ બાબતોએ નીતે ઘડતર માટે આવા પરિવર્તનનો અભ્યાસ જરૂરી છે.

➔ વ્યાખ્યા :

હેબરલરની વ્યાખ્યા :

"અર્થતંત્રમાં વારાફરતી આવતા સારા કે ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપારચક્ર."

હોટ્રેની વ્યાખ્યા :

"વ્યાપારમાં સારા કે ખરાબ તબક્કાઓ જે વારાફરતી આવે છે. તેને વ્યાપારચક્ર કહે છે."

પ્રશ્ન 9 – ચક્રાકાર આર્થિક પરિવર્તનોના પ્રકાર જણાવો.

(1) આકસ્મિક આર્થિક પરિવર્તન :

અર્થતંત્રમાં આકસ્મિક કારણે જે આર્થિક પરિવર્તનો આવે છે. તેને આકસ્મિક આર્થિક પરિવર્તનો કહે છે.

દા.ત. – વાવાઝોડું, ધરતીકંપ, પુર કે દુષ્કાળ જેવી અણધારી કુદરતી આપત્તિ આવવાથી અર્થતંત્રમાં આવતા પરિબળો.

આવા પરિવર્તનોને નિયંત્રિત કરવા મુશ્કેલ છે જેની અસર કોઇ એક ભાગ કે ક્ષેત્ર પુરતી હોઇ શકે છે.

(2) મોસમી આર્થિક પરિવર્તનો :

અર્થતંત્રમાં મોસમ(ઋતુ) આધારિત સર્જાતા પરિવર્તનોને મોસમી પરિવર્તન કહે છે.

આ પરિવર્તનથી જુદી-જુદી વસ્તુની માંગ સર્જાતા તે મુજબ ઉપ્તાદન અને રોજગારીમાં પરિવર્તન આવે છે.

દા.ત. – શિયાળામાં ગરમ કપડાની માંગ વધતા તેના ઉત્પાદન સાથે સંકળાયેલા લોકોને વધુ રોજગારી મળે છે.

આવા પરિવર્તનો સમયાંતરે અને ચક્રાકાર રીતે આવતા હોવાથી તેને ઓળખવા સરળ છે.

(3) દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો :

અર્થતંત્રમાં કોઇ ચોક્કસ દિશામાં લાંબા સમય માટે પરિવર્તનની પ્રક્રિયા અસ્તિત્વમાં આવી હોય તો તેને દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો કહે છે.

આવા પરિવર્તનો લાંબાગાળાના હોવાથી તે ચક્રાકાર હોતા નથી અને તે એટલા ધીમા હોય છે કે તેના કારણો શોધવાની જરૂર રહેતી નથી.

Devang Sir

દા.ત. – 1991માં આર્થિક નીતિ અપનાવતા આવેલા પરિણામો.

(4) ચક્રવત આર્થિક પરિવર્તનો :

ચોક્કસ સમયગાળા દરમિયાન ઉદર્વગામી અને અધોગામી જે આર્થિક વલણો સર્જાય તેને ચક્રવત આર્થિક પરિવર્તનો કહે છે.

આ પરિવર્તનો અનિશ્ચિત હોવા છતા તેને ઓળખી શકાય છે.

દા.ત. – મુડીવાદી અર્થતંત્રમાં થતી વ્યાપાર ચક્રની નિયમીત ઘટનાઓ.

પ્રશ્ન 10 – વ્યાપારચક્રના તબક્કાઓ જણાવો.

તેજી (Peak)	ઓટ (Recession)
➔ આ તબક્કામાં વેપારની પ્રવૃતિ ઉચ્ચતમ કક્ષાએ હોવાથી અર્થતંત્રમાં નફાકારકતા વધે છે.	➔ તેજીની પ્રક્રિયાનો અંત થતા ઓટની પ્રક્રિયા શરૂ થાય છે.
➔ ઉત્પાદકો ઉત્પાદન પ્રવૃતિ વધારતા મુડીરોકાણ અને રોજગારીમાં વધારો જોવા મળે છે. આ તબક્કામાં આર્થિક પ્રવૃતિ તેની સર્વોત્તમ કક્ષાએ હોય છે.	➔ તેજી દરમિયાન નફાની અપેક્ષાએ મુડીરોકાણ વધતા સાધનોની માંગ વધે છે. જેથી સાધનોની માંગ વધે છે. જેથી સાધનની કિંમત વધતા ઉત્પાદન ખર્ચ વધે છે.
	➔ બીજી તરફ ગ્રાહકોની માંગ ઘટતા નવા મુડી રોકાણમાં ઘટાડો થાય છે પણ જ્યારે ભાવ ઘટાડો શરૂ થાય ત્યારે તાત્કાલિક ઉત્પાદન ખર્ચ ઘટાડવું શક્ય ન હોવાથી નફામાં ઘટાડો થાય છે અને ખોટની સ્થિતિ સર્જાય જે ઓટ કહેવાય.

મંદી (Depression)	સુધારણા (Expansion)
➔ ઓટથી શરૂ થયેલી પ્રક્રિયા અર્થતંત્રને મંદી તરફ ધકેલે છે.	➔ મંદી દરમિયાન ઉદભવેલા કેટલાક સંજોગોમાં સુધારણાની શરૂઆત થાય છે. અને અર્થતંત્રમાં વ્યાપક નિરાશામાંથી આપમેળે ખરીદી તરફ વળે છે.
➔ માંગમાં ઘટાડો અને પુરવઠામાં વધારો થવાથી છતતી શિતિનું નિર્માણ થતા કિંમત ઘટે છે. જેથી નફામાં ઘટાડો થતા રોજગારી અને મુડીરોકાણ ઘટવા પામે છે.	➔ મંદી દરમિયાન ઉત્પાદન ઘટતા અછત શરૂ થાય છે જેથી વેપારી માંગને પહોચી વળવા નવા ઓર્ડર મુકે છે. જેથી રોજગારી અને મુડીરોકાણમાં વધારો થતા અસરકારક માંગ વધે છે. જેનાથી નફાકારકતા વધતા તે સુધારણાની સ્થિતિ સુચવે છે.
➔ ભવિષ્યમાં કિંમત ઘટાડાની ધારણાથી માંગ અટકી જાય છે જે મંદીનું સુચન કરે છે.	
➔ મંદીના તબક્કામાં ઉત્પાદન, રોજગારી અને આર્થિક પ્રવૃત્તિ તળિયે જાય છે.	

પ્રશ્ન 11 – સંપત્તોનો અર્થ આપી તેના લક્ષણો જણાવો.

1776માં એડમ સ્મિથે ભૌતિક સંપત્તિની વ્યાખ્યા આપી ત્યારથી સંપત્તિના અર્થ અને મહત્વ વિશે ચર્ચા થાય છે.

પ્રો. માર્શલના મતે સંપત્તિની વિસ્તૃત વ્યાખ્યા 'જે વસ્તુમાં ઉપયોગિતા હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય તથા જેના પર વ્યક્તિગત માલિકી થઇ શકે તેમ હોય તેને સંપત્તિ કહે છે.'

➔ **લક્ષણો** :

– તેમાં ઉપયોગિતા ગુણ હોય છે. ઉપયોગિતા ગુણ એટલે માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ. મકાન, ફર્નિચર, સોના, ચાંદીના ઘરેણા વગેરે આપણી જરૂરિયાત સંતોષે છે. તેથી તેને સંપત્તિ કહે છે.

– તેની અછત હોય છે. સંપત્તિમાં અછતનો ગુણ હોવો અનિવાર્ય છે. કારણ કે અછતવાળી વસ્તુ જ વિનિમય મુલ્ય ધરાવે છે. હવા, સુર્યપ્રકાશ જેવી વસ્તુ સર્વસુલભ હોવાથી તે અછત ધરાવતી નથી. માટે તેને સંપત્તિ કહી શકાય નહિ.

– ભૌતિક કે બાહ્યસ્વરૂપ ધરાવે છે. સંપત્તિ દ્રશ્ય અને માપી શકાય તેવી હોવી જોઇએ. ઉપરાંત તે તેના માલિકથી અલગ પાડી શકાય તેવી હોવી જોઇએ. એટલે કે તેનું બાહ્ય સ્વરૂપ હોવું જોઇએ.

વ્યક્તિના વિચાર, બુદ્ધિ, આવડત વગેરે.....

– તેના આંતરિક ગુણ હોવાથી તેને સંપત્તિ કહેવાય નહિ.

– વર્તમાન સમયમાં કોઇ વિચારને નોંધણી કરાવી તેને સંપત્તિ તરીકે રજુ કરવાનો કાયદો સ્વીકારાયો છે. તેથી ચોક્કસ વિચારનું ખરીદ-વેચાણ થઇ શકે છે. વ્યક્તિની વિચારવાની શક્તિ સંપત્તિ નથી પરંતુ તેની વિચારશક્તિના આધારે તૈયાર થયેલી વસ્તુ સંપત્તિ છે.

– વિનિમય પાત્ર હોવી જોઇએ. જે વસ્તુમાં ઉપયોગિતાનો ગુણ હોય, પરંતુ જેનો વિનિમય એટલે કે ખરીદ-વેચાણ શક્ય ન હોય, તેને સંપત્તિ કહેવાય નહિ. વસ્તુમાં વિનિમય ક્ષમતા હોય તો વ્યક્તિની વર્તમાન જરૂરિયાત સાથે ભવિષ્યમાં ઉદભવનારી જરૂરિયાતો સંતોષવા પણ મદદરૂપ થાય છે.

– ટકાઉપણાનો ગુણ, સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોવો જરૂરી છે. એટલે કે જે વસ્તુ નાશવંત છે તેને સંપત્તિ કહેવાય નહિ.

– વર્તમાન સમયમાં નાશવંત વસ્તુનો જથ્થો કોલ્ડ સ્ટોરેજ દ્વારા લાંબા સમય સુધી સાચવવાની વ્યવસ્થા શોધતા તે સંપત્તિ ગણાય છે.

પ્રશ્ન 12 – સંપત્તિના પ્રકારો જણાવો.

(1) વ્યક્તિગત સંપત્તિ અને સામાજીક સંપત્તિ

જે સંપત્તિની માલિકી અને વપરાશ વ્યક્તિગત હોય તેને વ્યક્તિગત સંપત્તિ કહે છે.

દા.ત. – મકાન, જમીન વગેરે.....

જે સંપત્તિની માલિકી અને વપરાશ કોઇ એક વ્યક્તિ કે કુટુંબની નહિ પરંતુ સમગ્ર સમાજ કે સમુહના હોય તેને સામાજીક સંપત્તિ કહે છે.

દા.ત. – જાહેર રસ્તા, બાગ-બગીચા વગેરે.....

(2) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ :

જે સંપત્તિની માલિકી કોઇ એક રાષ્ટ્રની હોય તેને રાષ્ટ્રીય સંપત્તિ કહે છે.

દા.ત. – દેશમાં આવેલા નદી, પર્વત, જાહેર રસ્તા, ઐતિહાસિક મિલકતો.

જે સંપત્તિની માલિકી અને વપરાશ કરવાનો હક કોઇ એક દેશને બદલે સમગ્ર વિશ્વના દેશોનો હોય તેને આંતરરાષ્ટ્રીય સંપત્તિ કહે છે.

દા.ત. – વૈશ્વિક કાયદા દ્વારા નક્કી કરેલી જળસીમાંથી બહારની જળસંપત્તિ આંતરરાષ્ટ્રીય સંપત્તિ છે.

પ્રશ્ન 13 – વ્યાપાર ચક્રના લક્ષણો જણાવો.

– અર્થતંત્રમાં આર્થિક ઉથલપાથલ થાય છે.
– સારા અને ખરાબ એવા બે વ્યાપાર તબક્કા જોવા મળે છે.
– મુળભુત રીતે અર્થતંત્રમાં વપરાશને પરિણામે ઉદભવતી માંગના પરિવર્તનો છે.
– વ્યાપાર ચક્રીય ઉથલ-પાથલ સરખા સમયાંતરે ઉદભવતી નથી.

પ્રશ્ન 14 – કલ્યાણ એટલે શું ? સમજાવો.

કલ્યાણ એટલે સારી સ્થિતિ કે પરિસ્થિતિમાં સુધારો.

આર્થિક રીતે કહીએ તો ભૌતિક જીવનધોરણમાં સુધારો થાય અને વધુ સારી સ્થિતિનું નિર્માણ.

અર્થશાસ્ત્રમાં કલ્યાણના બે પ્રકાર છે :

(1) વ્યક્તિગત કલ્યાણ

(2) સામુહિક કલ્યાણ

અર્થશાસ્ત્રમાં માત્ર સામુહિક કલ્યાણનો જ વિચાર થાય છે. તેમજ કલ્યાણને કાયમી ધોરણો સાથે સંબંધ છે. તેમજ કલ્યાણને આર્થિક પરિસ્થિતિમાં માપી શકાય તેવા સુધારા સાથે એટલે કે ગુણાત્મક પરિવર્તન સાથે સંબંધ છે. કલ્યાણને આવકવૃદ્ધિ કરતા આવકની યોગ્ય વહેંચણી સાથે સંબંધ છે.

કલ્યાણ આર્થિક વિકાસ સાથે સંકળાયેલી બાબત છે.

પ્રશ્ન 15 – સંપત્તિ અને કલ્યાણ વચ્ચેનો સંબંધ જણાવો.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વ્યક્તિની સંપત્તિમાં વધારો થતા તેના કલ્યાણમાં વધારો થાય છે. તેવી જ રીતે દેશની સંપત્તિમાં વધારો થતા દેશાના લોકોનું કલ્યાણ થાય છે. આ બાબત વ્યક્તિ માટે સાચી હોઇ શકે પરંતુ દેશ માટે સાચી નથી. કારણ કે જો દેશની સંપત્તિમાં વધારો થાય પણ તે થોડા ધનિક વર્ગના હાથમાં જ કેન્દ્રિત થતા દેશમાં બધા લોકોનું કલ્યાણ થતું નથી.

કલ્યાણને સામાજીક અને સાંસ્કૃતિક મુલ્ય સાથે જોડવામાં આવે તો પણ કલ્યાણ અને સંપત્તિનો સીધો સંબંધ માપી શકાતો નથી. કારણ કે અર્થશાસ્ત્ર નૈતિક મુલ્ય માપી શકાતું નથી.

જો માત્ર ભૌતિક કલ્યાણનો જ વિચાર કરવામાં આવે તો દેશની આવકમાં વધારો થવા સાથે કલ્યાણને આવકની સમાન વહેંચણી સાથે સંબંધ છે.

• • •

પાઠ 3. માંગ

પ્રશ્ન 1 – માંગનો અર્થ આપો.

સામાન્ય ભાષામાં કોઇ પણ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઇચ્છાને માંગ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ અર્થશાસ્ત્રની પરિભાષામાં ઇચ્છા અને માંગ વચ્ચે તફાવત છે. ઇચ્છા એ માંગનું કેન્દ્રબિંદુ છે. પરંતુ બધી ઇચ્છા માંગ કહેવાતી નથી.

અર્થશાસ્ત્રની પરિભાષામાં કોઇ ચોક્કસ સમય અને કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તૈયારીને જે-તે વસ્તુની માંગ કહે છે.

Devang Sir

પ્રશ્ન 2 – માંગ વિધેય એટલે શું ?

બે કે વધુ પરિબળ વચ્ચેના કારણ અને અસરના સંબંધને વિધેય કહે છે. માંગનું વિધેય જે-તે વસ્તુ અને સેવાની માંગ અને તેને અસરકર્તા પરિબળોનું કાર્યકારણ સંબંધ રજુ કરે છે. જે નીચેના સમીકરણ દ્વારા દર્શાવી શકાય.

$$D_x = f(P_x, P_y, P_e, T, Y, U)$$
$D_x = Demand\ of\ "x"$
$f = Sing\ of\ Function$
$P_x = Price\ of\ "x"$
$P_y = Price\ of\ "y"$
$P_e = expected\ future\ price$
$T = Teaot\ and\ Preferance$
$Y = Income\ of\ consumer$
$U = other\ factor$

પ્રશ્ન 3 – માંગનો નિયમ આકૃત્તિ અને અનુસુચિ દ્વારા સમજાવો.

વસ્તુની કિંમતને અને માંગ વચ્ચેના સંબંધની સમજુતી આપતા નિયમને માંગનો નિયમ કહે છે. જે આલ્ફ્રેડ માર્શલે રજુ કર્યો હતો.

‘અન્ય પરિબળ પથાવત રહે તો વસ્તુની કિંમત ઘટતા માંગનું વિસ્તરણ થાય છે. જ્યારે કિંમત વધારતા માંગનું સંકોચન થાય છે.’ આમ વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

➔ ધારણા :

માંગનો નિયમ કિંમત સિવાયના માંગને અસરકર્તા પરિબળો સ્થિર રહે છે. તેવી ધારણા પર નક્કી થાય છે.

1. ગ્રાહકની અભિરૂચિ અને પસંદગી સ્થિર રહે છે.
2. અવેજી અને પુરક વસ્તુના ભાવ બદલાતા નથી.
3. ગ્રાહકની આવક સ્થિર રહે છે.
4. ભવિષ્યના ભાવની અટકળનો અભાવ છે.
5. વસ્તીનું પ્રામાણ સ્થિર રહે છે.

➔ <u>અનુસૂચિ</u> :

કોઇ એક ગ્રાહક કોઇ ચોક્કસ સમયે જુદી-જુદી કિંમતે વસ્તુના કેટલા એકમ ખરીદવાની તૈયારી કરે તે દર્શાવતી યાદીને માંગની અનુસૂચિ કહે છે.

બિંદુ	બજારકિંમત	બજારમાંગ
A	50 ₹	100
B	40 ₹	200
C	30 ₹	300
D	20 ₹	400
E	10 ₹	500

Devang Sir



આકૃતિમાં x – ધરી પર વસ્તુની માંગ અને y – ધરી પર વસ્તુની કિંમત દર્શાવી છે. અનુસુચિ મુજબ આકૃતિ દોરતા a,b,c,d,e, બિંદુ પ્રાપ્ત થાય છે. જેને જોડતા DD માંગરેખા પ્રાપ્ત થાય છે.

આકૃતિમાં a બિંદુ દર્શાવે છે કે 50 ₹ કિંમતે 100 એકમની માંગ હતી. b બિંદુ દર્શાવે છે કે 40 ₹ કિંમતે 200 એકમની માંગ હતી. જ્યારે e બિંદુ દર્શાવે છે કે 10 ₹ કિંમતે 500 એકમ માંગ હતી.

આમ, પ્રાપ્ત થતા તમામ બિંદુઓને જોડતા માંગરેખા મળે છે. જે ડાબી બાજુ ઉપર તરફથી જમણી બાજુ નીચે તરફ ગતિ કરે છે. એટલે કે ઋણ ઢાળ ધરાવે છે.

પ્રશ્ન 4 – માંગને અસરકર્તા વિવિધ પરિબળો સમજાવો.

- **માંગને અસરકર્તા વિવિધ પરિબળો**
  - મુખ્ય પરિબળ
    - (1) વસ્તુ કિંમત (P_x)
  - ગૌણ પરિબળ
    - (1) સંબંધિત વસ્તુની કિંમત (P_y)
      - અવેજી વસ્તુની કિંમત & પુરક વસ્તુની કિંમત
    - (2) ભવિષ્યના ભાવની અટકળો (P_e)
    - (3) વ્યક્તિની અભિરૂચી & પસંદગી (T)
    - (4) વ્યક્તિની આવક (Y)
    - (5) વસ્તી અને વસ્તીવયજુથ (V)

➔ મુખ્ય પરિબળ :

(1) વસ્તુની કિંમત :

વસ્તુની કિંમત વસ્તુની માંગને અસરકરતી સૌથી અગત્યનું પરિબળ છે, કારણ કે વસ્તુની કિંમત વધતા વસ્તુ મોંઘી બને. પરિણામે માંગનું સંકોચન થાય છે. એનાથી વિરૂદ્ધ વસ્તુની કિંમત ઘટતા વસ્તુ સસ્તી બને પરિણામે માંગનું વિસ્તરણ થાય છે. આમ વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્તરૂપે સંબંધ છે.

➔ ગૌણ પરિબળ :

(1) સંબંધિત વસ્તુની કિંમત :

સામાન્ય રીતે વસ્તુ અન્ય વસ્તુ સાથે અવેજી કે પુરકતાના સંબંધથી જોડાયેલી હોય છે. આવી સંબંધીત વસ્તુની કિંમતમાં ફેરફાર થતા વસ્તુની માંગ પર અસર થાય છે.

(i) અવેજી વસ્તુની કિંમત :

એક વસ્તુના સ્થાને બીજી વસ્તુ જરૂરિયાત સંતોષવા માટે વાપરી શકાતી હોય તો તેવી વસ્તુને અવેજી વસ્તુ કહે છે.

<u>દા.ત.</u> – બે જુદી-જુદી કંપનીના ટી.વી. કે ફ્રિજ.....

મુળ વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય અને તેની અવેજી વસ્તુની કિંમત ઘટે તો અવેજી વસ્તુ સસ્તી બનતા તેની માંગ વધે અને મુળ વસ્તુની માંગ ઘટે છે.

(ii) પુરક વસ્તુની કિંમત :

પુરક વસ્તુ એટલે જે-તે વસ્તુનો ઉપયોગ કરતા માટે જરૂરી એવી બીજી વસ્તુ.

<u>દા.ત.</u> – ગાડી અને પ્રેટ્રોલ.....

મુળ વસ્તુની કિંમતમાં ફેરફાર ન થાય પણ પુરક વસ્તુની કિંમત વધે તો મુળ વસ્તુ અને પુરક વસ્તુ બંને એકબીજાથી જોડાયેલા હોવાથી પુરક વસ્તુ મોંઘી બનતા મુળવસ્તુની માંગ ઘટે છે.

(2) ભવિષ્યના ભાવની અટકળો :

ભવિષ્યમાં વસ્તુના ભાવ અંગેની અટકળો(ધારણા) વર્તમાનમાં વસ્તુની માંગને અસર કરે છે. જો ભવિષ્યમાં ભાવવધારાની ધારણા હોય તો વર્તમાનમાં લોકો ખરીદી વધારતા માંગ વધે છે, પરંતુ ભવિષ્યમાં

Devang Sir

ભાવ ઘટવાની ધારણા હોય તો વર્તમાનમાં ખરીદી અટકાવી, ભવિષ્યમાં ઓછા ભાવે ખરીદીની ગણતરી મુકતા માંગ ઘટે છે.

(3) વ્યક્તિની અભિરૂચિ અને પસંદગી :

વ્યક્તિની અભિરૂચિ અને પસંદગી વસ્તુની માંગ પર અસર કરે છે. વ્યક્તિનો ગમો, અણગમો, શોખ-પસંદગી વસ્તુની માંગ પર અસર કરે છે.

દા.ત. – નાના બાળકોની અભિરૂચિ-પસંદગી રમકડામાં હોય જ્યારે પુખ્યવયના વ્યક્તિમાં પસંદગી બદલાવ છે.

(4) વ્યક્તિની આવક :

વ્યક્તિની આવક અને વસ્તુની માંગ વચ્ચે સીધો સંબંધ છે. ગ્રાહકની આવક વધતા, તેની ખરીદ શક્તિ વધતા માંગ વધે છે. અને આવક ઘટતા ખરીદ શક્તિ ઘટે જેથી માંગ ઘટે છે.

નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ અપવાદરૂપ હોવાથી વ્યક્તિની આવક વધવા છતા તેની માંગ વધતી નથી.

(5) વસ્તી અને વસ્તીનું વયજુથ :

વસ્તીનું કદ અને વયજુથનું પ્રમાણ બદલાતા માંગમાં ફેરફાર થાય છે. માંગનો આધાર ગ્રાહકની સંખ્યા ઉપર છે. અને ગ્રાહકની સંખ્યા વસ્તીના કદ પર આધારિત છે.

દા.ત. – વસ્તીનું કદ વધતા અનાજની માંગ વધે છે.

દેશની કુલ વસ્તીના વયજુથમાં ફેરફાર થાય તો જુદી-જુદી વસ્તુની માંગમાં ફેરફાર થાય છે.

દા.ત. – કુલ વસ્તીમાં બાળકોનું પ્રમાણ વધે તો રમકડા જેવી વસ્તુની માંગ વધે.

પ્રશ્ન 5 – વ્યક્તિગત માંગ અને બજાર માંગની સમજુતી આકૃતી સહિત આપો.

વ્યક્તિગત માંગ	બજાર માંગ
➔ ચોક્કસ સમય દરમિયાન ગ્રાહક દ્વારા બજારમાં જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગને વ્યક્તિગત માંગ કહે છે.	➔ બજારના તમામ ગ્રાહકો દ્વારા જુદી-જુદી કિંમતે થતી વસ્તુની માંગના સરવાળાને બજાર માંગ કહે છે.
➔ વ્યક્તિગત માંગનો ખ્યાલ સંકુચિત હોવાથી આર્થિક વિશ્લેષણ માટે ઉપયોગી નથી.	➔ બજાર માંગનો ખ્યાલ વિસ્તૃત હોવાથી આ વિશ્લેષણમાં ઉપયોગી છે.

કિંમત	મોન્ટુની માંગ	પિન્ટુની માંગ	ચિન્ટુની માંગ	બજાર માંગ
10 ₹	1	2	3	6
8 ₹	2	3	4	9
6 ₹	3	4	5	12
4 ₹	4	5	6	15
2 ₹	5	6	7	18

➔ વ્યક્તિગત માંગ રેખા(A) :



➔ વ્યક્તિગત માંગ રેખા(B) :



➔ વ્યક્તિગત માંગ રેખા(C) :



➔ બજારમાંગની આકૃતિ :



પ્રશ્ન 6 – માંગનું વિસ્તરણ-સંકોચન અને વધારો-ઘટાડો સમજાવો.

અન્ય પરિબળ યથાવત રહે અને વસ્તુની કિંમત ઘટતા માંગમાં વધારો થાય તેને માંગનું વિસ્તરણ અને કિંમત વધતા માંગમાં ઘટાડો થાય તેને માંગનું સંકોચન કહે છે.

જે કિંમતના ફેરફાર પર આધારિત છે.

➔ <u>અનુસુચિ</u> :

બિંદુ	બજારકિંમત	બજારમાંગ
a	50 ₹	100
b	40 ₹	200
C	30 ₹	300
D	20 ₹	400
E	10 ₹	500



અનુસુચિમાં દર્શાવ્યા પ્રમાણે વસ્તુની કિંમય 30₹ હોય અને ઘટીને 10₹ થાય તો વસ્તુની માંગ 300 એકમથી વધી 500 એકમ થાય. જેથી સમતુલા બિંદુ c થી e તરફ માંગનું વિસ્તરણ દર્શાવે છે.

વસ્તુની કિંમત 30₹ થી વધીને 50₹ થાય તો માંગ 300 એકમથી ઘટીને 100 એકમનો થીય છે. બિંદુ C થી A તરફના ફેરફાર માંગનું સંકોચન દર્શાવે છે.

માંગ વિસ્તરણ મુળબિંદુથી નીચે તરફ અને સંકોચન મુળબિંદુથી ઉપર તરફ એક જ માંગ રેખા પર જોવા મળે છે.

➔ માંગમાં વધારો-ઘટાડો :

કિંમત યથાવત રહે અને અન્ય પરિબળનાં ફેરફારને કારણે માંગમાં વધે તેને માંગ વધારો અને માંગ ઘટે તો તેને માંગમાં ઘટાડો કહે છે.

Devang Sir

ઘટાડો { ઘટે – ગ્રાહકની આવક – વધે
ઘટે – વસ્તી વયજુથ – વધે
વિરૂદ્ધ – પસંદગી અભિરૂચિ – તરફેણ
ઘટવાના – ભવિષ્યના ભાવ – વધવાના } વધારો



વસ્તુની કિંમત ₹30 સ્થિર રહે અને અન્ય પરિબળ પ્રેરિત માંગ વધીને 300 એકમની 500 એકમ થાય તો તે માંગનો વધારો દર્શાવે છે. જ્યાં D_1-D_1 માંગરેખા અસ્તિત્વમાં આવે છે.

વસ્તુની કિંમત ₹30 હોય અને અન્ય પરિબળ પ્રેરિત માંગ ઘટીને 300 થી 100 એકમ થાય તો તે માંગનો ઘટાડો દર્શાવે. જ્યાં D_2-D_2 માંગરેખા અસ્તિત્વમાં આવે છે.

માંગ વધારો થતા માંગરેખા મુળ માંગ રેખાથી જમણી તરફ જ્યારે માંગ ઘટાડો થતા માંગરેખા મુળ માંગરેખાથી ડાબી તરફ સ્થાન બદલે છે. એટલે કે એક કરતા વધુ માંગરેખા જોવા મળે છે.

પ્રશ્ન 7 – આવક અસર અને અવેજી અસરનો અર્થ આપો.

➔ આવક અસર :

કિંમત ઘટતા ગ્રાહકની ખરીદશક્તિમાં વધારો થાય છે. જેથી માંગ વધે છે તેને આવક અસર કહે છે.

ગ્રાહકની નાણાકીય આવક સ્થિર અને વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો ગ્રાહકની ખરીદશક્તિ વધવા પામે છે. જેની ગ્રાહકની વાસ્તવિક આવક વધે છે. વાસ્તવિક આવક એટલે વસ્તુ કે સેવાના સંદર્ભમાં રજુ થતી આવક.

ગ્રાહક 25₹ કિલોના ભાવે 4 કિલો અનાજ ખરીદવા ₹100 ખર્ચવા તૈયાર હોય પણ અનાજની કિંમત ઘટીને ₹20 કિલો થાય તો તે એક કિલો અનાજ વધુ ખરીદી શકે છે.

સાવ હલકા પ્રકારની વસ્તુની બાબતમાં આવક અસર નકારાત્મક હોય છે.

➔ અવેજી અસર :

કોઇ એક મુળ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય ત્યારે તેની અવેજી વસ્તુની તુલનામાં તે સસ્તી બને છે તેથી ગ્રાહક અવેજી વસ્તુની માંગ ઘટાડી મુળ વસ્તુની માંગ વધારે તેને અવેજી અસર કહે છે.

ફોર્મલ પેન્ટ અને જીન્સ બંને એકબીજાની અવેજી વસ્તુ છે. જો જીન્સ પેન્ટની કિંમત ઘટે ત્યારે તેની અવેજી ફોર્મલ પેન્ટની કિંમત સ્થિર રહે તો ગ્રાહકને જીન્સ પેન્ટ સસ્તી લાગતા તે તેની માંગ વધારે છે.

પ્રશ્ન 8 – માંગના નિયમના અપવાદ સમજાવો.

જ્યારે કોઇ બાબત સામાન્ય સંજોગમાં નિયમની વિરૂદ્ધ જાય ત્યારે તેને અપવાદ કહે છે. માંગના નિયમના અપવાદો નીચે મુજબ દર્શાવે શકાય.

(1) ગ્રાહકની પસંદગી :

ગ્રાહક જ્યારે અમુક વસ્તુ માટે પુર્વગ્રહ ધરાવતું હોય ત્યારે તેની કિંમત વધવા કે ઘટવા છતા તે વસ્તુની માંગ પર કોઇ અસર થતી નથી.

દા.ત. – અમુક ચોક્કસ પ્રકારનું ટુથપેસ્ટ, નાહવાનો સાબુ, સિગારેટ વગેરે.....

(2) અંત્યત સસ્તી વસ્તુ :

મીઠુ, દીવાસળી, ટાંકણી, સ્ટેપલર પીન વગેરે અત્યંત સસ્તી વસ્તુ હોવાથી તેને માંગનો નિયમ લાગુ પડતો નથી કારણ કે આવી વસ્તુની કિંમતમાં ફેરફાર થવા છતા ગ્રાહકના ખર્ચવા પાત્ર નાણા પર કોઇ ખાસ અસર પડતી નથી. તેથી માંગ મોટેભાગે આવી વસ્તુ માટે સ્થિર રહે છે.

(3) હલકા પ્રકારની વસ્તુ :

બાસમતી ચોખાની તુલનામાં સાદા ચોખા, ચોખ્ખા ઘીની તુલનામાં વનસ્પતિ ઘી જેવી હલકી ગુણવત્તાવાળી વસ્તુને માંગનો નિયમ લાગુ પડતો નથી. આ વસ્તુ તરફ સૌપ્રથમ ધ્યાન ઇંગ્લેંડના અર્થશાસ્ત્રી સર રોબર્ટ ગીફને દોર્યુ હતુ. તેથી હલકી અથવા નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુને ગીફન વસ્તુ કહે છે.

આવી વસ્તુ ગ્રાહક નબળી આર્થિક સ્થિતિને કારણે વાપરતો હોય છે. જો આવી વસ્તુની કિંમત ઘટે તો ગ્રાહકની વાસ્તવિક આવક વધતા ગ્રાહક તેની અવેજીમાં વપરાતી સારી ગુણવતાવાળી વસ્તુની માંગ વધારે છે.

દા.ત. – જુવાર જેવી વસ્તુની કિંમત ઘટતા ગ્રાહકની વાસ્તવિક આવક વધવાથી જુવારના સ્થાને માંગ ગ્રાહક વધારશે.

(4) પ્રતિષ્ઠામુલ્ય ધરાવતી વસ્તુ :

હિરા, મોતી, માણેક, સોનાના ઘરેણા, મોંઘી કાર જેવી પ્રતિષ્ઠામુલ્ય ધરાવતી વસ્તુમાં માંગનો નિયમ લાગુ પડતો નથી. કારણ કે આવી વસ્તુની કિંમત વધાતા ધનિક વર્ગ પોતાની પ્રતિષ્ઠા વધારવા આ વસ્તુની માંગ વધારે છે. જ્યારે આવી વસ્તુની કિંમત ઘટે તો તેનું પ્રતિષ્ઠામુલ્ય ઘટતું હોવાથી ધનિક વર્ગ તેની માંગ ઘટાડે છે.

પ્રશ્ન 9 – માંગની સાપેક્ષતા જણાવો.

માંગની સાપેક્ષતાને અંગ્રેજીમાં Elasticity of Demand કહે છે. માટે તેને સંજ્ઞામાં ‘ e / E ’ તરીકે દર્શાવાય છે.

માંગ એ કિંમતના ફેરફારના કારણે બદલાતી હોવાથી તેને આધારિત પરિબળ ગણવામાં આવે છે. જે સ્વતંત્ર પરિબળ નથી.

પ્રશ્ન 10 – માંગની મુલ્ય સાપેક્ષતા સમજાવો.

માંગનો નિયમ વસ્તુની કિંમતમાં થતો ફેરફાર દર્શાવી શકે છે. પરંતુ માંગમાં કેટલો ફેરફાર થયો તે દર્શાવી શકાતું નથી. માંગના નિયમની આ મર્યાદા દુર કરવા પ્રો. માર્શલે માંગની મુલ્ય સાપેક્ષતાનો ખ્યાલ રજુ કર્યો છે.

➔ અર્થ :

‘માંગની મુલ્ય સાપેક્ષતા એ વસ્તુની કિંમતમાં થતા ફેરફાર અને પરિણામે વસ્તુની માંગમાં થતા ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ ધરાવે છે.’

‘વસ્તુની કિંમતમાં થતા ફેરફારને કારણે માંગમાં થતા ફેરફારનું માપ અથવા ગુણોત્તર.’

➔ સુત્ર :

$$\text{માંગની મુલ્ય સાપેક્ષતા} = \frac{x \text{ વસ્તુની માંગનો ટકામાં ફેરફાર}}{x \text{ વસ્તુની કિંમતનો ટકામાં ફેરફાર}}$$

પ્રશ્ન 11 – માંગની મુલ્ય સાપેક્ષતાના પ્રકારો જણાવો.

(A) મુલ્ય સાપેક્ષમાંગ : (Ep>1)



વસ્તુની કિંમતના ફેરફાર કરતા વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તેને મુલ્ય સાપેક્ષ માંગ કહે છે.

સુત્ર : $\frac{6\,\%}{2\,\%} = 3 > 1$ હંમેશા તેનું મુલ્ય 1 થી વધુ હોય છે.

મોજશોખની વસ્તુ, આરામદાયક અને મનોરંજનની વસ્તુની સાથે આ પ્રકારો હોય છે.

(B) મુલ્ય અનપેક્ષ માંગ : (Ep<1)



વસ્તુની કિંમતના ફેરફાર કરતા વસ્તુની માંગનો ટકા ફેરફાર ઓછો હોય તો તેને અનપેક્ષ માંગ કહે છે.

સુત્ર : $\frac{25\ \%}{50\ \%}$ = 0.5% < 1 હંમેશા તેનું મુલ્ય 1 કરતા ઓછું હોય છે.

જીવનજરૂરી વસ્તુની મુલ્ય સાથે આ પ્રકારની હોય છે.

Devang Sir

(C) એકમ મુલ્યસાપેક્ષ માંગ : (Ep=1)



વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર એકસમાન હોય તો તેને એકમ મુલ્ય સાપેક્ષ માંગ કહે છે.

સુત્ર : $\frac{50\ \%}{50\ \%}$ = 1 હંમેશા તેનું મુલ્ય 1 હોય છે.

(D) સંપુર્ણ મુલ્યસાપેક્ષ માંગ : (Ep = ∝)



જ્યારે વસ્તુની કિંમત સજીવો / સામાન્ય ફેરફાર થતા વસ્તુની માંગમાં અમાપ કે અનંત ફેરફાર થાય તો તેને સંપુર્ણ મુલ્ય સાપેક્ષ માંગ કહે છે.

સુત્ર : $\frac{\propto}{10\ \%} = \propto$ તેનું મુલ્ય હંમેશા અમાપ મળે છે.

માંગરેખા આડી ધરી x ને સમાંતર હોય. આવા પ્રકારની માંગ વાસ્તવમાં અસ્તિત્વ ધરાવતી નથી, પરંતુ પુર્ણ હરિફાઇવાળા બજારની સમજુતી આપવા આ ખ્યાલ જરૂરી છે.

(E) સંપુર્ણ મુલ્ય અનપેક્ષ માંગ : (Ep = 0)



વસ્તુની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થતા છતા તેની માંગમાં બિલકુલ ફેરફાર ન થાય તેને સંપુર્ણ મુલ્ય અનપેક્ષ માંગ કહે છે.

સુત્ર : $\frac{0}{10\,\%} = 0$ તેનું મુલ્ય હંમેશા શુન્ય મળે છે.

માંગરેખા ઊભી ધરી y ને સમાંતર હોય છે.

પ્રશ્ન 12 – માંગની પ્રતિમુલ્ય સાપેક્ષતાનો ખ્યાલ આપો.

વસ્તુઓ એકબીજાની અવેજી કે પુરકતા દ્વારા જોડાયેલી હોય છે.

‘અન્ય પરિબળ યથાવત રહેતા સંબંધિત વસ્તુની કિંમતના ફેરફારને કારણે મુળવસ્તુની માંગમાં થતા ફેરફારના ગુણોત્તરને માંગની પ્રતિમુલ્ય સાપેક્ષતા કહે છે.’

એક વસ્તુની કિંમતમાં ફેરફાર થતા બીજી વસ્તુની માંગ પર કેવી અસર થાય છે તે માપવા પ્રતિમુલ્ય સાપેક્ષતાનો ખ્યાલ રજુ થાય છે.

સુત્ર : માંગની પ્રતિમુલ્ય સાપેક્ષતા = $\frac{x \text{ વસ્તુની માંગમાં થતો ટકા ફેરફાર}}{y \text{ વસ્તુની કિંમતમાં થતો ટકા ફેરફાર}}$

અવેજી વસ્તુ માટે પ્રતિમુલ્ય સાપેક્ષતા ધન જ્યારે પુરક વસ્તુ માટે પ્રતિમુલ્ય સાપેક્ષતા ઋણ અને સ્વતંત્ર વસ્તુ માટે પ્રતિમુલ્ય સાપેક્ષતા શુન્ય હોય છે.

➔ માંગની આવક મુલ્ય સાપેક્ષતા :

વ્યક્તિની આવકના ટકાવારી ફેરફાર અને માંગમાં થતા ટકાવારી ફેરફારના ગુણોત્તરનું માપ એટલે માંગની આવક મુલ્ય સાપેક્ષતા.

સુત્ર : માંગની આવક સાપેક્ષતા(E_y) = $\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વ્યક્તિની આવકમાં થતો ટકાવારી ફેરફાર}}$

➔ માંગની આવક સાપેક્ષતાના પ્રકારો :

- માંગની આવક સાપેક્ષતા
  - હકારાત્મક આવક સાપેક્ષતા
    - એકમ આવક સાપેક્ષતા ($E_y = 1$)
    - એકમથી વધુ આવકસાપેક્ષતા ($E_y > 1$)
    - એકમથી ઓછી આવકસાપેક્ષતા ($E_y < 1$)
  - નકારાત્મક આવક સાપેક્ષતા
  - શુન્ય આવક સાપેક્ષતા

Devang Sir

(A) હકારાત્મક આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં વધારો થતા માંગનો વધારો થાય અથવા આવકમાં ઘટાડો થાય તેને હકારાત્મક આવક સાપેક્ષતા કહે છે.

હકારાત્મક આવક સાપેક્ષતાના પેટાપ્રકાર

(1) એકમ આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં થતો ફેરફાર અને માંગમાં થતો ફેરફાર એકસમાન હોય તેને એકમ આવક સાપેક્ષતા કહે છે. જેનુ મુલ્ય 1 મળે.

(2) એકમથી વધુ આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં થતો ફેરફાર વસ્તુની માંગમાં થતા ફેરફાર કરતા ઓછો હોય તેને એકમથી વધુ આવક સાપેક્ષતા કહે છે. જેનું મુલ્ય 1 થી વધુ મળે છે.

(3) એકમથી ઓછી આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં થતો ફેરફાર વસ્તુની માંગમાં થતા ફેરફાર કરતા વધુ હોય તેને એકમથી ઓછી આવક સાપેક્ષતા કહે છે.

(B) નકારાત્મક આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં વધારો થતા વસ્તુની માંગ વધે અથવા વ્યક્તિની આવકમાં ઘટાડો થતા વસ્તુની માંગ વધે તેને નકારાત્મક આવક સાપેક્ષતા કહે છે.

વનસ્પતિ ઘી, બાજરી, બરફી, કાપડ જેવી હલકા પ્રકારની વસ્તુની આવક સાપેક્ષતા નકારાત્મક હોય છે.

(C) શુન્ય આવક સાપેક્ષતા :

વ્યક્તિની આવકમાં ફેરફાર થાય પરંતુ વસ્તુની માંગમાં કોઇ જ ફેરફાર ન થાય તેને શુન્ય આવક સાપેક્ષ માંગ કહેવાય.

દીવાસળી, ટાંચણી, મીઠું, સ્ટેપલર પીન જેવી અંત્યત સસ્તી વસ્તુની માંગ આ પ્રકારની સાપેક્ષતા ધરાવે છે.

પ્રશ્ન 13 – માંગની મુલ્ય સાપેક્ષતા માપવાની કેટલી પદ્ધતિ છે ? કઇ કઇ ?

➔ માંગની મુલ્ય સાપેક્ષતા માપવાની ત્રણ જુદી જુદી પદ્ધતિ છે. જે નીચે મુજબ છે.

(1) ગુણોત્તરની રીત

(2) કુલ ખર્ચની રીત

(3) ભૌમિતિક રીત

• • •

પાઠ 4. પુરવઠો

➔ **પ્રસ્તાવના :**

બજાર આધારિત અર્થતંત્રમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા માટે માંગ અને પુરવઠાના પરિબળો મહત્વના છે.

વસ્તુની માંગને સમજવા માટે પુરવઠો સમજવો જરૂરી છે. વસ્તુની માંગમાં જેમ ફેરફાર થાય તેમ તેના પુરવઠામાં ફેરફાર થાય છે.

➔ પુરવઠા અને જથ્થાનો અર્થ :

સામાન્ય ભાષામાં ઉત્પાદન, જથ્થો અને પુરવઠો અર્થશાસ્ત્રની પરિભાષા એ ત્રણેય શબ્દ વચ્ચે તફાવત છે.

➔ ઉત્પાદન :

ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધન દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહે છે.

➔ પુરવઠો :

ચોક્કસ સમય અને કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છાશક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

➔ જથ્થો :

વસ્તુના કુલ એકમ વેચાણ એટલે જથ્થો.

પ્રશ્ન 1 – તફાવત લખો : જથ્થો અને પુરવઠો.

(1) જથ્થો :

વસ્તુના કુલ વેચાણક્ષમ એકમનું પ્રમાણ ઉત્પાદક પાસે ઉપલબ્ધ તમામ એકમ જે પ્રવર્તમાન કિંમતે વેચાણની હોય કે ન હોય તે જથ્થો છે.

જથ્થામાં ઉત્પાદીત વસ્તુ ઉપરાંત ભુતકાળમાં ઉત્પાદીત કરેલ વસ્તુનો સ્ટોક પડ્યો હોય તેનો પણ સમાવેશ થાય છે.

(2) પુરવઠો :

જ્યારે ચોક્કસ સમય અને કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

કોઇ પણ વસ્તુનો જથ્થો ઉત્પાદક વસ્તુ વેચવાની શક્તિ દર્શાવે છે. જ્યારે કોઇ પણ વસ્તુનો પુરવઠો ઉત્પાદક વસ્તુ વેચવાની તૈયારી છે.

Devang Sir

જથ્થા કુલ પુરવઠો વધુ હોય એટલે કે પુરવઠો જથ્થા કરતા ઓછો હોઇ શકે. કારણ કે આગાહીના ઉત્પાદનમાંથી વહેંચાયેલા એકમો પણ જથ્થાના સમષ્ટિ છે.

પ્રશ્ન 2 – પુરવઠાની વ્યાખ્યા સમજાવો.

જુદી-જુદી કિંમતે ચોક્કસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો ઉત્પાદનનું જે ભાગ વેચવા માટે તૈયાર હોય તેને પુરવઠો કહેવાય.

અર્થશાસ્ત્રમાં પુરવઠો સમજવા કેટલાક પરિબળો સમજવા જરૂરી છે.

A) વેચાવાની તૈયારી :

વેપારી કે ઉત્પાદક પાસે વસ્તુનો જથ્થો હોય તો તેને પુરવઠો કહેવાતો નથી. વર્તમાન કિંમતે ઉત્પાદક જે ભાગ વેચવા તૈયાર થાય તેને જ પુરવઠો કહે છે.

B) વેચવાની શક્તિ :

ઉત્પાદક જે વસ્તુ વેચવા માંગે છે. તે વસ્તુનું પ્રમાણ તેની પાસે હોવું જોઇએ. એટલે કે જો તે પ્રમાણ ન હોય તો તે વેચવાની શક્તિ ધરાવતો નથી એમ કહેવાય.

C) વેચવાની ઇચ્છા :

વેચવાની શક્તિ અને તૈયારી હોવા સાથે ઉત્પાદકની વસ્તુ વેચવાની ઇચ્છા પણ હોવી જોઇએ.

પ્રશ્ન 3 – વ્યક્તિગત પુરવઠો અને બજાર પુરવઠાનો અર્થ સમજાવો.

વ્યક્તિગત પુરવઠો	બજાર પુરવઠો
➔ વ્યક્તિગત પુરવઠો એટલે કોઇ એક ઉત્પાદક કે વ્યક્તિ દ્વારા બજારમાં જે વસ્તુને જુદી-જુદી કિંમતે વેચવા માટે મુકવામાં આવે તે.	➔ કોઇ ચોક્કસ કિંમતે અનેક ઉત્પાદક દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં ચુકવામાં આવે તેને બજાર પુરવઠો કહે છે.

કિગ્રાદીઠ કિંમત	વ્યક્તિગત પુરવઠો		બજાર પુરવઠો
	પેઢી A	પેઢી B	
10 ₹	100	200	300
20 ₹	200	300	500
30 ₹	300	400	700

➔ પેઢી A ની પુરવઠા રેખા :



➔ પેઢી B ની પુરવઠા રેખા :



પ્રશ્ન 4 – પુરવઠાનો અર્થ આપી પુરવઠાને અસર કરતા પરિબળો જણાવો.



(1) કિંમત મુખ્ય પરિબળ :

(i) વસ્તુની કિંમત :

કિંમત એ પુરવઠાને અસર કરતું મહત્વનું પરિબળ વસ્તુની કિંમત વધતા નફાની અપેક્ષાએ વસ્તુનો પુરવઠો વધે છે અને કિંમત ઘટતા નફાની શક્યતા ઘટવાથી પુરવઠામાં ઘટડો થાય છે એટલે કે કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.

(2) કિંમત સિવાયના અન્ય પરિબળ :

(i) ઉત્પાદનના સાધનોની કિંમત :

ઉત્પાદનના ખર્ચમાં ફેરફાર થતા પુરવઠા પર અસર થાય છે. જમીનને ચુકવાતું ભાડુ એ શ્રમિકને ચુકવાતા વેતનમાં ઘટડો થતા ઉત્પાદન ખર્ચ ઘટવાથી નફાની શક્યતા વધતા પુરવઠો વધે છે.

તેનાથી વિરૂદ્ધ સ્થિતિમાં ઉત્પાદન ખર્ચ વધે તો નફો ઘટતા પુરવઠો ઘટે છે.

(ii) ટેકનોલોજીની કક્ષા :

ટેકનોલોજીના વિકાસથી સમય-શક્તિ વધે અને ઓછા ખર્ચ ગુણવત્તાયુક્ત વસ્તુનું ઉત્પાદન થાય છે. ઉત્પાદન ખર્ચ ઓછો થતા પુરવઠો વધે છે. આમ ટેકનોલોજી પુરવઠાને અસર કરે છે.

(iii) ભવિષ્યના ભાવની અટકળો :

વસ્તુની કિંમત અંગેની અટકળ વસ્તુના પુરવઠાને અસર કરે છે.

જો ભવિષ્યમાં ભાવ વધારાની અટકળ હોય તો વર્તમાનમાં પુરવઠો ઘટશે. તેનાથી વિરૂદ્ધ જો ભવિષ્યમાં ભાવ વધારાની અટકળ હોય તો વર્તમાનમાં પુરવઠો વધે છે.

(iv) અન્ય પરિબળ :

પેઢીની સંખ્યામાં વધારો થતા પુરવઠો વધે છે.

ઔધોગિક શાંતિ હોય, માલિક અને કર્મચારીના સંબંધો સુમેળભર્યા હોય તો પુરવઠો વધે. આનાથી વિરૂધ સ્થિતિમાં પુરવઠો ઘટે.

વાહનવ્યવહારનો વિકાસ થતા પુરવઠો ઘટે છે. જેનાથી વિરૂદ્ધ પુરવઠો ઘટે છે.

કુદરતી પરિબળ સાનુકુળ હોય, રાજકીય સ્થિરતા હોય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ તો પુરવઠો વધે છે.

પ્રશ્ન 5 – પુરવઠા વિધેય સમજાવો.

કોઇ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતા પરિબળોની ગાણીતિક સ્વરૂપમાં થતી રજુઆત એટલે પુરવઠા વિધેય કહેવાય.

પુરવઠા વિધેય કોઇ એક વસ્તુના પુરવઠા અને તેને અસરકર્તા પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

➔ ગાણિતીક સુત્ર :

$$S_x = f(P_x, P_e, P_f, T, U)$$

S_x = x વસ્તુનો પુરવઠો
f = વિધેયની સંજ્ઞા
P_x = x વસ્તુની કિંમત
P_e = ભવિષ્યના ભાવની અટકળો
P_f = ઉત્પાદનના સાધનોની કિંમત
T = ટેકનોલોજીની કક્ષા
U = અન્ય પરિબળ

ટુંકમાં, પુરવઠા વિધેય કોઇ વસ્તુ સેવાનો પુરવઠો તેને અસરકર્તા પરિબળો પર કેવી રીતે આધાર રાખે તે દર્શાવે છે.

પ્રશ્ન 6 – પુરવઠા વિસ્તરણ-સંકોચન આકૃત્તિ સહિત સમજાવો.

"અન્ય પરિબળ યથાવત રહેતા વસ્તુની કિંમત વધતા પુરવઠામાં જે વૃદ્ધિ થાય તેને પુરવઠા વિસ્તરણ અને કિંમત ઘટતા પુરવઠો ઓછો થાય તેને પુરવઠા સંકોચન કહે છે."

બિંદુ	કિંમત	પુરવઠો
a	10 ₹	100
b	20 ₹	200
C	30 ₹	300
d	40 ₹	400
e	50 ₹	500



આકૃતિમાં x ધરી પર વસ્તુનો પુરવઠો અને y ધરી પર કિંમત દર્શાવી છે. જ્યારે વસ્તુની કિંમત 30 ₹ હતી ત્યારે પુરવઠા રેખાના c બિંદુએ સમતુલા હતી અને પુરવઠો 300 એકમ હતો. કિંમત વધીને 50 ₹ થાય ત્યારે પેઢી c બિંદુને બદલે e બિંદુ પર સમતુલા મેળવી, પુરવઠો 500 એકમ થાય છે. c થી e ઉપર તરફ પુરવઠાનું વિસ્તરણ દર્શાવે છે. તે રીતે c થી a નીચે તરફ પુરવઠાનું સંકોચન દર્શાવે છે. કારણ કે વસ્તુની કિંમત 30 થી ઘટીને 10 થાય ત્યારે પુરવઠો 300 ઘટીને 100 એકમ થાય છે.

પ્રશ્ન 7 – પુરવઠામાં વધારો-ઘટાડો સમજાવો.

"કિંમત સિવાયના અન્ય પરિબળોમાંથી એકથી વધુ પરિબળોમાં ફેરફાર થતા પુરવઠામાં જ પરિવર્તન આવે તેને પુરવઠામાં વધારો-ઘટાડો કહે છે."

વધારો	ઘટે	ઘટે	સુધારો	ઘટે	સાનુકુળ	વધે
	ઉત્પાદન સાધનના ભાવ	ઉત્પાદન ખર્ચ	ઉત્પાદન પદ્ધતિ	અન્ય વસ્તુના ભાવ	સરકારની નીતિ	પેઢીની સંખ્યા
ઘટાડો	વધે	વધે	ન થાય	વધે	પ્રતિકુળ	ઘટે



x ધરી પર પુરવઠો અને y ધરી પર કંમત દર્શાવી છે. વેપારીની મુળ સમતુલા c બિંદુએ SS પુરવઠારેખા પર થતી ત્યારે 300 એકમનો પુરવઠો હતો.

પુરવઠાને અસરકર્તા અન્ય પરિબળ પુરવઠાની તરફેણમાં થતા વસ્તુનો પુરવઠો 300 એકમથી વધી 500 એકમ થતા a બિંદુએ S_1S_1 પુરવઠા રેખાએ પહોચ્યું. c થી a તરફ પુરવઠાનો વધારો સુચવે છે.

પરંતુ પુરવઠાને અસરકર્તા અન્ય પરિબળો પુરવઠાની વિરૂદ્ધ થતા પુરવઠો 300 એકમથી ઘટી 100 એકમ થાય ત્યારે પુરવઠા રેખા b બિંદુને S_2S_2 પુરવઠા રેખા પર પહોંચે છે. c થી a તરફ પુરવઠાનો ઘટાડો સુચવે છે.

પ્રશ્ન 8 – પુરવઠાના નિયમના અપવાદ સમજાવો.

પુરવઠાના નિયમમાં જણાવ્યા મુજબ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે સીધા સંબંધને બદલે જો વ્યસ્ત સંબંધ જોવા મળે તો તેને પુરવઠાના નિયમનો અપવાદ તરીકે ઓળખવામાં આવે છે. આ અપવાદો વિવાદાસ્પદ છે. કારણ કે અર્થશાસ્ત્રીઓમાં આ બાબતે મતભેદ ચાલે છે.

(1) અલભ્ય વસ્તુ :

કેટલાક વસ્તુની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થવા છતા તેના પુરવઠામાં કોઇ ફેરફાર થતો નથી. કારણ કે તે અલભ્ય વસ્તુ હોય છે.

મૃત ચિત્રકારના ચિત્રો, પ્રાચીન સમયના સિક્કા, પ્રાચિન મુર્તિઓ, જેવી અલભ્ય વસ્તુને પુરવઠાનો નિયમ લાગુ પડતો નથી. કારણ કે આ વસ્તુની કિંમત ગમે તેટલી વધવા છતા તેના પુરવઠામાં કોઇ વધારો થઇ શકતો નથી.

અલભ્ય વસ્તુનો સ્ટોક હોય પરંતુ પુરવઠો ન હોવાથી તેને અપવાદ કહેવાય નહિ.

(2) નાશવંત વસ્તુ :

દુધ, શાકભાજી, ફળફળાદિ જેવી નાશવંત વસ્તુનો સંગ્રહ કરવો શક્ય ન હોવાથી આવી વસ્તુની કિંમત ઘટે તો પણ તેનો સંગ્રહ કરવો શક્ય ન હોવાથી તેના પુરવઠામાં વધારો થઇ શકતો નથી. આવી વસ્તુ વધે કે ઘટે તેના પુરવઠામાં કોઇ ફેરફાર થતો નથી.

વર્તમાન સમયમાં ટેકનોલોજીના વિકાસથી આવી વસ્તુઓના લાંબા સમય સુધી સંગ્રહ કરવો શક્ય હોવાથી તેને અપવાદ કહેવાય છે.

પ્રશ્ન 9 – બજારમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા આકૃત્તિ સહિત સમજાવો.

બજારમાં વસ્તુ કે સેવાની કિંમત માંગ અને પુરવઠાના પરિબળ દ્વારા નક્કી કરવાની પ્રક્રિયાને કિંમત નિર્ધારણ કહે છે.

દરેક અર્થતંત્રમાં સાધનની અછત હોય છે. તેથી વૈકલ્પિક ઉપયોગ ધરાવતા સાધનની પસંદગી કરવી પડે છે. આ પસંદગી કેવી રીતે કરવી તેનો ઉકેલ કિંમત નિર્ધારણ દ્વારા મળે છે.

સામાન્ય સમજ મુજબ કિંમતો ઉત્પાદક નક્કી કરે તેવી ધારણા છે. પરંતુ ઉત્પાદક પોતે કિંમત નક્કી કરી શકતા નથી. કારણ કે તે નક્કી કરેલી કિંમતે ઇચ્છે તેટલું વેચાણ કરી શકતા નથી. કારણ કે પ્રવર્તમાન કિંમતે વસ્તુ કેટલા જથ્થામાં ખરીદવી ગ્રાહકની માંગ દ્વારા નક્કી થાય છે. આમ, વસ્તુની કિંમત માંગ અને પુરવઠાનું સંયુક્ત પરિબળ દ્વારા નક્કી થાય છે.

Devang Sir

માર્શલે કાતરના બે પાંખિયા દ્વારા આ બાબત સમજાવી છે. જેમકે કાપવાની ક્રિયા માટે કાતરના બંને પાખિયા જરૂરી છે. તેને કિંમત નિર્ધારણ માટે માંગ અને પુરવઠો અનિવાર્ય છે.

જ્યારે બજારમાં માંગ અને પુરવઠો સરખા થાય તેને સમતુલા કહે છે. અને સમતુલાની સ્થિતિમાં વસ્તુની બજારકિંમત નિર્ધારિત થાય છે. જે નીચેની કાલ્પનિક અનુસુચિ દ્વારા દર્શાવી શકાય.

➔ <u>અનુસુચિ</u> :

બિંદુ	કિંમત	માંગ	પુરવઠો
a	10 ₹	500	100
b	20 ₹	400	200
c	30 ₹	300	300
d	40 ₹	200	400
e	50 ₹	100	500



આકૃત્તિમાં DD માંગરેખાને SS પુરવઠા રેખા બંને એકબીજાને c બિંદુએ છેદે ત્યાં 30 ₹ કિંમત નક્કી થાય છે. જેને સમતુલાની કિંમત કહે છે.

જો કિંમત વધીને 30 થી 40 થાય તો વસ્તુની માંગ 200 એકમ થાય. જ્યારે પુરવઠો 400 એકમ થતા માંગ કરતા પુરવઠો વધી જાય છે. પરિણામે કિંમત ઘટવાનું વલણ ધરાવે છે.

તેવી રીતે કિંમત 30 થી ઘટીને 20 થાય તો માંગ 400 એકમ અને પુરવઠો 200 એકમ થતા માંગ વધે છે. પરિણામે કિંમત વધવાનું વલણ ધરાવે છે.

આમ, જે કિંમતે વસ્તુ માટેની માંગ અને પુરવઠો સરખા થાય તે સમતુલાની કિંમત બને અને જ્યાં સુધી માંગ કે પુરવઠામાં ફેરફાર ન થાય ત્યાં સુધી માંગ કે પુરવઠામાં ફેરફાર ન થાય ત્યાં સુધી માંગ કિંમત બજારમાં ટકી રહે છે.

પ્રશ્ન 10 – પુરવઠાના નિયમની વિગતવાર અનુસુચિ અને આકૃત્તિ દ્વારા સમજુતિ આપો.

➔ પુરવઠાના નિયમનો અર્થ :

પ્રો. માર્શલના મત મુજબ, જો અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમત અને તેનો પુરવઠો એ સીધા સંબંધો દર્શાવે છે.

અર્થાત વસ્તુની કિંમત વધવા તેનો પુરવઠો વધે અને વસ્તુની કિંમત ઘટતા પુરવઠો પણ ઘટે છે. આમ કિંમત અને પુરવઠો વધવા એ વિસ્તરણ દર્શાવે છે. અને વસ્તુની કિંમત અને પુરવઠો ઘટતા સંકોચન દર્શાવે છે.

➔ <u>અનુસુચિ</u> :

બિંદુ	કિંમત	પુરવઠો
a	10 ₹	100
b	20 ₹	200
C	30 ₹	300
d	40 ₹	400
e	50 ₹	500



➔ <u>સમજુતી</u> :

આ આકૃત્તિ અવલોકન કરતા જણાય છે કે જ્યારે વસ્તુની કિંમત 10 હોય છે ત્યારે તેનો બજારમાં પુરવઠો 100 હોય છે. અને જ્યારે ભાવ 30 હોય છે ત્યારે પુરવઠો 300 એ સ્થિર રહે છે.

અને જ્યારે વસ્તુની કિંમત 50 હોય છે. ત્યારે તેનો અને પુરવઠો 50 હોય છે આમ કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે.

બિંદુ a,b,c,d,e જુદી-જુદી કિંમતે વેચવાની તૈયારી દર્શાવે છે. અહીં S અને S' એ પુરવઠા રેખા છે. આ રેખા ડાબી બાજુ નીચેથી અને જમણી બાજુ ઉપરથી જાય છે. અર્થાત પુરવઠારેખા ઢાળ ધન છે. જે વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ દર્શાવે છે.

અહીં જેમ-જેમ કિંમતમાં વધારો થાય છે. તેમ-તેમ પુરવઠાનું વિસ્તરણ થાય છે. પુરવઠાની અનુસુચિ 'આંકડાકીય રીતે' પુરવઠાના નિયમને સમજાવે છે. જ્યારે પુરવઠા રેખા ભૌમિતિક રીતે તેને સમજાવે છે.

પ્રશ્ન 11 – પુરવઠાના નિયમની ધારણઓ લખો.

1. ઉત્પાદનના સાધનોની કિંમત સ્થિર રહે છે.
2. ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર થતો નથી.
3. અન્ય વસ્તુના ભાવો સ્થિર છે.
4. બજારમાં વસ્તુની ભવિષ્યની કિંમત અંગેની અટકળો હોતી નથી.
5. અન્ય પરિબળો સ્થિર રહે છે.

પ્રશ્ન 12 – કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધની સમજુતી આપો.

ઉત્પાદકનો હેતુ મહત્તમ નફાનો હોવાથી કિંમત વધવાથી પુરવઠો પ્રેરાય છે. કારણ કે તે પુરવઠો વધારીને વધુ નફો મેળવવા પ્રયત્નશીલ હોય છે.

વસ્તુની કિંમત વધવાને કારણે નફાની શક્યતા વધતા નવા ઉત્પાદકો બજારમાં પ્રવેશતા કુલ પુરવઠો વધે છે.

પ્રશ્ન 13 – અલભ્ય વસ્તુનો પુરવઠાનો નિયમ શા માટે લાગુ પડતો નથી ?

અલભ્ય વસ્તુઓ કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં પુરવઠામાં કોઇ ફેરફાર થતો નથી. તેથી પુરવઠાનો નિયમ લાગુ પડતો નથી. <u>દા.ત.</u> – પ્રાચીન કાળના સિક્કાઓ, પ્રાચીન મુર્તિઓ વગેરે.....

પ્રશ્ન 14 – શા માટે પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઇ શકે, પણ કુલ જથ્થા કરતાં વધારે હોઇ શકે નહિ ?

ચીજવસ્તુનું અગાઉનાં વર્ષોમાં થયેલ ઉત્પાદન તથા નહિ વેચાયેલા એકમોનો પણ જથ્થામાં સમાવેશ થાય છે તેથી ઉત્પાદન કરતાં પુરવઠો વધુ હોઇ શકે, પણ જથ્થા કરતાં વધારે હોઇ શકે નહી.

પ્રશ્ન 15 – પુરવઠા રેખાનો ઢાળ ધન હોય છે, કારણ આપી સમજાવો.

પુરવઠા અને કિંમત વચ્ચે ધન સંબંધ હોવાનાં કારણો – (1) ઉત્પાદક વેપારીનો આશય મહત્તમ નફાનો હોય છે, જ્યારે કિંમત વધે છે ત્યારે વધુ નફો કમાઇ લેવાના આશયથી પુરવઠો વધારે છે., (2) વસ્તુની કિંમત વધતાં નફાની શક્યતા વધે છે. પરિણામે બજારમાં નવા ઉત્પાદકો પ્રવેશતા વસ્તુનો કુલ પુરવઠો વધે છે.

● ● ●

Devang Sir

પાઠ 5. આવક અને ખર્ચના ખ્યાલ

➔ **પ્રસ્થાવના :**

આર્થિક વિશ્લેષણમાં પેઢીના વર્તનને સમજાવા આવક અને ખર્ચના ખ્યાલનું વિશ્લેષણ જરૂરી છે. ખર્ચથી પેઢીની જાવક બાજુનો અંદાજ આવે છે. જ્યારે આવકના ખ્યાલ જાણવાથી પેઢીની આવક બાજુનો અંદાજ આવે છે.

પ્રશ્ન 1 – આર્થિક વિશ્લેષણમાં ઉત્પાદન ખર્ચ અને આવકના ખ્યાલની ઉપયોગીતા જણાવો.

1. પેઢીને પોતાની વસ્તુની કિંમત નક્કી કરવામાં મદદ મળે છે.
2. પેઢીને પોતાનો નફો મહત્તમ કરવામાં માર્ગદર્શન મળે છે.
3. મહત્તમ નફાને સમજવા સીમાંત ખર્ચનો ખ્યાલ ઉપયોગી છે.
4. સીમાંત ખર્ચનો ખ્યાલ પેઢીની સમતુલા સમજવામાં મદદરૂપ બને છે.
5. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સાધનોના વૈકલ્પિક ઉપયોગ અને સંચાલકીય અર્થશાસ્ત્રમાં ઉપયોગી છે.
6. નાણાકીય ખર્ચના ખ્યાલ પેઢીના સંચાલનમાં દિશાસુચક છે.
7. પેઢી કેટલા સાધન રોકશે ? કેટલી રોજગારી પુરી પાડશે ? કેટલું ઉત્પાદન કરશે ? કેટલું રોકાણ કરશે ? જેવા નિર્ણયમાં આવક અને ખર્ચનો ખ્યાલ મહત્વનો ફાળો આપે છે.

પ્રશ્ન 2 – ઉત્પાદન ખર્ચ એટલે શું ? ઉત્પાદન ખર્ચના વિવિધ ખ્યાલોની સમજુતી આપો.

કોઇ પણ વસ્તુ કે સેવાનો ઉત્પાદન કરવા પાછળ જે રકમ વપરાય છે, જે ખર્ચ કરવામાં આવે છે તેને ઉત્પાદન ખર્ચ કહે છે.

ઉત્પાદન ખર્ચ

- (1) વાસ્તવિક ખર્ચ
- (2) વૈકલ્પિક ખર્ચ
- (3) નાણાકીય ખર્ચ

(1) વાસ્તવિક ખર્ચ :

ઉત્પાદન પ્રક્રિયામાં વપરાતા ઉત્પાદનના સાધનોએ જે કષ્ટ, ત્યાગ કે માનસિક અશાંતિ ભોગવવી પડે છે. તેને વાસ્તવિક ખર્ચ કહે છે.

વાસ્તવિક ખર્ચનો ખ્યાલ પ્રશિષ્ટ(અગાઉના) અર્થશાસ્ત્રીએ જમીન અને શ્રમ જેવા ઉત્પાદનના મુળ સાધનોના સંદર્ભમાં રજુ કર્યો હતો, પરંતુ માર્શલ જેવા આધુનિક અર્થશાસ્ત્રીઓએ આ ખ્યાલ બધા જ સાધનોના સંદર્ભમાં રજુ કર્યા.

ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલા શ્રમિકો, નિયોજકો જે માનસિક કે શારિરીક કષ્ટ ઉઠાવે તે વાસ્તવિક ખર્ચ છે. ઉત્પાદન કાર્યમાં જોડાયેલા શ્રમિકોને લાગતો થાક કે કંટાળો નિયોજકની ચિંતા, બિનસલામતી અને અનિશ્ચિતતા બધાને સમાવેશ વાસ્તવિક ખર્ચમાં થાય છે.

વાસ્તવિક ખર્ચને નાણાના સ્વરૂપમાં રજુ કરી શકાતો નથી. તેથી તેને બિનનાણાકીય ખર્ચ પણ કહે છે. માર્શલના મતે ઉત્પાદનના સાધનોએ ભોગવેલા વાસ્તવિક ખર્ચના બદલામાં તેમને વેતન, વ્યાજ, નફારૂપે વળતર મળે છે.

➔ વાસ્તવિક ખર્ચમાં માપનની મુશ્કેલીઓ :

1) વાસ્તવિક ખર્ચમાં મનોવૈજ્ઞાનિક અને આત્મલક્ષી બાબતનો સમાવેશ થતો હોવાથી તેને માપવો મુશ્કેલ છે.

2) વાસ્તવિક ખર્ચમાં ઉત્પાદનની પ્રક્રિયા સાથે પ્રત્યક્ષ રીતે ન સંકળાયેલા સામાજિક ખર્ચનો સમાવેશ થતો નથી.

(2) વૈકલ્પિક ખર્ચ :

વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઓસ્ટ્રિયન અર્થશાસ્ત્રીએ રજુ કર્યો. ઉત્પાદનના સાધનો એક કરતા વધુ ઉપયોગ ધરાવે છે તે હકીકત ઉપર આ ખ્યાલ આધારિત છે.

‘ઉત્પાદનના સાધનોને કોઇ એક કાર્યમાં રોકવામાં આવે તો તે સાધનો બીજો શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવો પડે છે. જતો કરવો પડેલો શ્રેષ્ઠ વિકલ્પ ઉત્પાદિત વસ્તુનો વૈકલ્પિક ખર્ચ કહેવાય.’

<u>ઉદાહરણ તરીકે</u> – જમીનના એક ટુકડા પર ખેડુત કપાસનું વાવેતર કરી 4 લાખ રૂપિયા અને તમાકુનું વાવેતર કરવાથી 3.50 લાખ રૂપિયા આવક થાય તેમ છે. ખેડુત વધુ આવક આપતા કપાસનું વાવેતર કરશે. આથી તેને નજીકના શ્રેષ્ઠ તમાકુની આવક જતી કરવી પડશે. જે કપાસનું વૈકલ્પિક ખર્ચ કહેવાય.

➔ વાસ્તવિક ખર્ચમાં માપનની મુશ્કેલીઓ :

1) એક ઉપયોગી સાધન :

જો ઉત્પાદનનું કોઇ સાધન માત્ર એક જ ઉપયોગ ધરાવતું હોય તો તેનું વૈકલ્પિક ખર્ચ જાણી શકાતું નથી.

2) વિશિષ્ટ ઉપયોગના સાધન :

જ્યારે ઉત્પાદનના સાધનો વિશિષ્ટ પ્રકારના હોય અને તેનું અન્ય કોઇ કાર્યમાં ઉપયોગ શક્ય ન હોય ત્યારે તેને વૈકલ્પિક ખર્ચ જાણી શકાય નહિ. આવા સાધનનું વળતર તેની માંગને આધારે નક્કી થાય છે

<u>દા.ત.</u> – અણુશક્તિનું જ્ઞાન ધરાવતા વૈજ્ઞાનિક.

(3) નાણાકીય ખર્ચ :

સામાન્ય રીતે વસ્તુની ઉત્પાદન પ્રક્રિયામાં નિયોજક દ્વારા જે કોઇ નાણાકીય ચુકવણી કરવામાં આવે તેને નાણાકીય ખર્ચ કહે છે.

વાસ્તવિક અને વૈકલ્પિક ખર્ચ મર્યાદા ધરાવતા હોવાથી વ્યવહારમાં તેનો ઉપયોગ વધારે થતો નથી.

આર્થિક વિશ્લેષણ, ઉત્પાદનનો નિર્ણય અને કિંમત નિર્ધારણમાં નાણાકિય ખર્ચનો ખ્યાલ ઉપયોગી છે.

મહત્તમ નફાનો ઉદ્દેશ રાખતા ઉત્પાદકો ઓછા નાણાકીય ખર્ચ ઉત્પાદન કરી વેચાણમાંથી મળતી આવકને મહત્તમ બનાવવાનો પ્રયાસ કરતા હોય છે.

પ્રશ્ન 3 – ટુંકાગાળાના ખર્ચ અને લાંબાગાળાના ખર્ચ એટલે શું ?

➔ સમયનો ટુંકોગાળો :

ટુંકોગાળો એટલે એવો ગાળો જેમાં પેઢીના કદમાં ફેરફાર કરી શકાતો નથી, પરંતુ તેની સ્થાપિત ઉત્પાદન શક્તિના ઉપયોગમાં વધ-ઘટ કરી મર્યાદિત પ્રમાણમાં ઉત્પાદનમાં ફેરફાર કરી શકાય છે.

ટુંકોગાળો એટલે જેમાં પેઢીના અમુક સાધનો સ્થિર રહે છે જેમ કે, પ્લાન્ટ, યંત્રસામગ્રી, ફેકટરીનું મકાન. પરંતુ અસ્થિર સાધનો જેવા કે કાચો માલ, બળતણ, કામચલાઉ મજુરો વગેરેમાં અમુક મર્યાદામાં ફેરફાર કરી શકાય છે.

➔ સમયનો લાંબોગાળો :

લાબોગાળો એટલે ગાળો કે જેમાં ઉત્પાદક બધા જ સાધનના પ્રમાણમાં ફેરફાર કરી એકમના કદમાં વધ-ઘટ કરી તે પેઢીની સંખ્યામાં વધ-ઘટ કરી માંગના પરિવર્તન પ્રમાણે ઉત્પાદનમાં ફેરફાર કરી શકે છે.

પ્રશ્ન 4 – ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ સમજાવો.



પ્રશ્ન 5 – સ્થિર ખર્ચનો અર્થ આપી આકૃત્તિ દ્વારા સમજાવો.

સમયના ટુંકાગાળામાં ઉત્પાદનનું પ્રમાણ વધે-ઘટે કે શુન્ય થાય પરંતુ ખર્ચમાં કોઇ ફેરફાર ન થાય તેને સ્થિર ખર્ચ (Fixed Cost – FC) કહે છે.

સ્થિર ખર્ચને ourehend ખર્ચ પણ કહેવાય. સ્થિર ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે કોઇ સંબંધ નથી.

દા.ત. – કાર્યનિષ્ઠ સ્ટાફનું વેતન, મકાનનું ભાડુ, મિકલત વેરો, વ્યવસાય વેરો, મુડીનું વ્યાજ, વિમા-પ્રીમીયમ.

➔ અનુસુચિ :

ઉત્પાદન	સ્થિર ખર્ચ(₹)
0	100
1	100
2	100
3	100
4	100
5	100



આકુત્તિમાં x ધરી પર ઉત્પાદનનું પ્રમાણ એકમમાં અને y ધરી પર ઉત્પાદન-ખર્ચ દર્શાવ્યો છે. કુલ સ્થિર ખર્ચ રેખા પાયાની ધરી x ને સમાંતર રહે છે. જે દર્શાવે છે કે ઉત્પાદનનું પ્રમાણ બદલાવા છતા સ્થિર ખર્ચ બદલાતુ નથી.

પ્રશ્ન 6 – અસ્થિર ખર્ચનો અર્થ આપી આકૃત્તિ દ્વારા સમજાવો.

ઉત્પાદન વધતા ખર્ચ વધે, ઉત્પાદન ઘટતા ખર્ચ ઘટે અને ઉત્પાદન શુન્ય થતા ખર્ચ પણ શુન્ય થાય તેને અસ્થિર ખર્ચ કહે છે.

અસ્થિર ખર્ચને અસ્થાયી ખર્ચ, પ્રત્યક્ષ અથવા મુખ્ય ખર્ચ પણ કહે છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ હોય છે. એટલે કે ઉત્પાદનની સપાટીમાં ફેરફાર થતા આવા ખર્ચમાં પણ ફેરફાર થાય છે.

કાચા માલની કિંમત, વાહનવ્યવહાર ખર્ચ, શ્રમિકનું વેતન, બળતણ ખર્ચ, વિજળીનું બિલ વગેરે અસ્થિર ખર્ચ છે.

➔ <u>અનુસુચિ</u> :

ઉત્પાદન એકમ	કુલ અસ્થિર ખર્ચ
0	00
10	80
20	150
30	210
40	290
50	390

Devang Sir



પ્રશ્ન 7 – કુલ ખર્ચનો અર્થ આપી આકૃતિ દ્વારા સમજાવો.

કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચના સરવાળાને કુલ ખર્ચ કહે છે.

કુલ ઉત્પાદન અને કુલ ખર્ચ વચ્ચે કાર્યકારણનો સંબંધ હોય છે. ઉત્પાદન વધતા કુલ ખર્ચ વધે છે.

➔ સુત્ર :

કુલ ખર્ચ = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ

$Tc = Tfc + Tvc$

ઉત્પાદન વધતા સ્થિર ખર્ચ બદલાતો નથી પરંતુ અસ્થિર ખર્ચમાં વધારો થાય છે. તેથી કુલ ખર્ચમાં અસ્થિર ખર્ચના વધારાના પ્રમાણ જેટલો જ વધારો થાય છે. કુલ ખર્ચની રેખા અસ્થિર ખર્ચની રેખાની ઉપરના ભાગમાં હોય છે. પરંતુ બંને રેખા વચ્ચેનું અંતર એક સરખું હોય છે.

➔ <u>અનુસુચિ</u> :

ઉત્પાદન	સ્થિર ખર્ચ	અસ્થિર ખર્ચ	કુલ ખર્ચ
00	100	00	100
10	100	80	180
20	100	150	250
30	100	210	310
40	100	290	390
50	100	390	490



આકૃતિમાં y ધરી પર ઉત્પાદન ખર્ચ અને x ધરી પર ઉત્પાદનના એકમ દર્શાવ્યા છે. જેમ જેમ ઉત્પાદન વધે તેમ સ્થિર ખર્ચમાં કોઇ ફેરફાર થતો નથી. પરંતુ અસ્થિર ખર્ચ વધે છે. પરિણામે કુલ ખર્ચ પણ વધે છે.

સ્થિર ખર્ચની રેખા y ધરી પરથી શરૂ થાય છે. જે દર્શાવે છે કે ઉત્પાદન શુન્ય હોય ત્યારે પણ કુલ સ્થિર ખર્ચ 100 ₹ જેટલો જ હોય છે. અને કુલ અસ્થિર ખર્ચ શુન્ય જ હોય છે.

જેમ-જેમ ઉત્પાદન વધે તેમ કુલ સ્થિર ખર્ચ બદલાતો નથી. પરંતુ અસ્થિર ખર્ચની રેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ જતી હોય છે. અને કુલ ખર્ચની રેખા પણ તેને સમાંતર જ ઉપર તરફ હોય છે.

પ્રશ્ન 8 – સરેરાશ સ્થિર ખર્ચ એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો.

પેઢીના કુલ સ્થિર ખર્ચને કુલ ઉત્પાદનના એકમો વડે ભાગતા જે ખર્ચ મળે તેને સરેરાશ સ્થિર ખર્ચ કહે છે.

અંગ્રજીમાં તેને Avrage Fixed Cost (AFC) કહે છે.

➔ સુત્ર :

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ} = \frac{\text{કુલ સ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન એકમ}}$$

$$AFC = \frac{TFC}{Tp}$$

➔ <u>ઉદાહરણ</u> :

જો કુલ સ્થિર ખર્ચ 100 ₹ હોય અને કુલ ઉત્પાદન 50 એકમ થાય તો,

$$\text{AFC} = \frac{100}{50} = 2 \text{ ₹}$$

જેમ ઉત્પાદન વધે તેમ સ્થિર ખર્ચ વધુ ને વધુ ઉત્પાદનના એકમો વચ્ચે વહેંચાતા ઘટતો જાય છે. તેથી શુન્ય તરફ ગતિ કરે છે. પરંતુ શુન્ય થતો નથી.

AFC રેખા ઋણ ઢાળ દર્શાવે છે.

➔ <u>અનુસુચિ</u> :

બિંન્દુ	ઉત્પાદન એકમ	સ્થિર ખર્ચ	સરેરાશ સ્થિર ખર્ચ
A	1	60 ₹	60
B	2	60 ₹	30
C	3	60 ₹	20
D	4	60 ₹	15
E	5	60 ₹	12



જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધતું જાય તેમ તેમ સરેરાશ સ્થિર ખર્ચ ઘટતું જાય છે. સરેરાશ સ્થિર ખર્ચની રેખા ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચે તરફ જતી ઋણ ઢાળ વાળી હોય છે. ઉત્પાદન વધતા સરેરાશ સ્થિર ખર્ચ ઘટે છે. પરંતુ ક્યારેય શુન્ય થતો નથી.

પ્રશ્ન 9 – સરેરાશ અસ્થિર ખર્ચ એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો.

‘પેઢીના કુલ અસ્થિર ખર્ચને ઉત્પાદનના એકમ વડે ભાગતા જે એકમદીઠ અસ્થિર ખર્ચ મળે તેને સરેરાશ અસ્થિર ખર્ચ કહે છે.’

ઉત્પાદનનું પ્રમાણ વધારતા, ઘટાડવા કે બંધ રાખવા આ ખ્યાલ ઉપયોગી છે.

➔ સુત્ર :

$$\text{સરેરાશ અસ્થિર ખર્ચ} = \frac{\text{કુલ અસ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન એકમ}}$$

$$AVC = \frac{TVC}{TP}$$

➔ ઉદાહરણ :

જો કુલ અસ્થિર ખર્ચ 80 ₹ હોય અને કુલ ઉત્પાદન એકમ 10 એકમ હોય તો,

$$AVC = \frac{80}{10} = 8\text{ ₹}$$

જેમ-જેમ ઉત્પાદન વધે તેમ-તેમ શરૂઆતમાં કુલ અસ્થિર ખર્ચ(TVC) ઘટે છે. ત્યારબાદ ઉત્પાદનનો વધારો ચાલુ રહેતા ન્યુનતમ બને છે. છેવટે ઉત્પાદન વધતા તે વધે છે.

➔ અનુસુચિ :

બિંદુ	ઉત્પાદન એકમ	કુલ અસ્થિર ખર્ચ(TVC)	સરેરાશ અસ્થિર ખર્ચ(AVC)
a	1	10	10
b	2	16	8
c	3	21	7
d	4	36	9
e	5	60	12
f	6	96	16



પ્રશ્ન 10 – સરેરાશ ખર્ચનો અર્થ આકૃતિ દ્વારા સમજાવો.

‘કુલ ખર્ચને ઉત્પાદનના કુલ એકમો વડે ભાગતા જે એકમદીઠ ખર્ચ પ્રાપ્ત થાય તેને સરેરાશ ખર્ચ કહે છે.’

➔ સુત્ર :

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{કુલ ઉત્પાદનના એકમો}}$$

$$AC = \frac{TC}{TP}$$

➔ અનુસુચિ :

બિંદુ	ઉત્પાદન એકમ	કુલ ખર્ચ	સરેરાશ ખર્ચ
a	1	9	9
b	2	16	8
c	3	21	7
d	4	28	7
e	5	40	8
f	6	54	9
g	7	70	10

Devang Sir



જેમ-જેમ ઉત્પાદનનું પ્રમાણ વધે તેમ કુલ ખર્ચ વધતું જાય પરંતુ શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે ત્યારબાદ ન્યુનતમ બને અને ત્યારબાદ ઉત્પાદન વધતા વધવાનું વલણ ધરાવે છે.

આકૃતિમાં x ધરી પર ઉત્પાદનનું પ્રમાણ અને y ધરી પર સરેરાશ ખર્ચ દર્શાવ્યો છે. શરૂઆતમાં ઉત્પાદન વધતા સરેરાશ ખર્ચ ઘટે છે. અમુક સપાટી બાદ સરેરાશ સ્થિર ખર્ચના ઘટાડાની સરખામણીમાં સરેરાશ અસ્થિર ખર્ચનો વધારો વધતા કુલ ખર્ચ વધે છે. પરિણામે સરેરાશ ખર્ચની રેખા ‘U’ આકારની બને છે.

પ્રશ્ન 11 – સીમાંત ખર્ચનો અર્થ આકૃતિ દ્વારા સમજાવો.

'કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો કે ઘટાડો થવાથી કુલ ઉત્પાદન ખર્ચમાં જે ફેરફાર થાય તેને સીમાંત ખર્ચ કહે છે.'

સીમાંત ખર્ચને અંગ્રેજીમાં 'Marginal cast' સંજ્ઞામાં MC કહે છે.

➔ સુત્ર :

$$MC_n = TC_n - TC_{(n-1)}$$

MC_n એટલે n એકમનો સીમાંત ખર્ચ
TC_n એટલે n એકમનો કુલ ખર્ચ
$TC_{(n-1)}$ એટલે $n-1$ એકમનો સીમાંત ખર્ચ

➔ <u>ઉદાહરણ</u> :

$n = 3$ એકમ મુકતા,
$MC_3 = TC_3 - TC_{(3-1)}$
$MC_3 = TC_3 - TC_2$

➔ <u>અનુસુચિ</u> :

બિંદુ	ઉત્પાદનના એકમો	કુલ ખર્ચ	સીમાંત ખર્ચ
a	1	9	9
b	2	10	7
c	3	21	5
d	4	28	7
e	5	40	12
f	6	54	14
g	7	70	16



સીમાંત ખર્ચ એ અસ્થિર ખર્ચમાં થતા ફેરફારનું પરિણામ છે. કુલ અસ્થિર ખર્ચમાં થતા વધારા જેટલો સીમાંત ખર્ચ હોય છે. સીમાંત ખર્ચ ઉત્પાદનમાં ફેરફાર થવાથી કુલ ખર્ચમાં થતા ફેરફાર બરાબર છે.

સીમાંત ખર્ચ શરૂઆતમાં ઘટે છે. અમુક સમય બાદ તેમાં વધારો થાય છે. સીમાંત ખર્ચની રેખા હોકી સ્ટિક આકારની હોય છે.

ત્રીજા એકમ સુધી સીમાંત ખર્ચ રેખા ઋણઢાળવાળી હોય છે. ત્રીજા એકમ પછી ઉત્પાદન ખર્ચ વધતા તે ધન ઢાળવાળી બને છે.

પ્રશ્ન 12 – સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેના સંબંધ આકૃતિ દોરી સમજાવો.

ઉત્પાદન ખર્ચ માટે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ સૌથી અગત્યના ગણાય છે. કોઇ પણ પેઢી ઉત્પાદન કરે ત્યારે કુલ ખર્ચ અને એકમદીઠ ખર્ચ કેટલો થયો તેની જાણકારી મેળવવા આ બંને ખર્ચનો ઉપયોગ કરે છે.

Devang Sir

પેઢી લાંબેગાળે ઉત્પાદન ચાલુ રાખવાનો નિર્ણય લેશે કે જ્યારે તેને મળતી વસ્તુની કિંમત સરેરાશ ખર્ચ કરતા વધુ હશે.

ટુંકાગાળામાં પેઢી ઉત્પાદન ચાલુ રાખવાનો નિર્ણય ત્યારે લેશે કે જ્યારે વસ્તુની કિંમત સરેરાશ ખર્ચ કરતા વધુ હશે.

➔ અનુસુચિ :

બિંદુ	ઉત્પાદન એકમ	કુલ ખર્ચ (TC)	સરેરાશ ખર્ચ (AC)	સીમાંત ખર્ચ (MC)	
a	1	15	15	-	
b	2	26	13	11	MC < AC
c	3	30	10	04	
d	4	40	10	10	➔ MC = AC
e	5	60	12	20	
f	6	90	15	30	MC > AC
g	7	126	18	36	



આકૃતિમાં x ધરી પર ઉત્પાદનનું પ્રમાણ અને y ધરી પર સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ દર્શાવ્યો છે. બંને ખર્ચ વચ્ચેનો સંબંધ નીચે મુજબ દર્શાવી શકાય.

1. MC < AC શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે ત્યારે સીમાંત ખર્ચ પણ ઘટે છે. પરંતુ સરેરાશ ખર્ચના ઘટાડા કરતા સીંમાત ખર્ચનો ઘટાડો ઝડપી હોવાથી સરેરાશ ખર્ચની રેખા કરતા સીમાંત ખર્ચની રેખા નીચે હોય છે.

2. MC = AC જ્યારે સરેરાશ ખર્ચ લઘુત્તમ હોય ત્યારે સીમાંત ખર્ચની રેખા સરેરાશ ખર્ચની રેખાને નીચેની છેદે છે. આ સમયે બંને ખર્ચ સમાન થાય છે.

3. MC > AC સરેરાશ ખર્ચની રેખા સીમાંત ખર્ચની રેખાને છેદી પસાર થાય ત્યારબાદ બંને ખર્ચમાં વધારો થાય છે. પરંતુ સરેરાશ ખર્ચ કરતા સીમાંત ખર્ચનો વધારો ઝડપી હોવાથી સીમાંત ખર્ચની રેખા સરેરાશ ખર્ચની રેખા કરતા ઉપર હોય છે.

પ્રશ્ન 13 – લાંબાગાળાના સરેરાશ ખર્ચની રેખા સમજાવો.

પ્રોફેસર બેનહામના મતે લાંબેગાળે ખર્ચનો વર્ગીકરણ થતો નથી. લાંબેગાળે બધા જ ખર્ચા અસ્થિર હોય છે. લાંબાગાળે ઉત્પાદનનું પ્રમાણ વધારવા માટે પેઢીએ સાધનનું પ્રમાણ વધારવું પડે. સાધનો વધતા બધા ખર્ચા પણ વધે છે. તેની સ્થિર ખર્ચ હોતો નથી.

➔ આવકના ખ્યાલ :

મુડીવાદી બજાર વ્યવસ્થા :

મુડીવાદી બજાર વ્યવસ્થાનો હેતુ મહત્તમ નફાનો છે. જેના માટે આવકનો ખ્યાલ અગત્યનો છે. પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચ કરતા વધુ હોય તો નફો થશે પરંતુ જો પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચ કરતા ઓછી હોય તો ખોટ જશે. પરંતુ નફાના વિશ્લેષણમાં કુલ આવક કરતા સરેરાશ આવક અને સીમાંત આવકના ખ્યાલ વધુ મહત્વના છે.

આવકને અંગ્રેજીમાં Revenue કહે છે. જેથી તેની સંજ્ઞા ‘R’ છે.

(A) કુલ આવક :

પેઢીએ વેચાણ કરેલા એકમમાંથી મેળવેલી આવકને કુલ આવક કે વેચાણ આવક કહે છે. કુલ આવકનો આધાર બે બાબત પર રહેલો છે.

1. એકમદીઠ કિંમત
2. કુલ વેચાણ

$$\text{કુલ આવક} = \text{વેચાણ એકમ} \times \text{વસ્તુની કિંમત}$$
$$TR = Q \times P$$

જો બે માંથી એક પણ પરિબળ બદલાય અથવા બંનેમાં ફેરફાર થાય તો કુલ આવક બદલાય જાય છે.

ઉદાહરણ : વસ્તુની બજારકિંમત એકનદીઠ 15 ₹ હોય ત્યારે પેઢીનું કુલ વેચાણ 500 એકમ થતુ હોય તો,

$$\text{કુલ આવક} = 500 \times 15\,₹$$
$$= 7500$$

(B) સરેરાશ આવક :

પેઢીની કુલ આવકને પેઢીના કુલ ઉત્પાદન એકમો વડે ભાગવાથી મળતી આવકને સરેરાશ આવકને સરેરાશ આવક કહે છે.

➔ સુત્ર :

$$\text{સરેરાશ આવક} = \frac{\text{કુલ આવક}}{\text{કુલ વેચાણ}}$$

$$AR = \frac{TR}{Q}$$

➔ ઉદાહરણ : 1000 એકમના વેચાણથી કુલ આવક 50000 પ્રાપ્ત થાય તો,

$$AR = \frac{50000}{1000}$$

$$AR = 50$$

સામાન્ય રીતે પેઢીના બધા એકમનું વેચાણ એકસરખી કિંમતે થાય તો સરેરાશ આવક વેચાણકિંમત જેટલી જ હોય છે. જો વેચાણકિંમત અને સરેરાશ આવક સરખા થાય તો ઉત્પાદક માટેની વસ્તુની માંગરેખા એ જ સરેરાશ આવક રેખા બને છે.

(C) સીમાંત આવક :

વસ્તુના વધારાના એક એકમના વેચાણના પરિણામે પેઢીની કુલ વેચાણ આવકમાં જે વધારો થાય તેને સીમાંત આવક કહે છે.

➔ સુત્ર :

$$MR_n = R_n - R_{(n-1)}$$

MR = સીમાંત આવક

n = વેચાણ એકમની સંખ્યા

R_n = n એકમના વેચાણથી થતી આવક

$R_{(n-1)}$ = $(n-1)$ એકમના વેચાણથી થતી આવક

1000 એકમ 50 ₹ એકમદીઠ કિંમતે વેચતા કુલ આવક 50,000 થાય, જો 1001 એકમ વેચવાથી કુલ આવક 50,045 થાય તો સુત્ર મુજબ સીમાંત આવક નીચે પ્રમાણે દર્શાવી શકાય.

$$MR_n = R_n - R_{(n-1)}$$

$$MR_n = 50{,}045 - 50{,}000$$

$$MR_n = 45$$

પ્રશ્ન 14 – પુર્ણ હરિફાઇવાળા બજારમાં કુલ આવક, સરેરાશ આવક અને સીમાંત આવકમાં સમજાવો.

➔ પુર્ણ હરિફાઇવાળું બજાર :

જ્યાં અસંખ્ય ખરીદનાર અને અસંખ્ય વેચનાર હોય તેવા બજારને પુર્ણ હરિફાઇવાળું બજાર કહે છે.

સંપુર્ણ જ્ઞાન, સમાનગુણી એકમો, મુક્ત પ્રવેશ જેવા લક્ષણો આ બજાર ધરાવે છે. આવા બજારમાં ખરીદનાર અને વેચનાર બજારના પરિબળ દ્વારા નક્કી થતી કિંમત સ્વીકારે છે નક્કી થયેલી કિંમતે જ વેચાણ થાય છે. વેચાણ વધારવા માટે કિંમત ઘટાડવાની જરૂર ન હોવાથી પુર્ણ હરિફાઇ વાળા બજારમાં P=AR=MR ની સ્થિતિ સર્જાય છે.

Devang Sir

➔ <u>અનુસુચિ</u> :

વેચાણ એકમ	વેચાણ કિંમત	કુલ આવક	સરેરાશ આવક	સીમાંત આવક
1	10 ₹	10 ₹	10 ₹	10 ₹
2	10 ₹	20 ₹	10 ₹	10 ₹
3	10 ₹	30 ₹	10 ₹	10 ₹
4	10 ₹	40 ₹	10 ₹	10 ₹
5	10 ₹	50 ₹	10 ₹	10 ₹
6	10 ₹	60 ₹	10 ₹	10 ₹



આકૃતિમાં પેઢીની આવક રેખા પરથી ઋણ બાબતો તારવી શકાય :

(i) પુર્ણ હરીફાઇવાળા બજારમાં AR=MR હોવાથી તેને એક જ રેખા પર દર્શાવી શકાય.

(ii) AR=MR હોવાથી તેનો ઢાળ શુન્ય હોય છે.

(iii) વસ્તુનું વેચાણ વધતા સપ્રમાણ દરે કુલ આવક વધે છે. તેથી આ રેખાનો ઢાળ હકારાત્મક કે સપ્રમાણ હોય છે. જે ઉગમબિંદુ થી 45° ના ખુણે આવેલી હોય.

પ્રશ્ન 15 – અપુર્ણ હરિફાઇવાળા બજારમાં કુલ આવક, સરેરાશ આવક અને સીમાંત આવકના સંબંધ દર્શાવો.

ઇજારો, ઇજારાયુક્ત હરિફાઇ, અલ્પ હસ્તક અને વ્રિહસ્તક ઇજારો એ અપુર્ણ હરિફાઇવાળા બજારના પ્રકારો છે.

આવા બજારમાં ઉત્પાદકોએ પોતાની વસ્તુનો વેચાણ વધારવા માટે કિંમત ઘટાડવી પડે છે. તેથી વેચાણ વધતા કુલ આવક ઘટતા દરે વધે. પરિણામે સરેરાશ આવક અને સીમાંત આવક વચ્ચે તફાવત સર્જાય છે.

કિંમત ઘટતા સરેરાશ આવક અને સીમાંત આવક ઘટે છે. પરંતુ સરેરાશ આવકના ઘટાડા કરતા સીમાંત આવકનો ઘટાડો ઝડપી હોવાથી સરેરાશ આવક રેખા કરતા સીમાંત આવક રેખા નીચે હોય છે.

➔ અનુસુચિ :

વેચાણ એકમ	વેચાણ કિંમત	કુલ આવક	સરેરાશ આવક	સીમાંત આવક
1	10 ₹	10	10	10
2	9 ₹	18	9	8
3	8 ₹	24	8	6
4	7 ₹	28	7	4
5	6 ₹	30	6	2
6	5 ₹	30	5	0

Devang Sir



આકૃતિમાં સરેરાશ આવક અને સીમાંત આવક ડાણી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે તરફ દર્શાવી છે.

વેચાણ વધારવા અપુર્ણ હરિફાઇવાળા બજારમાં કિંમત ઘટાડવી પડતી હોવાથી સરેરાશ આવક કરતા સીમાંત આવક ઝડપથી ઘટે છે. પરિણામે સરેરાશ આવક રેખા કરતા સીમાંત આવક રેખા નીચે દર્શાવેલી છે.

સરેરાશ આવક કરતા સીમાંત આવક વધુ ઝડપથી ઘટે છે. કારણ કે વધારાનું એકમ વેચવા માટે કિંમતમાં જે ઘટાડો કરવામાં આવે તે અગાઉના એકમોને પણ લાગું પડે છે.

પ્રશ્ન 16 – આવકના ક્યા ખ્યાલને કિંમત કહી શકાય.

➔ સરેરાશ આવકના ખ્યાલને કિંમત કહી શકાય કેમ કે સરેરાશ આવક એ વસ્તુની એકમ દીઠ કિંમત છે.

પ્રશ્ન 17 – સીમાંત આવક કરતાં સીમાંત ખર્ચ ઓછો હોય ત્યારે પેઢીને શું મળે છે ?

➔ સીમાંત આવક કરતાં ખર્ચ ઓછો હોય ત્યારે પેઢીને નફો મળે છે.

પ્રશ્ન 18 – 'લાંબે ગાળે બધા ખર્ચાઓ અસ્થિર બની જાય છે.'

➔ લાંબા ગાળામાં બધા જ ખર્ચ અસ્થિર બની જાય છે કારણ કે લાંબા ગાળે સમય અને સંજોગોને અનુરૂપ પેઢીને વિસ્તરણ કે સંકોચન કરવું પડે છે જેમ કે જમીન, મકાન, યંત્રો, વીજળી, પાણી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, કાયમી કર્મચારીઓ વગેરેમાં લાંબે ગાળે ફેરફાર કરવો પડે છે. નવી ટેક્નોલોજી અપનાવવી પડે વગેરે. આમ લાંબે ગાળે બધા જ ખર્ચ અસ્થિર બની જાય છે.

પ્રશ્ન 19 – પૂર્ણ હરીફાઇ સિવાયના બજારમાં આવકની રેખા શા માટે નીચે તરફ ઢળતી હોય છે ?

➔ પૂર્ણ હરીફાઇ સિવાયના બજારમાં ઉત્પાદકે વસ્તુનું વધુ વેચાણ કરવા માટે એટલે કે પોતાની વસ્તુની માંગ વધારવા માટે કિંમત ઘટાડવી પડે છે. વેચાણમાં વધારો થતાં પેઢીની કુલ આવક ઘટતા દરે વધે છે. કિંમત ઘટતી હોવાથી સરેરાશ આવક રેખા નીચે તરફ ઢળતી હોય છે.

• • •

પાઠ 6. બજાર

પ્રશ્ન 1 – બજારનો અર્થ આપો.

'જે સ્થળે વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ થાય છે. તેને બજાર કહેવાય.

સામાન્ય ખ્યાલ મુજબ બજારના અસ્તિત્વ માટે સ્થળ હોવું એ પુર્વશરત છે.

અર્થશાસ્ત્રની પરિભાષામાં વિસ્તૃત ખ્યાલ,

'વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનાર એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તે વ્યવસ્થા એટલે બજાર.'

પ્રો. સેમ્યુઅલસનના મતે,

'બજાર એટલે એવી કાર્યપ્રણાલી કે જ્યા
ખરીદનાર અને વેચનાર
વસ્તુ અને સેવાની
કિંમત અને જથ્થાને
નક્કી કરવાના હેતુથી એકબીજાના સંપર્કમાં આવે છે.'

પ્રશ્ન 2 – બજારના ઘટકો(લક્ષણો) સમજાવો.

(1) <u>ખરીદનારા અને વેચનારા</u> :

બજારમાં વસ્તુ કે સેવાના ખરીદનારા અને વેચનારા હોવા ફરજિયાત છે. ખરીદનાર અને વેચનાર દ્વારા પોતાના અંગત હેતુસર જે વિનિમય કરવામાં આવે તેને ખરીદવેચાણની પ્રક્રિયા કહે છે.

વેચનારનો હેતુ મહત્તમ નફો મેળવવાનો જ્યારે ખરીદનારનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો છે.

(2) <u>વસ્તુ કે સેવાઓ</u> :

ખરીદ-વેચાણની પ્રક્રિયા માટે વસ્તુ અને સેવાઓ હોવી જરૂરી છે. ઉત્પાદન મહત્તમ નફો મેળવવા વસ્તુ કે સેવા વિભિન્ન સ્વરૂપે બહાર પાડે છે. જે ખરીદવા ગ્રાહકને આકર્ષવા પ્રયત્ન કરે છે. જ્યારે ખરીદનાર વસ્તુ કે સેવાના વપરાશથી મહત્તમ સંતોષ મેળવવા આદર્શ સંયોજન ખરીદે છે.

(3) <u>સંપર્ક</u> :

બજારમાં વેચાતી વસ્તુ કે સેવાના ખરીદનાર વિનિમયના હેતુથી એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે છે.

➔ તેઓ નીચેની રીતે સંપર્ક કરે છે.

1) ટેલિશોપિંગ :

જેમાં વસ્તુ કે સેવાની ગ્રાહક દ્વારા જાતે તપાસ કરી ટેલિફોન દ્વારા વસ્તુ કે સેવાની ખરીદીનો ઓર્ડર અપાય છે.

2) ઓનલાઇન શોપિંગ :

આ પદ્ધતિમાં ઇન્ટરનેટના માધ્યમથી જે-તે વસ્તુ કે સેવાના વેચનારની વેબસાઇટ પર જઇ વસ્તુ કે સેવાની પસંદગી કરી ખરીદીનો ઓર્ડર અપાય છે.

આ બંન્ને ખરીદનાર-વેચનારના પરોક્ષ સંપર્કની પદ્ધતિ છે.

(4) <u>કિંમત</u> :

વસ્તુ કે સેવાના વિનિમય માટે ચોક્કસ કિંમત નક્કી થયેલી હોવી જોઇએ. વસ્તુ કે સેવાની બજારકિંમત વસ્તુની બજારમાંગ અને બજાર પુરવઠા દ્વારા નક્કી થાય તે મુજબ વિનિમયની પ્રક્રિયા થાય છે.

Devang Sir

(5) <u>બજાર સ્થિતિ અંગે ની જાણકારી</u> :

બજારની સ્થિતિ અંગેની જાણકારી ખરીદનાર અને વેચનારને હોવી જોઇએ. બજારમાં તેજી-મંદી, ફુગાવો અથવા કુદરતી કે માનવીય આફત આવી હોય તેવા સંજોગોમાં ઉત્પાદન ખરીદ કે વેચાણ અંગે જાણકારીના આધારે યોગ્ય નિર્ણયો લઇ શકાય.

પ્રશ્ન 3 – બજારનું વર્ગીકરણ સમજાવો.



પ્રશ્ન 4 – સ્થાન આધારિત બજારનું વર્ગીકરણ સમજાવો.

A. સ્થાનિક બજાર :

વસ્તુ કે સેવાનું જ્યાં ઉત્પાદન થતુ હોય ત્યાં જ વેચાણ થાય તેવા બજારને સ્થાનિક બજાર કહે છે.

આ બજાર કોઇ ચોક્કસ શહેર કે વિસ્તાર પુરતું મર્યાદિત હોય છે.

<u>દા.ત.</u> – માટીના વાસણોનું બજાર.

B. પ્રાદેશીક બજાર :

વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ કોઇ ચોક્કસ પ્રદેશ પુરતું સીમીત હોય તેવા બજારને પ્રાદેશીક બજાર કહે છે.

પ્રાદેશિક બજાર એક જ રાજ્યના જુદા-જુદા વિસ્તાર કે જિલ્લા સુધી ફેલાયેલા હોય છે.

દા.ત. – પ્રાદેશિક ભાષામાં લખાયેલા પુસ્તકો.

C. રાષ્ટ્રીય બજાર :

જ્યારે વસ્તુ કે સેવા સમગ્ર દેશમાં ખરીદ-વેચાણ પામતી હોય તેવા બજારને રાષ્ટ્રીય બજાર કહે છે.

આ બજાર દેશના વિભિન્ન રાજ્યો સુધી ફેલાયેલા હોય છે.

દા.ત. – ભારતિય રેલ્વેનું બજાર અને હિન્દી ભાષામાં લખાયેલા પુસ્તકો.

D. આંતરરાષ્ટ્રીય બજાર :

જ્યારે વસ્તુ કે સેવાનું ખરીદ-વેચાણ સમગ્ર વિશ્વમાં થતું હોય તેવા બજારને આંતરરાષ્ટ્રીય બજાર કહે છે.

આ બજારમાં થતા ખરીદ-વેચાણ માટે આયાત-નિકાસ શબ્દનો ઉપયોગ થાય છે.

દા.ત. – મોબાઇલ ...

પ્રશ્ન 5 – જથ્થા આધારિત બજારનું વર્ગીકરણ સમજાવો.

A. જથ્થાબંધ વેપાર :

જથ્થાબંધ વેપારી ઉત્પાદક પાસેથી મોટા જથ્થામાં વસ્તુ ખરીદી છુટક વેપારીને વેચાણ કરે ત્યારે તેને જથ્થાબંધ વેપાર કહે છે.

આ બજારમાં છુટક વેપારી ખરીદનાર બને છે. જે ગ્રાહકોને વેચાણ કરશે. જથ્થાબંધ બજારનો વેપારી ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેની એક મહત્વની કડી સમાન છે.

દા.ત. – અનાજનું જથ્થાબંધ બજાર.

B. છુટક બજાર :

જથ્થાબંધ વેપારી પાસેથી ખરીદી કરી જરૂરિયાત મુજબ ગ્રાહક વર્ગને વેચાણ કરતા બજારને છુટક બજાર કહે છે.

છુટક બજારમાં ખરીદ-વેચાણ નાના જથ્થામાં થાય છે. છુટક વેપારી ગ્રાહક સુધી વસ્તુ પહોંચાડે છે. એટલે કે છુટક બજારમાં વસ્તુનું પુનઃવેચાણ કરવામાં આવે છે.

પ્રશ્ન 6 – હરિફાઇની દ્રષ્ટિએ બજારના વર્ગીકરણમાં પુર્ણ હરિફાઇવાળા બજારનો અર્થ અને લક્ષણો સમજાવો.

પુર્ણ હરિફાઇવાળુ બજાર એક આદર્શ સ્થિતિ છે. પરંતુ તે માત્ર સૈદ્ધાંતિક સ્થિતિ જ બની રહે છે.

અર્થશાસ્રમાં પુર્ણ હરિફાઇવાળા બજારનો અભ્યાસ ખુબ જ અગત્યનો ગણાવામાં આવે છે. કારણ કે આ બજારના અભ્યાસથી જ મોટા ભાગની બજારની લાક્ષણિકતાને સમજી શકાય છે. ખેતી ક્ષેત્ર સિવાય પુર્ણ હરિફાઇના લક્ષણો એક સાથે જોવા મળતા નથી.

શ્રીમતી જ્હોન રોબિન્સનના મતે,

“પુર્ણ હરિફાઇ ત્યાં અસ્તિત્વ ધરાવે છે. જ્યાં ઉત્પાદકની ઉત્પાદિત વસ્તુની માંગ સંપુર્ણ મુલ્ય સાપેક્ષ હોય.”

પ્રો. લેફ્ટવિચના મતે,

“પુર્ણ હરિફાઇ એક એવી બજાર વ્યવસ્થા છે કે જેમાં બજારકિંમતને અસર પહોંચાડી શકે તેટલી મોટી પેઢી સમગ્ર બજારમાં ન હોવા સાથે ઘણી પેઢીઓ સમાનગુણી વસ્તુનું વેચાણ કરે છે.”

➔ લક્ષણો :

(1) અસંખ્ય ખરીદનાર અને અસંખ્ય વેચનાર :

પુર્ણ હરીફાઇવાળા બજારમાં અસંખ્ય વેચનાર અને અસંખ્ય ખરીદનારાઓ પ્રાથમિક શરત છે. આવા બજારમાં અસંખ્ય વેચનારાઓ પૈકી કોઇ એક વેચનાર બજારના કુલ પુરવઠાનો ખુબ જ નાનો ભાગ વહેચાતો હોવાથી સમગ્ર વસ્તુના બજાર પુરવઠા કે બજારકિંમતને અસર પહોંચાડી શકતો નથી.

ઉદાહરણ તરીકે, ઘઉના એક ખેતરમાં ઘઉનું ઉત્પાદન વધે કે ઘટે તેનાથી ઘઉના કુલ જથ્થામાં કોઇ ફેરફાર થતો નથી.

ખરીદનારા પણ અસંખ્ય હોવાથી વેચનારની જેમ તેઓ પણ બજારકિંમત પર માંગમાં ફેરફાર કરી અસર પહોંચાડી શકતા નથી. આવા બજારમાં વસ્તુની કિંમત બજારમાંગ અને બજારપુરવઠા દ્વારા નક્કી થાય છે. એટલે કે આ બજારમાં વહેંચનારાઓ Price tacker કિંમત સ્વીકારનારા હોય છે.

(2) સમાનગુણી વસ્તુઓ :

આ બજારમાં વસ્તુઓ સમાનગુણી એટલે કે રૂપ, રંગ, કદ, આકાર, વજન, ગુણવત્તા જેવી બાબતો એકસરખી હોય છે. જેથી આ બજારની તમામ વસ્તુઓ એકબીજાની સંપુર્ણ અવેજી હોય છે.

વસ્તુઓ સમાનગુણી હોવાથી વિવિધ ઉત્પાદકો વસ્તુની જુદી-જુદી કિંમત લઇ શકતા નથી. અને ખરીદનારાઓ પણ સમાનગુણી લક્ષણને લીધે વસ્તુમાં સામ્યતા જોવા હોવાથી જુદી-જુદી કિંમત ચુકવવા તૈયાર થતી નથી.

(3) પેઢીની મુક્ત અવર-જવર :

આ બજારમાં પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણ પ્રવેશ અને નિકાસ થાય છે. કોઇ ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોઇ ત્યારે તેનાથી આકર્ષાયેલ પેઢીઓ મુક્તપણે ઉદ્યોગમાં પ્રવેશી શકે તેમજ કોઇ ઉદ્યોગમાં અસામાન્ય ખોટની સ્થિતિ ઊભી થતા ઉદ્યોગ છોડીને જઇ શકે છે. એટલે કે પેઢીના અવરજવર પર કોઇ પ્રતિબંધ નથી.

પરંતુ આ અવરજવર માત્ર ટુંકાગાળામાં જ જોવા મળે છે. પરંતુ લાંબાગાળે જ્યારે પુર્ણ હરિફાઇવાળું બજાર સામાન્ય નફાની સ્થિતિમાં હોઇ ત્યારે અવરજવર આપોઆપ બંધ થાય છે. કારણ કે સામાન્ય સ્થિતિમાં ઉદ્યોગમાં પ્રવેશવાનું કોઇ આકર્ષણ રહેતું નથી. અને ખોટ ન થતી હોવાથી ઉદ્યોગ છોડીને જતા નથી.

(4) બજાર અંગેનું સંપુર્ણ જ્ઞાન :

પુર્ણ હરિફાઇવાળા બજારમાં ઉત્પાદકો, વેચનારાઓ અને ખરીદનારને વસ્તુની વર્તમાનકિંમત અને ઉપલબ્ધતા વિશે સંપુર્ણ જ્ઞાન હોય છે.

આવા બજારમાં ઉત્પાદક કે વેપારી અન્ય ઉત્પાદકો કે વેપારીઓ કઇ ગુણવતાવાળી વસ્તુ કેટલી કિંમતે વેંચે છે ? અવેજી કે પુરક વસ્તુ કઇ-કઇ છે ? વગેરે જેવી બાબતોથી માહિતગાર હોય છે. આથી આવા બજારમાં કોઇ એક ઉત્પાદક કે વેપારી વસ્તુની કિંમત જુદી-જુદી લઇ શકતા નથી.

આ બજારમાં ગ્રાહકો પણ વસ્તુની કિંમત અને ગુણવત્તા જેવી બાબતોથી સંપુર્ણ માહિતગાર હોવાને કારણે ઉત્પાદક ગ્રાહક પાસેથી વધુ કિંમત લઇ શકતો નથી.

(5) ઉત્પાદનના સાધનો સંપુર્ણ ગતિશીલ :

આ બજારમાં ઉત્પાદનના ચારેય સાધનો ભૌગોલિક વ્યવસાયિક અને ઉપયોગની દ્રષ્ટિએ સંપુર્ણ ગતિશીલ હોય છે.

જેમ આ બજારમાં વસ્તુની કિંમત એકસરખી હોય તેમ ઉત્પાદનના સાધનોનું વળતર પણ એકસરખા હોય છે. કારણ કે ઉત્પાદનના સાધનો સંપુર્ણ ગતિશીલ હોવાને કારણે ઓછા વળતરથી વધુ વળતર તરફ સ્થળાંતર પામે છે. આવા સ્થાનાંતરને અટકાવવા પેઢી એકસમાન કિંમતો રાખે છે.

(6) વાહનવ્યવહાર ખર્ચનો અભાવ :

પુર્ણ હરિફાઇવાળા બજારમાં ખરીદનાર અને વેચનાર અસંખ્ય હોવાથી વેચાણ વધુ થાય છે. પુર્ણ હરિફાઇના વિશ્લેષણમાં વાહનવ્યવહાર ખર્ચ ખુબ જ ઓછો હોવાથી તે ખર્ચ શુન્ય થાય છે. એમ માની લેવામાં આવે છે. એટલે કે વાહનવ્યવહાર ખર્ચની ગેરહાજરી આ બજારનું મહત્વનું લક્ષણ છે.

પ્રશ્ન 7 – ઇજારો એટલે શું ? તેના લક્ષણો સમજાવો.

➔ અર્થ :

ઇજારાને અંગ્રેજીમાં Monopoly કહે છે. જે ગ્રીક ભાષાનો શબ્દ છે.



એક વેચનાર કે ઉત્પાદકનું બજાર.

પ્રો. ચેમ્બરલીનના મતે,

"જ્યારે વસ્તુના પુરવઠા પર એક પેઢીનો અંકુશ હોય તો તેને ઇજારો કહે છે."

પ્રો. સ્ટીગલરના મતે,

"વસ્તુનો એક જ વેચનાર એટલે ઇજારદાર."

➔ લક્ષણો :

(1) એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર

ઇજારાવાળા બજારમાં વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે. જે વસ્તુના પુરવઠા પર કાબુ ધરાવે તેને ઇજારાદાર કહે છે.

Devang Sir

આવા બજારમાં ઉત્પાદક કે વેચનાર એક જ હોવાથી હરિફાઇનું તત્વ જોવા મળતું નથી. તેથી વેચનાર કિંમત પર સંપુર્ણ કાબુ ધરાવે છે. એટલે કે તેને કિંમત નક્કી કરનાર (Price Maker) કહે છે.

આવા બજારમાં ખરીદનાર અસંખ્ય હોય છે. જેથી એક ખરીદનારનું અસ્તિત્વ ખુબ નાનું હોય છે. તેથી તેઓ કિંમત પર અસર પાડી શકતા નથી.

(2) નજીકની અવેજી વસ્તુનો અભાવ :

આ બજારમાં જે વસ્તુનું ઉત્પાદન કે વેચાણ થતું હોય તેની નજીકની અવેજી વસ્તુ બજારમાં ઉપલબ્ધ હોતી નથી. બજારમાં વ્યવહારિક રીતે અશુદ્ધ ઇજારો જોવા મળે છે. જેમાં નજીકની અવેજી વસ્તુનો અભાવ હોય પરંતુ દુરની અવેજી વસ્તુ હોવાની શક્યતા રહેલી છે.

દા.ત. – રેવલેમાં કોઇ ચોક્કસ સમયે અને તારીખે આરક્ષિત ટીકીટ ન મળે તો બીજી કોઇ રેલવે કંપનીમાં ટીકીટ મળી શકતી નથી. કારણ કે એવી કોઇ નજીકની અવેજી વસ્તુ બજારમાં ઉપલબ્ધ નથી.

(3) નવી પેઢીના પ્રવેશ પર અંકુશ :

ઇજારાવાળા બજારમાં એક જ ઉત્પાદક કે વેચનારનું અસ્તિત્વ હોય છે. તેથી ઇજારો તોડવો શક્ય બને છે. તેમ છતા તે સરળ પ્રક્રિયા નથી. તેથી કોઇ હરિફ બજારમાં ન હોવાથી ઇજારાદાર ઇજારાની સ્થિતિ લાંબા સમય સુધી ટકાવી રાખે છે.

આવા બજારમાં કુદરતી, કાયદાકીય, અનુભવ અને આવડત વગેરે જેવા પરિબળોને લીધે નવી પેઢીનો પ્રવેશ અવરોધાય છે.

(4) કિંમત અથવા વેચાણ પર કાબુ :

ઇજારાવાળા બજારમાં મહત્તમ નફાના હેતુથી ઇજારદાર વસ્તુના પુરવઠા પર કાબુ ધરાવે છે. પરંતુ ઇજારાદાર એક સાથે વસ્તુની કિંમત અને વેચાણ પર કાબુ મેળવી શકતો નથી. એટલે કે ઇજારાદાર વસ્તુની ઊંચી કિંમત નક્કી કરે તો વસ્તુનું ઓછું વેચાણ સ્વીકારવું પડે. પણ જો વેચાણ વધારવા ઇચ્છતો હોય તો નીચી કિંમત સ્વીકારવી પડે છે.

આમ, ઇજારાદાર કિંમતને વેચાણરૂપી બંને ઘોડા પર એકસાથે સવાર થઇ શકતો નથી.

(5) અસામાન્ય નફો :

ઇજારાવાળા બજારમાં એક જ વેચનાર હોવાથી અને નવી પેઢીનો પ્રવેશ બંધ હોવાથી ટુંકા અને લાંબાગાળા દરમિયાન અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે. આ બજારમાં વેચનાર કિંમત ઊંચી રાખી શકતો હોવાથી નફો મેળવી શકે છે.

(6) કિંમત ભેદભાવ :

ઇજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનાર કિંમત નક્કી કરનાર હોવાથી એક જ વસ્તુની જુદી-જુદી કિંમત વસુલી શકે છે. અથવા તો વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત લઇ શકે છે. ઇજારાદાર કિંમત ભેદભાવવાળી નીતિનો ઉપયોગ કરે છે.

દા.ત. – ડૉકટર

(7) પેઢી એ જ ઉદ્યોગ :

પેઢી એટલે ઉત્પાદન કરતો એક સ્વતંત્ર એકમ. ઉદ્યોગ એટલે એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમુહ.

ઇજારાવાળા બજારમાં ઉત્પાદન કે વેચનાર એક જ હોવાથી તે વાસ્તવમાં પેઢી છે અને આવા ઉદ્યોગો પેઢીનો સમુહ પણ એક પેઢી જ થાય છે. માટે કહી શકાય કે ઇજારાવાળા બજારમાં પેઢી એ જ ઉદ્યોગ છે.

પ્રશ્ન 8 – ઇજારાયુક્ત હરિફાઇવાળું બજારનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો.

સામાન્ય ભાષામાં થોડો ઇજારો અને થોડી હરીફાઇ હોય તેવા બજારને ઇજારાયુક્ત હરિફાઇવાળું બજાર કહે છે.

પ્રો. ચેમ્લરલીનના મતે,

પુર્ણ હરિફાઇ અને પુર્ણ ઇજારો ન હોય પણ બંનેનું સહઅસ્તિત્વ હોય તેવા બજારને ઇજારાયુક્ત હરિફાઇ કહે છે.

શ્રીમતી રોબિન્સનના મતે,

જો પ્રત્યેક્ષ પેઢી ઇજારદારબનતી હોય અને સાથે-સાથે તે હરિફાઇ પણ કરતી હોય તેવી બજારની સ્થિતિને અપુર્ણ હરિફાઇ કહે છે.

➔ લક્ષણો :

(1) મોટી સંખ્યામાં વેચનારાઓ અને અસંખ્ય ખરીદનારા :

પુર્ણ હરિફાઇમાં અસંખ્ય વેચનારાઓ હોય જ્યારે ઇજારામાં એક જ વેચનાર હોય છે. પરંતુ ઇજારાયુક્ત હરિફાઇમાં ઘણા ઉત્પાદકો અને વેચનારા હોય છે. જેથી આ બજારમાં હરિફાઇનું તત્વ મોટા પાયે જોવા મળે છે.

આ બજારમાં અસંખ્ય ખરીદનાર હોવાથી કોઇ ખરીદનાર વ્યક્તિગત રીતે વસ્તુની કિંમત પર કોઇ પ્રભાવ કે ફેરફાર લાવી શકતા નથી.

(2) વસ્તુ વિભિન્નતા :

‘વસ્તુ વિભિન્નતા એટલે એક જ પ્રકારની વસ્તુ અન્ય વસ્તુની સ્વરૂપ, ગુણધર્મ કે ગુણવત્તામાં ભિન્ન છે. તેમ દર્શાવવું.’

આ ઇજારાવાળા બજારનું વિશિષ્ટ લક્ષણ છે. આ બજારમાં ઉત્પાદકો જે વસ્તુનું ઉત્પાદન કરે તે સમાનગુણી હોતી નથી. તેમાં રૂપ, રંગ, ગંધ, સ્વરૂપ, કદ, આકાર, વજન અને સ્વાદની દ્રષ્ટિએ નજીવો તફાવત હોય છે.

આ બજારમાં એક વસ્તુને બીજી વસ્તુથી જુદી પાડવા અને વિશિષ્ટ ઓળખ આપવા વસ્તુ આપવા વસ્તુ વિભિન્નતા ઉપયોગી છે.

(3) પેઢીઓની મુક્ત અવરજવર :

આ બજારમાં પેઢીઓનો ઉદ્યોગમાં વિના નિયંત્રણે પ્રવેશ અને નિકાસ એટલે કે મુક્ત અવર-જવર હોય છે.

આ બજારમાં જ્યારે કોઇ એક ઉદ્યોગ અસામાન્ય નફાની સ્થિતિમાં હોય ત્યારે નફાથી આકર્ષાય પેઢીઓ મુક્તપણે પ્રવેશ તેમજ અસામાન્ય ખોટના કારણે ઉદ્યોગ છોડી જઇ શકે છે.

આવી મુક્ત અવરજવર માત્ર ટુંકાગાળામાં જ જોવા મળે છે. પરંતુ લાંબાગાળે જ્યારે ઇજારાયુક્ત હરિફાઇવાળા બજારમાં સામાન્ય નફો મેળવે ત્યારે પેઢીઓની અવરજવર આપમેળે બંધ થાય છે.

(4) વેચાણ-ખર્ચ :

‘વેચાણ-ખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.’

જેમાં વસ્તુનું આકર્ષક-ઉપયોગી પેકિંગ, વાહનવ્યવહાર ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ અને છુટક વેપારીને ચુકવાતી ખાસ રકમો, શો-રૂમ અને સેલ્સમેન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી છુટછાટ અને સૌથી અગત્યના જાહેરાતખર્ચનો સમાવેશ થાય છે.

આ ઇજારાયુક્ત હરિફાઇનું વિશિષ્ટ લક્ષણ છે. આવા બજારમાં ઉત્પાદક કે વેપારીની મોટી સંખ્યા વચ્ચે હરિફાઇ થતી હોવાથી ગ્રાહકને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણખર્ચનો ઉપયોગ થાય છે. જેનાથી વસ્તુઓને એક ચોક્કસ ઓળખ મળે છે.

(5) બિનકિંમત હરિફાઇ :

આ બજારમાં કિંમતની હરિફાઇ સાથે બિનકિંમતની હરિફાઇ પણ જોવા મળે છે. આ બજારમાં ઉત્પાદકો વસ્તુની કિંમત સ્થિર રાખી ગુણવત્તામાં ફેરફાર કરી ગ્રાહકને આકર્ષવા પ્રયત્ન કરે છે. ઉપરાંત વેચાણ બાદની ગુણવત્તાસભર સેવા પુરી પાડી ગ્રાહકને આકર્ષે છે. આ પ્રકારનું બિનકિંમત હરિફાઇનું લક્ષણ આ જ બજારમાં જોવા મળે છે.

(6) બજાર અંગેનું અપુરતું જ્ઞાન :

આવા બજારમાં વેચનારા અને ખરીદનારાઓને બજારની સ્થિતિ અંગેનું સંપુર્ણ જ્ઞાન નથી. એટલે કે નજીકની અવેજીની તમામ વસ્તુના ગુણધર્મો અને ગુણવત્તાથી માહિતગાર હોતા નથી. તેથી આ બજારમાં એક સરખા ઉપયોગમાં આવતી વસ્તુની કિંમતમાં ફેરફાર હોય છે.

આમ, આ બજારમાં નજીકની અવેજી વસ્તુની કિંમતો એકસમાન હોતી નથી.

પ્રશ્ન 9 – અલ્પહસ્તક ઇજારો એટલે શું ? તેના લક્ષણો જણાવો.

અલ્પહસ્તક ઇજારાને અંગ્રેજીમાં ‘Oligapoly’ કહે છે.



અલ્પહસ્તક ઇજારાનો અર્થ અલ્પ ઉત્પાદકો કે વેચનારાઓનું બજાર થાય છે.

આ બજારમાં ઉત્પાદકો સમાનગુણી અને નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કરતા હોવાથી હરિફાઇનું પ્રમાણ તીવ્ર કક્ષાનું હોય છે.

<u>પ્રો. સ્ટીગલરના મતે</u>,

“અલ્પહસ્તક ઇજારો એ એવી પરિસ્થિતિ છે કે જેમાં પેઢી પોતાની બજાર અંગેની નીતિ, પોતાના હરિફોની અંદાજિત વર્તણુંકને આધારે નક્કી કરે છે.”

Devang Sir

પ્રો. બોમલના મતે,

"અલ્પહસ્તક ઇજારો એ એક એવું બજાર છે જેમાં અલ્પ વેચનારાઓ પૈકી કેટલાક વેચનારાઓ એટલું મોટું કદ ધરાવે છે કે જે બજારની કિંમતને અસર પહોંચાડી શકે."

➔ લક્ષણો :

(1) અલ્પ વેચનારા અને અસંખ્ય ખરીદનાર :

અલ્પ હસ્તક ઇજારાવાળા બજારમાં ઉત્પાદક કે વેચનારાઓની સંખ્યા 2 થી વધુ અને આશરે 10 થી 20 સુધી મર્યાદિત હોય છે. જેના કારણે અલ્પ વેચનારાઓ બજાર પર ઇજારાશાહી પ્રકારનો કાબુ ધરાવે છે. માટે આ બજારને અલ્પહસ્તક ઇજારો કહે છે.

બજારમાં ખરીદનારા અસંખ્ય હોવાથી વ્યક્તિગત રીત ખરીદનારાનું અસ્તિત્વ ખુબ નાનું હોય છે. જેના કારણે ખરીદનારા કિંમત પર અસર પાડી શકતા નથી.

(2) સમાનગુણી અને નજીકની અવેજી વસ્તુ :

આ બજારમાં વેચાતી તમામ વસ્તુઓ સમાનગુણી કે નજીકની અવેજી હોય છે.

જ્યારે બજારની પેઢીઓ સમાનગુણી વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરે ત્યારે બજારને સંપુર્ણ અલ્પ હસ્તક ઇજારો કહે છે.

જેમ કે, ક્રુડ ઓઇલ, મીઠું અને ચાનું બજાર

જ્યારે બજારની પેઢીઓ નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરે ત્યારે બજારને અપુર્ણ-અલ્પ હસ્તક ઇજારાવાળું બજાર કહે છે.

જેમ કે, ઠંડા પીણાનું બજાર

(3) પેઢીઓનો પ્રવેશ :

અલ્પહસ્તક ઇજારાવાળા બજારમાં નવી પેઢીઓનો પ્રવેશ અલ્પહસ્તક ઇજારાના પ્રકાર મુજબ મુક્ત કે પ્રતિબંધિત હોય છે.

જો બજારમાં મુક્ત અલ્પ-હસ્તક ઇજારો તો બજારમાં નવી પેઢીનો પ્રવેશ મુક્ત હોય છે.

બજારમાં પ્રતિબંધિત અલ્પ-હસ્તક ઇજારો હોય ત્યારે નવી પેઢીનો પ્રવેશ પ્રતિબંધિત હોય છે.

(4) વેચાણ-ખર્ચ :

'વેચાણ-ખર્ચ એટલે વસ્તુના વેચાણ માટે થતો ખર્ચ.'

જેમાં વસ્તુનું આકર્ષક-ઉપયોગી પેકિંગ, વાહનવ્યવહાર ખર્ચ, વેચાણવેરો, જથ્થાબંધ અને છુટક વેપારીને ચુકવાતી ખાસ રકમો, શો-રૂમ અને સેલ્સમેન પાછળ થતો ખર્ચ, વેચાણ માટે અપાતી છુટછાટ અને સૌથી અગત્યના જાહેરાતખર્ચનો સમાવેશ થાય છે.

આ ઇજારાયુક્ત હરિફાઇનું વિશિષ્ટ લક્ષણ છે. આવા બજારમાં ઉત્પાદક કે વેપારીની મોટી સંખ્યા વચ્ચે હરિફાઇ થતી હોવાથી ગ્રાહકને આકર્ષવાના ઉદ્દેશથી વેચાણખર્ચનો ઉપયોગ થાય છે. જેનાથી વસ્તુઓને એક ચોક્કસ ઓળખ મળે છે.

(5) પરસ્પર અવલંબન :

અલ્પહસ્તક ઇજારવાળા બજારમાં ઉત્પાદકો કે વેચનારાઓ એટલા અલ્પ હોય છે કે એકબીજા વિશેની જરૂરી માહિતી રાખી શકે. અને તેમની હરિફ પેઢીની વસ્તુના પ્રકાર અને ગુણવત્તા પર દેખરેખ રાખી શકે છે. જેના કારણે પેઢી જ્યારે પોતાની વસ્તુની કિંમત કે ગુણવત્તાના સંદર્ભમાં નિર્ણય લેવા ઇચ્છતી હોય ત્યારે હરિફોના વર્તન પર અવલંબે છે.

(6) કિંમતની ચુસ્તતા(ખાંચાવાળી માંગરેખા) :

આ બજારમાં પેઢીઓની સંખ્યા ઓછી હોય છે અને દરેક પેઢી પરસ્પરાવલંબી હોવાને કારણે જો કોઇ એક પેઢી કિંમત ઘટાડે તો અન્ય પેઢીઓની વસ્તુની કિંમતની સરખામણીમાં આ પેઢીની વસ્તુ સસ્તી બનતા તેની માંગમાં વધારો થશે. તેથી હરીફ પેઢીની માંગમાં ઘટાડો થશે. જો હરીફ પેઢી આવું બનવા ન દેવા માંગતી હોય તો તેમણે ફરજિયાત કિંમત ઘટાડો અપનાવવો પડશે. આ પ્રકારની કિંમત હરિફાઇના કારણે વસ્તુની કિંમત કોઇ એક નિમ્ન સ્તરે પહોંચે જ્યાંથી વધુ કિંમતનો ઘટાડો શક્ય બનતો નથી. જ્યારે બીજી તરફ કોઇ પેઢી વસ્તુની કિંમત વધારે તો તેની વસ્તુની માંગ ઘટશે. જેનો લાભ હરીફ પેઢીને થશે. આમ હરીફ પેઢીઓ કિંમત ઘટાડાને આવકારે છે. પરંતુ કિંમત વધારો અનુસરતી નથી. જેથી આ બજારમાં વસ્તુની કિંમત કોઇ એક સપાટીએ જડ કે ચુસ્ત બને છે. જેના કારણે બજારમાં વસ્તુની માંગરેખા ખાંચવાળી બને છે.



પ્રશ્ન 10 – તફાવત લખો : પુર્ણ હરિફાઇ અને ઇજારો.

પુર્ણ હરિફાઇ	ઇજારો
ખરીદનાર અને વેચનાર અસંખ્ય હોય છે.	ખરીદનાર અસંખ્ય પણ ઉત્પાદક કે વેચનાર એક જ હોય છે.
ઉદ્યોગમાં અનેક પેઢી હોય છે.	પેઢી એક જ હોવાથી પેઢી અને ઉદ્યોગ એક જ છે.
પેઢીની અવરજવર મુક્ત હોય છે.	પેઢી આ બજારમાં પ્રવેશી શક્તી નથી.
વ્યક્તિગત ગ્રાહક કે પેઢી કિંમત પર અસર કરી શકતા નથી.	વ્યક્તિગત પેઢી વસ્તુની કિંમત પર અસર કરી શકે છે.
વસ્તુની કિંમત બજારના પરિબળો દ્વારા નક્કી થાય છે.	વસ્તુની કિંમત પેઢી જ નક્કી કરે છે.
પેઢીની માંગરેખા સંપુર્ણ મુલ્ય સાપેક્ષ હોય છે.	પેઢીની માંગરેખા સંપુર્ણ મુલ્ય અનપેક્ષ હોય છે.

પ્રશ્ન 11 – તફાવત લખો : ઇજારો અને ઇજારાયુક્ત હરિફાઇ

ઇજારો	ઇજારાયુક્ત હરિફાઇ
અસંખ્ય ખરીદનાર અને એક જ ઉત્પાદક કે વેચનાર હોય છે.	અસંખ્ય ખરીદનાર અને વેચનાર કે ઉત્પાદક મોટી સંખ્યામાં હોય છે.
નજીકની અવેજી વસ્તુનો અભ્યાસ હોય છે.	પેઢી એકબીજાની નજીકની અવેજી વસ્તુનું ઉત્પાદન કરે છે.
પેઢીનો પ્રવેશ પ્રતિબંધિત છે.	પેઢીનો પ્રવેશ મુક્ત છે.
પેઢીનો કિંમત ઉપર અંકુશ વધુ છે.	પેઢીનો કિંમત ઉપર અંકુશ ઓછો હોય છે.
લાંબાગાળાની સમતુલામાં પેઢીને અસામાન્ય નફો મળે છે.	લાંબાગાળાની સમતુલામાં પેઢીને સામાન્ય નફો જ મળે છે.
નજીકની અવેજી વસ્તુ નહિ હોવાથી તથા એક જ પેઢી હોવાથી વેચાણ-ખર્ચ જરૂરી નથી.	નજીકની અવેજી વસ્તુ બનાવતી અનેક પેઢી હોવાથી વેચાણ-ખર્ચ અનિવાર્ય છે.

Devang Sir

પાઠ 7. ભારતીય અર્થતંત્ર

➔ **પ્રસ્તાવના :**

ભારતએ ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતો વિશ્વનો સૌથી મોટો લોકશાહી શાસનવ્યવસ્થા ધરાવતો દેશ છે. જેમાં બિન-સાંપ્રદાયિકતાને કારણે વિવિધતામાં એકતાના દર્શન થાય છે.

'ભારત' – દેશનું નામ કઇ રીતે પડ્યું તેનો ઉલ્લેખ મહાભારતમાં થયો છે. તે મુજબ રાજા દુષ્યંત અને રાણી શકુંતલાના પુત્ર ભરત પરથી રાખવામાં આવ્યું હતું. તે સમયે ભારત ખેતી, ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે સક્ષમ હોવાથી ધનિક દેશ હતો. તેથી ભુતકાળમાં ભારતને 'સોને કી ચીડીયા'ના નામે ઓળખતા.

ભારત દેશએ સમુદ્ર દ્વારા આકર્ષાયેલો દેશ છે તેથી ભારત પર અનેક આક્રમણો થયા અને ભારત પર ધીમે-ધીમે સતા પણ હાંસલ થઇ.

વર્ષ 1526 થી 1858(16મી સદીની શરૂઆતથી 19મી સદીના મધ્ય) સુધી ભારત પર મુગલ સામ્રાજ્યનું શાસન ઉપરાંત ભારતમાં વેપાર અર્થ પોર્ટુગીઝ, ફ્રેંચ, ડચ અને અંગ્રેજ જેવી વિદેશી પ્રજાનું આગમન થયું હતું. જેમાં અંગ્રેજોએ 1757 થી 1947 સુધી ભારત પર શાસન કર્યું.

1757થી 1858 સુધી ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન જ્યારે 1858 થી 1947 સુધી બ્રિટીશ શાસનકાળનો સમયગાળો હતો.

આમ, અંગ્રેજોએ ભારત પર 18મી સદીના મધ્યથી 20મી સદીના મધ્ય સુધી શાસન કર્યું અને અંતે 15મી ઓગષ્ટ 1947ના રોજ ભારતને સ્વતંત્ર જાહેર કર્યું.

પ્રશ્ન 1 – ટુંકનોંધ લખો : પ્રાચીન ભારત

પ્રાચીન ભારત એટલે હિંદુસ્તાન કે જે સિંધુખીણની સંસ્કૃતિ અને આર્ય સંસ્કૃતિનો સમન્વય છે. ભારત વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવે છે. જેના અવશેષ હડપ્પા અને મોંહે-જો-દડો નામના સ્થળેથી મળ્યા છે.

પ્રાચીન ભારતની સંસ્કૃતિ ખુબ જ સમૃદ્ધ હતી. તેના કારણે વિશ્વમાં ભારત પ્રાચીન સમયથી જ ખેતીમાં વિવિધતા અને આધુનિકતા ધરાવતો દેશ હતો. ભારતના ખેડુતો સમુદ્ધિ અને સાહસિક હતા.

ભારતના ઉદ્યોગો પણ ઊતરતી કક્ષાના ન હતા. તે સમયે ભારતમાં કાપડ, શણ, કોલસો, ગડી, ચા, કોફી અને રબર જેવા ઉદ્યોગોનો વિકાસ થયો હતો. જેમાં ભારત સુતરાઉ કાપડના ઉત્પાદન અને નિકાસમાં અગ્રેસર હતું.

ભારતનો વેપાર પણ વિશ્વ પ્રસિદ્ધ હતો. પ્રાચીન સમયથી ભારતના વેપારી અગવડતા ભોગવી જળમાર્ગે વિશ્વના દેશોમાં મરી-મસાલા, તજ-તેજાના, સુતરાઉ કાપડ, ગરમ કાપડ અને મલમલના કાપડનું વેચાણ કરી અઢળક નાણા કમાતા.

આમ, પ્રાચીન ભારત ખેતી, ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે વિકસિતતા અને આર્થિક સંપન્નતાનું પ્રતિક હતા.

➔ રાષ્ટ્રીય આવક :

આર્થિક ઇતિહાસકાર અંગુશ મેડિસનના જણાવ્યા મુજબ ભારત વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર હતું.

મૌર્યયુગમાં સમગ્ર ભારત એક જ રાજાના નેજા(શાસન) હેઠળ હોવાથી અર્થતંત્રમાં ઘણા અગત્યના અને વિકાસલક્ષી નિર્ણયો લેવાયા હતા. જેના પરિણામે 16મી સદીમાં મુગલ શાસન દરમિયાન ભારતીય અર્થતંત્ર વિશ્વની આવકના 25% આવક ધરાવતું હતું.

17મી સદીના અર્થ સુધીમાં મુગલ શાસન વિકાસ પામ્યુ અને દક્ષિણ એશિયાના 90% ભાગમાં શાસન પ્રાપ્ત કર્યું. જેના કારણે સમાન કરવેરા અને જકાત નાખવામાં આવી.

ઇ.સ. 1700માં ઔરંગઝેબના શાસનકાળમાં ભારતની રાષ્ટ્રીય આવક 10 કરોડ પાઉન્ડ થઇ. ત્યારબાદ વેપાર અર્થે વિદેશી પ્રજાનું ભારતમાં આગમન થયું.

➔ રોજગારીનું માળખું :

પ્રાચીન ભારત ખેતીપ્રધાન દેશ હતો. અને મોટા ભાગની વસ્તી ખેતી આધાર રાખતી હતી. જેમાં નીચે મુજબના ત્રણ ક્ષેત્રોમાં લોકો રોજગારી મેળવતા.

(1) ખેતી :

ભારતની ખેતી સમૃદ્ધિ અને સ્વાવલંબી હોવાને કારણે ગ્રામીણ વિસ્તાર સ્વાવલંબી હતા. તેઓ અનાજ, શાકભાજી, ફળફળાદિ, કપડાં, પગરખાં, પશુપાલન જેવી વસ્તુનું ઉત્પાદન જાતે જ કરતા હોવાને કારણે તેમનું જીવન સુખાકારીવાળું હતું.

(2) ઉદ્યોગ :

ઇતિહાસકાર ટી. રાયચૌધરીના મતે,

'19મી સદી પહેલા ભારત ઔદ્યોગિક વસ્તુનું ઉત્પાદન કરતો અગ્રગણ્ય દેશ હતો.'

ભારત મુખ્યત્વે સુતરાઉ અને મલમલના કાપડની નિકાસ કરતો. ઉપરાંત કાચું રેશમ, ગરમ કપડાં, શાલ, તાડપત્રી, મુર્તિઓ અને ગળી જેવી વસ્તુઓનું ઉત્પાદન અને નિકાસ કરવામાં આવતા.

(3) સેવા :

ઇ.સ. પુર્વે 600ના પ્રાચીન ભારતમાં વિવિધ ચિહ્નોવાળા સિક્કા બનાવવામાં આવ્યા હતા. જે તે સમયની વેપારી ગતિવિધિ અને શહેરી વિકાસ માટે સીમાચિહ્નરૂપ હતા.

રાજકીય એકતા, સામર્થ્ય અને સૈન્ય સુરક્ષાને કારણે ખેત ઉત્પાદકતા અને વેપારમાં અસાધારણ વૃદ્ધિ થઇ હતી.

દા.ત. લોથલથી મળેલી નગર વ્યવસ્થા.

આમ, ભારતમાં તમામ ક્ષેત્રમાં પ્રાચીન સમયે સુવર્ણકાળમાં લક્ષણો હતા.

પ્રશ્ન 2 – સ્વતંત્રતા પહેલાનું ભારતીય અર્થતંત્રનો પરિચય આપો.

બ્રિટીશ શાસન દરમિયાન ભારતને ઓછા પ્રમાણમાં સારા પરિણામ અને વધુ પ્રમાણમાં ખરાબ પરિણામોનું સામનો કરવો પડ્યો. જે નીચે મુજબ છે.

(1) રેલવે :

ભારતના વાહનવ્યવહારને ઝડપી અને સુદ્રઢ બનાવવાનું કાર્ય બ્રિટીશ શાસન દરમિયાન થયું હતું. જે એક લાભ આપનારી વ્યવસ્થા હતી.

16મી એપ્રિલ 1853ના રોજ બોરીબંદરથી થાણે પ્રથમ રેલવેની શરૂઆત થઇ હતી. જે 1947 સુધીમાં 53000 કિલોમિટરની લંબાઇ ધરાવતી હતી. જેના દ્વારા 68 લાખ મુસાફરને વાહનવ્યવહારનો લાભ મળતો.

(2) માર્ગ પરિવહન :

અંગ્રેજ શાસનકાળ દરમિયાન 1855માં જાહેર બાંધકામ ખાતાની રચના(P.W.D.) કરવામાં આવી હતી. જેના દ્વારા અંગ્રેજોએ રસ્તા બાંધકાનની જવાબદારી ઉપાડી હતી.

19મી સદીના અંત સુધીમાં રસ્તાની લંબાઇ 2,78,420 હતી. જે વધીને 1943 સુધીમાં 4,47,105 કિલોમિટર થઇ. જે પૈકી 32% રસ્તા પાકા અને 68% રસ્તા કાચા હતા.

(3) બેંક :

1770માં ખાનગી ક્ષેત્રે બેંકની સ્થાપના થઇ. જે 1946 સુધીમાં વધી 700 જેટલી થઇ.

1935માં ભારતીય રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપનાઇ. જે આઝાદી બાદ ભારતની મધ્યસ્થ બેંક બની

(4) સામાજિક માળખું :

અંગ્રેજ શાસન દરમિયાન ભારતીય પ્રજાના સાથ-સહકારથી બાળકીને દુધ પીતી કરવાનો રિવાજ નાબુદી, સતી-પ્રથા નાબુદી અને પીંઢારાનો નાશ કરવામાં આવ્યો હતો.

(5) મુડી રોકાણનો પ્રવાહ :

બ્રિટીશ શાસન દરમિયાન ભારનમાં જે મુડીરોકાણ કરવામાં આવ્યું તેની દીશા ભારત વિરોધી અને બ્રિટન તરફી રહી હતી. જેથી ભારત પર અંગ્રેજોનું સામ્રાજ્ય કાયમ રહે અને તમામ લાભ બ્રિટને મળે.

જેમ કે,

(i) રસ્તા અને રેલવે પાછળ થયેલા મુડીરોકાણનો હેતુ બ્રિટનમાં કાચા માલની આયાતને, ભારતમાં તૈયાર વસ્તુની નિકાસને અને લશ્કરી ફેરફારને અનુકુળ રહે તે હતુ.

(ii) રેલવે માટે ઉચ્ચ કક્ષાના નિષ્ણાંતો અને અધિકારીઓને ઊંચા પગારે ભારતમાં લાવવામાં આવે.

(iii) બ્રિટીશ શાસન દ્વારા શિક્ષણ પાછળ મુડીરોકાણ કરી બ્રિટીશ સરકારને કારકુન મળી રહે તેવું શિક્ષણ અપાવવું.

(iv) આ તમામ મુડીરોકાણ માટે ઊંચા દરે મુડી બ્રિટનથી લાવી તેની ચુકવણીનો બોજ ભારત પર નાખ્યો.

(6) વિવિધ ભરણાનો બોજ :

'ભારતે બ્રિટીશ હુકુમતને વહીવટનો ચાર્જ ચુકવવો પડતો જે હોમ ચાર્જિસ કે ભરણા તરીકે ઓળખાતો હતો.'

ભારતે બ્રિટીશરોને આવી કેટલીક ચુકવણી કરવી પડતી જેમ કે, અધિકારીના પગાર-પેન્શન, ભથ્થાઓ, લશ્કરનું ખર્ચ, દેવા પર વ્યાજની ચુકવણી વગેરે. આ રકમથી બ્રિટનનું બજેટ બનતું હતું.

ઇ.સ. 1924-25માં આ રકમ 300 લાખ પાઉન્ડ હતી. 1945 માં 1350 લાખ પાઉન્ડ થવા પામી.

આ ચુકવણીને લીધે ભારત ગરીબ અને બ્રિટન ધનવાન બન્યું.

(7) કરવેરાના ઊંચા દરે :

બ્રિટીશ શાસન દરમિયાન કરવેરાથી થતી આવકની ગણતરી 1876 માં દાદાભાઇ નવરોજીએ કરી હતી. જે નીચે મુજબ છે,

'વધુ આવક ધરાવતા બ્રિટનમાં કરવેરા દ્વારા રાષ્ટ્રીય આવકના 8% હિસ્સો આપતા. જ્યારે ઓછી આવકવાળા ભારત પાસેથી 15% જેટલો રાષ્ટ્રીય આવક હિસ્સો કરવેરારૂપે ઉઘરાવાતો.'

ભારતમાં દરિયાકાંઠે અને રણપ્રદેશમાં મીઠું સરળતાથી મળતું હોવા છતા બ્રિટીશ સરકાર ઇંગલેન્ડની મીઠું લાવી ભારતમાં વેંચતી અને ભારતીય મીઠા પર ઊંચો કરવેરો વસુલ કરતી. જેથી એક તરફ બ્રિટને કરવેરાની આવક મળે અને બીજી તરફ ભારતીય મીઠું મોંઘુ થવાથી ઓછું વેચાય.

આ જ કારણથી ગાંધીજીએ દાંડીકુચ કરી સવિનય મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો.

(8) જકાતના વિવિધ દર :

આયાત અને નિકાસ થતી વસ્તુ પર જે કરવેરા નાખવામાં આવે તેને જકાત કહે છે.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ 1716માં મુગલ બાદશાહ પાસેથી પરવાનગી મેળવી જકાતમાં માફી મેળવી હતી. તેનાથી વિરૂદ્ધ ભારતીય વેપારીઓને જકાત ભરવી પડતી હતી.

જેમ કે, ભારતના સુતરાઉ કાપડની નિકાસ પર 15% જકાત અને બ્રિટનથી આવતા સુતરાઉ કાપડ પર માત્ર 2.5% જકાત હતી. જેથી ભારતના સુતરાઉ ઉદ્યોગની પડતી શરૂ થઇ.

(9) ઉદ્યોગનીતિ :

બ્રિટનમાં 1750 થી 1830ના સમયગાળામાં ઔદ્યોગિક ક્રાંતિ થઇ. જ્યારે 1858 સુધીમાં મોટા ભાગનો દેશ અંગ્રેજ શાસન હેઠળ આવી ગયો હતો. જેથી બ્રિટીશ સરકારે બ્રિટનમાં ઉત્પાદિત વસ્તુ ભારતમાં વધુને વધુ વેચાઇ તેવી નીતિ અપનાવી હતી.

આ નીતિને લીધે ભારતીય ઉદ્યોગો પડી ભાંગ્યા અને શ્રમિકોની બેકારી વધી. જેથી તેઓ ખેતી તરફ વળ્યા. પરિણામે ખેતી પર શ્રમિકનું ભારણ વધ્યું.

(10) આર્થિક શોષણ :

ઇસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટીશ સરકારે એવી વ્યુહરચના અપનાવી કે જેનાથી ભારતીય સાધનનો મહત્તમ ઉપયોગ કરી બ્રિટનના ઉદ્યોગનો વિકાસ થાય. ઉપરાંત તેમની ખેતનીતિ અને ઔદ્યોગિક નીતિ પણ બ્રિટનના વિકાસને પ્રોત્સાહન આપ્યું.

જેમ કે, ભારતના ભોગે ઉદ્યોગને જરૂરી કાચો માલ મળી રહે તે હેતુથી ભારતીય ખેતીનું વેપારીકરણ થયું.

(11) હસ્તકલા કારીગરનું શોષણ :

વિવિધ હસ્તકલાની વસ્તુનું વેચાણ કરી ઇસ્ટ ઇન્ડિયા કંપની આવક ઊભી કરવા ઇચ્છતી હતી. જેથી તેણે હસ્તકલાથી વસ્તુ કારીગર પાસેથી બજારકિંમત કરતા 15 થી 40% ઓછી કિંમતે ખરીદવાનું શરૂ કર્યું. જે કારીગર ઓછી કિંમતે વસ્તુ વેચવાની ના પાડે તેના પર શારિરીક જુલમ કરવામાં આવે. આ જુલમથી બચવા કેટલાક કારીગરોએ પોતાના હાથના અંગુઠા જાતે જ કાપી નાખ્યા હતા.

Devang Sir

(12) ખેતી :

અંગ્રજોએ ભારતીય ખેડુતો પાસેથી ઊંચા દરે જમીન-મહેસુલ લઇ ખેડહકની અસલામતી અને જમીનદારી પ્રથાને ઉત્તેજન આપી શોષણ કર્યું હતું. જેથી ખેડુતો ગરીબ અને ખેતમજુર બની ગયા હતા.

અંગ્રેજોએ ખેતીનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે શરૂ કર્યો. જેનાથી ખેડુતોને ભારે નુકસાન થયું.

ઔદ્યોગિક ક્રાંતિ બાદ કાપડના ઉદ્યોગમાં ગળીની જરૂરિયાત હોવાથી બ્રિટીશ સરકારે ગળીનું ઉત્પાદન અને નિકાસ વધે તેવા પ્રયત્નો કર્યા. પરંતુ ગળીની ખેતી માટે ધિરાણ અપાતું નહિ. અને જો પાક નિષ્ફળ જાય તો ધિરાણ ભરપાઇ ન કરી શકનાર ખેડુત દેવાદાર બનતો.

(13) મહેસુલનો દર :

ઇસ્ટ ઇન્ડિયા કંપનીઓ રાજાઓ પાસેથી ભારતના જમીન માલિકો પાસે ઊંચા દરે મહેસુલ ઉઘરાવવાનો પરવાનો મેળવ્યો. જેના દ્વારા તેઓ ખેતી આવકના અડધા ભાગ જેટલો મહેસુલ ઉઘરાવતા.

મહેસુલ ઉઘરાવવામાં બ્રિટીશ સરકાર ખુબ કડક હતી, મહેસુલ ભરપાઇ ન કરનારને દંડ કરતી, મિલકતો જપ્ત કરવી અને ખેડાણની જમીન પાછી લઇ લેતી.

પ્રશ્ન 3 – વિકાસમાન અર્થતંત્રના લક્ષણો જણાવો.

(1) રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રનો ફાળો :

રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિના માપનનો મહત્વનો માપદંડ છે. આયોજનના 63 વર્ષ પરથી તારવી શકાય કે રાષ્ટ્રીય આવક પર ખેતી ક્ષેત્રનો સેવા ક્ષેત્રનો ફાળો સતત વધ્યો છે. વર્તમાન સમયમાં રાષ્ટ્રીય આવકમાં સૌથી વધુ ફાળો સેવાક્ષેત્ર (52.7%) આપી પ્રથમ ક્રમે છે. રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રનો ફાળો કોષ્ટક પરથી દર્શાવી શકાય.

વધારો-ઘટાડો	ક્ષેત્ર	1950-51	1990-91	2000-01	2014-15
↓	ખેતી	53.1 %	29.6 %	22.3 %	17.6 %
↑	ઉદ્યોગ	16.6 %	27.7 %	27.3 %	29.7 %
↑	સેવા	30.3 %	42.7 %	50.4 %	52.7 %

(2) રોજગારીનું સ્તર :

ભારતમાં રોજગારી માટે નીચે મુજબ ત્રણ સ્તર કે ક્ષેત્ર તારવવામાં આવ્યા છે.

<u>પ્રાથમિક ક્ષેત્ર</u> :

આ ક્ષેત્ર ખેતી સાથે પશુપાલન અને મરઘા-બતકા ઉછેર જેવી પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

<u>ઔદ્યોગિક ક્ષેત્ર</u> :

આ ક્ષેત્રમાં નાના-મોટી પાયાના ઉદ્યોગો, બાંધકામ ક્ષેત્ર, પાણી-પુરવઠો, વિજળી અને ગેસ જેવી પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

<u>સેવા ક્ષેત્ર</u> :

આ ક્ષેત્રમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય, બેંન્કિગ જેવી પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

રોજગારીમાં વિવિધ ક્ષેત્રનો ફાળો નીચે મુજબ દર્શાવી શકાય.

વધારો-ઘટાડો	ક્ષેત્ર	1951	1990-91	2000-01	2014-15
↓	ખેતી	72.1 %	66.9 %	56.7 %	48.9 %
↑	ઔદ્યોગિક	10.6 %	12.7 %	18.1 %	24.2 %
↑	સેવા	17.3 %	20.4 %	25.2 %	26.9 %

(3) આર્થિક વૃદ્ધિ :

1950-51 થી 1990-91 દરમિયાન આર્થિક વૃદ્ધિનો દર 3.5% હતો. જે 1990-91 બાદ આર્થિક અરિવર્તન બાદ 6.8% થયો.

2012-13 બાદ 2014-15માં આર્થિક વૃદ્ધિ દર 5%થી નીચો રહ્યો હતો.

સાધનભાવે ચોખ્ખી રાષ્ટ્રીય આવક 1950-51માં ₹ 2,69,724 કરોડ હતી. જે વધીને 2013-14માં ₹ 87,51,834 કરોડ થઇ. એટલે કે 63 વર્ષના સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય આવકમાં 18 ગણો વધારો થયો.

(4) માથાદીઠ આવક :

1950-51 માં ભારતની માથાદીઠ આવક 7,114 ₹ હતી. જે 2013-14માં વધીને 39,904 ₹ થઇ. એટલે કે 63 વર્ષમાં માથાદીઠ આવકમાં સાડા ચાર ગણો વધારો થયો.

1950-51 થી 1990-91 માં માથાદીઠ આવકમાં વાર્ષિક 1.6%ના દરે વુદ્ધિ થઇ. જ્યારે 1990-91 બાદ 5.5% ના દરે વધારો થયો.

(5) પાયાની સુવિધામાં વુદ્ધિ :

'દેશના વિકાસ માટે જરૂરી એવી પાયાની સગવડના સમુહને આંતરમાળખાની સુવિધા કહે છે. જેમાં શિક્ષણ, આરોગ્ય, સંદેશા વ્યવહાર, વાહનવ્યવહાર, સિંચાઇ, બેંન્કિંગ વગેરેનો સમાવેશ થાય છે.'

પાયાની સુવિધામાં નીચે મુજબ વૃદ્ધિ જોવા મળી હતી.

(i) સિંચાઇની સગવડ :

1950-51 માં 22.6 મિલિયન હેકટરમાં સિંચાઇ જે વધીને 2012-13 માં 63 મિલિયન હેકટરમાં સિંચાઇની સુવિધા વિસ્તરણ પામી.

એટલે કે કુલ 45% વાવેતરનો વિસ્તાર સિંચાઇની સુવિધા હેઠળ હતો.

(ii) શિક્ષણની સુવિધા :

ભારતમાં સાક્ષરતાનો દર 1950-51 માં 18.33% હતો. જે વધીને 2011 માં 73% થતો. FICCI મુજબ નીચેની માહિતી દર્શાવી શકાય.

સમય	કોલેજ	યુનિવર્સીટી	
આઝાદી	500	20	(FICCI મુજબ)
વર્તમાન	35000	719	

(iii) વિજળીની સુવિધા :

1950-51માં વિજળી ઉત્પાદન 2300 MW હતુ. જે 2011-12માં વધી 2,43,000 MW થયુ. એટલે કે ભારતે વીજ-ઉત્પાદનમાં સિદ્ધિ હાંસલ કરી.

Devang Sir

(iv) રોડ-રસ્તાની સુવિધા :

ભારતમાં અંદાજે 48.6 લાખ કિલોમીટર રસ્તાની લંબાઇ જોવા મળે છે. ભારત વિશ્વના સૌથી મોટા રોડ નેટવર્ક ધરાવતા દેશોમાં બીજા ક્રમે છે.

(v) રેલવેની સુવિધા :

ભારતામાં અંદાજે 65000 કિલોમીટરનો રેલ-માર્ગ છે. ભારતીય રેલવે વિશ્વનું ચોથા નંબરનું રેલવે ધરાવે છે.

વિશ્વ બેંક દ્વારા જાહેર થયેલા 2014માં અહેવાલ મુજબ સમ-ખરીદશક્તિના સિદ્ધાંત મુજબ ભારત વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા ધરાવે છે.

2011ના વિશ્વ બેંકના આંતરરાષ્ટ્રીય સરખમણી કાર્યક્રમ મુજબ ભારત અમેરિકા અને ચીન બાદ ત્રીજા ક્રમે હતો. જે 2005ના અભ્યાસમાં દસમાં ક્રમે હતુ. જ્યારે જાપાનની અર્થવ્યવસ્થા ચોથાક્રમે હતી.

Devang Sir

પ્રશ્ન 4 – સ્વાતંત્ર્ય પછીના ભારતીય અર્થતંત્રની સમજૂતી આપો.

આઝાદી બાદનું ભારતીય અર્થતંત્ર અલ્પ વિકસિત અર્થતંત્રમાંથી વિકાસશીલ અર્થતંત્ર તરફ અગ્રેસર રહેલું જોઇ શકાય છે. જેમાં,

(1) માથાદીઠ આવક :

માનવ વિકાસ અહેવાલ 2014 મુજબ ભારતની માથાદીઠ આવક વર્ષ 2013માં 5150 $ હતી જે ચીનની માથાદીઠ આવક 11,477 $, શ્રીલંકાની 9,250 $, અમેરીકા 52,308 $ અને નોર્વેની 63,909 $ કરતાં ઘણી ઓછી જણાય છે. જે વિકસિત દેશોની માથાદીઠ આવક કરતા 7 થી 10 ગણી ઓછી છે અને પછાત દેશો કરતાં વિશેષ વધારો સૂચવતી નથી જે નીચેની અનુસૂચિ જોતાં સ્પષ્ટ થાય છે :

માનવ વિકાસ અહેવાલ 2014 મુજબ	
દેશ	**માથાદીઠ આવક (અમેરીકન ડૉલરમાં)**
નોર્વે	63,909
USA	52,308
જર્મની	43,049
UK	35,002
ચીન	11,477
શ્રીલંકા	9,250
ભારત	5,150
પાકિસ્તાન	4,652
બાંગ્લાદેશ	2,713

---

(2) ખેતી :

ભારત એક ખેતી પ્રધાન દેશ છે જે નીચેના આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય છે.

આઝાદી સમયે ભારતની લગભગ 72% અને 2001-'02માં 58% વસ્તી ખેતીમાંથી રોજગારી મેળવતી હતી જે પ્રામાણ ઘટીને 2013-'14માં 49% રહેલું જોવા મળે છે. તે જ રીતે 1950-'51માં ખેતીક્ષેત્રનો રાષ્ટ્રીય આવકનો ફાળો 55% હતો તે વર્ષ 2013-'14માં ઘટીને માત્ર 14% રહ્યો છે.

(3) ઉદ્યોગો :

1951માં ઉદ્યોગ ક્ષેત્ર 10.6%ને રોજગારી આપતું હતું તે વધીને 2011-'12માં 24.2% થયું. જ્યારે રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો ફાળો 1950-'51માં 16.6% હતો તે વધીને વર્ષ 2014-'15માં 29.7% થયેલો જોઇ શકાય છે.

આ ઉપરાંત ઉદ્યોગ ક્ષેત્ર વર્તમાન સમયમાં 2 / 3 ભાગની નિકાસ કમાણી મેળવે છે. ઉદ્યોગ ક્ષેત્રે ભારતનો ઝોક વધ્યો હોવા છતાં ભારત ઔદ્યોગીક દેશ બની શક્યો નથી.

(4) સેવા ક્ષેત્ર :

રાષ્ટ્રીય આવકમાં સેવા ક્ષેત્રનો ફાળો 1950-'51માં 30% હતો જે વધીને 2014-'15માં 52.7% થયો, જ્યારે રોજગારીમાં 1951માં સેવા ક્ષેત્રેનો ફળો 17.3% હતો તે વધીને 2011-'12માં 26.9% થવા પામ્યો હતો.

આમ, સ્વાતંત્ર્ય બાદ સેવા ક્ષેત્રે રાષ્ટ્રીય આવક અને રોજગારીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે.

(5) વસ્તી :

વર્ષ 1901માં ભારતની વસ્તી 23.84 કરોડ હતી. જે વધીને 1951માં 36.1 કરોડ થઇ. વર્ષ 2001માં 102.7 કરોડ થઇ હતી અને છેલ્લી વસ્તી ગણતરી 2011 પ્રમાણે ભારતની વસ્તી 121.02 કરોડ હતી. આમ, ભારતીય વસ્તી વૃધ્ધિ 1.5%ના દરે થવા પામી છે.

(6) ગરીબી :

ભારત નિરપેક્ષ ગરીબીની સમસ્યા ધરાવતો દેશ છે. વર્ષ 1973-'74માં લોકો ગરીબ હતા જે પ્રમાણ ઘટીને વર્ષ 1993-'94માં 45.3% અને 2004-'05માં 37.2% અને વર્ષ 2011-'12 મુજબ 21.9% વસ્તી ગરીબ હતી. આમ, ગરીબીનું પ્રામાણ ઘટ્યું છતાં ભારતની દારૂણ ગરીબીમાં કોઇ મોટો ફેરફાર થવા પામ્યો નથી.

(7) બેકારી :

ભારતમાં માળખાગત બેરોજગારી ધરાવતો દેશ છે. વર્ષ 1951માં 33 લાખ બેરોજગાર હતા જ્યારે નેશનલ સેમ્પલ સર્વેના અંદાજ મુજબ વર્શ 1999-2000માં ભારતના 7.31% લોકો બેકાર હતા. 2004-'05માં એ પ્રામાણ વધીને 8.2% થયું, પરંતુ 2009-'10માં ઘટીને 6.6% થયું. ફરી ઘટીને 5.6% સુધી નીચું આવ્યું પરંતુ ભારતની ગ્રામીણ બેકારીમાં પ્રચ્છન્ન બેકારીનું પ્રમાણ વિશેષ છે. જે છૂપી હોવાથી હોવાથી માપી શકાતી નથી. ભારત ઊંચી બેકારી ધરાવતો દેશ ગણાવી શકાય.

(8) માનવ વિકાસ :

વિશ્વના વિકસિત દેશોની તુલતામાં ભારતમાં લોકોનું જીવનધોરણ ખૂબ નીચું છે. સામાન્ય રીતે માનવ વિકાસ અહેવાલ કે જેની રચના સંયુક્ત રાષ્ટ્ર સંધ કરે છે તે મુજબ સરેરાશ આયુષ્ય, જ્ઞાન અને જીવનધોરણનાં માપદંડ અનુસાર એક માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવે છે જે માનવ વિકાસ અહેવાલ તરીકે ઓળખાય છે.

2000ના માનવ વિકાસ અહેવાલ મુજબ ભારતનો માનવ વિકાસ આંક 0.463 હતો જે સુધરીને 2010માં 0.547, 2012માં 0.554, 2013માં 0.586ના આંક સાથે ભારત વિશ્વના 187 દેશોમાં 136મા ક્રમે હતું.

પ્રશ્ન 5 – ટૂંક નોંધ : રેલવેનો વિકાસ.

ભારતમાં વાહનવ્યવહારની સુવિધા ઝડપી અને સુદ્રઢ બનાવવા અંગ્રેજોએ રેલવેની શરૂઆત 16મી એપ્રિલ, 1853ના રોજ બોરીબંદરથી થાણા વચ્ચે કરી હતી.

1947 સુધીમાં રેલવેની લંબાઇ 53,000 કિલોમીટર હતી. જે 68 લાખ મુસાફરોને સેવા પુરી પાડતી હતી. વર્તમાન સમયમાં રેલવે 65,000 કિલોમીટરની લંબાઇ ધરાવે છે. વર્તમાન સમયમાં ભારતીય રેલવે વિશ્વનું ચોથા નંબરનું નેટવર્ક ધરાવે છે.

વર્તમાન સમયમાં ભારતીય રેલવે ભારતીય અર્થતંત્રની જીવનરેખા સમાન છે. અને ભારત સરકારનું સૌથી મોટું જાહેર સાહસ ધરાવે છે.

પ્રશ્ન 6 – ભારત ખેતી પ્રધાન દેશ છે. : વિધાન સમજાવો.

આયોજનકાળ દરમિયાન ભારતની રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં ખેતી ક્ષેત્રનો હિસ્સો ઘટવા છતા ખેતી મહત્વનું સ્થાન ધરાવે છે. 2013-14માં રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો 14% જ્યારે રોજગારીમાં 49% છે.

ભારતીય અર્થતંત્રની સફળતા કે નિષ્ફળતા ખેતી ક્ષેત્રની સફળતા કે નિષ્ફળતા પર અવલંબી છે. સામાન્ય ભાવ સપાટીની વધ-ઘટ પણ ખેત પેદાશની ભાવ સપાટી પર આધારીત છે. આથી કહેવાય કે ભારતીય અર્થતંત્રમાં ખેતી કરોડરજ્જુ સમાન છે.

• • •

પાઠ 8. આર્થિક સુધારા

➔ **પ્રસ્થાવના :**

સ્વતંત્ર ભારતનો આર્થિક વિકાસ કરવા અને આર્થિક અને સામાજિક પડકારો હતા. તેથી ભારતે મિશ્ર અર્થતંત્રવાળી અર્થવ્યવસ્થા સ્વીકારી. જેમાં સમાજવાદી ઢબની સમાજરચનાને વધુ મહત્વ આપ્યું.

1947 થી 1990 ના સમયગાળામાં અપનાવેલી વ્યુહરચના ખામીયુક્ત હતી અને રાજ્ય સરકારે વધુ પડતા અંકુશો મુક્યા હતા. તેથી આયોજનના આર્થિક ઉદ્દેશો સિદ્ધ ન થયા હતા.

આ નીતિને કારણે ભારતની વેપારની તુલામાં ખાધ જોવા મળી હતી. જેથી વિદેશી ચલણની તંગી પડતા ભારતે વિકસેત દેશો અને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ(IMF) પાસેથી નાણાકીય સહાય મેળવવાની ફરજ પડી. જેના માટે તેમણે ભારતની આર્થિક નીતિમાં પરિવર્તન અને રાજ્યના અંકુશોમાં ઘટાડો કરવાની માંગ કરી. માટે ભારતે 24મી જુલાઇ, 1991ના રોજ આર્થિક સુધારા અમલમાં મુકવા સંસ્થાગત અને કાયદાકીય ફેરફારો કર્યા.

પ્રશ્ન 1 – આર્થિક સુધારાનો અર્થ આપી તેના હેતુ જણાવો.

'રાજ્યના અંકુશોવાળી અર્થવ્યવસ્થાને બજાર આધારિત મુક્ત અર્થવ્યવસ્થા તરફ લઇ જવા તથા મિશ્ર અર્થવ્યવસ્થામાં જાહેર ક્ષેત્રનો વ્યાય ઘટાડી ખાનગી ક્ષેત્રનો વ્યાય વધારવા ભારતમાં 1991માં આર્થિક કાયદાઓ બદલવામાં આવ્યા અને આર્થિક નીતિનું પરીવર્તન થયું. જે આર્થિક સુધારા તરીકે ઓળખાય છે.'

➔ હેતુ :

1. ભારતની વિપુલ કુદરતી સંપત્તિ તથા માનવસંપત્તિનો આર્થિક વિકાસમાં ઉપયોગ થાય તે માટે ખાનગી અને વિદેશી મુડીરોકાણને વધુ પ્રોત્સાહન આપવા,
2. દેશના સંશાધનોનો(સંપત્તિ) વધુ કાર્યક્ષમ અને મહત્તમ ઉપયોગ કરવા,
3. રાજ્યના ખર્ચના ઘટાડો કરવો અને જાહેર ક્ષેત્રના ખાનગીકરણને લીધે પાછા મળેલા નાણાનો પ્રજાકલ્યાણ માટે ઉપયોગ કરવો,
4. દેશને રાષ્ટ્રીય આવક અને રોજગારી તથા નિકાસ કમાણીમાં વધારો કરવો,
5. દેશને આર્થિક ક્ષેત્રે વધુ સ્પર્ધાત્મક બનાવવા,
6. લાંબાગાળે દેશનો આર્થિક વિકાસ અને વૃદ્ધિદર સતત વધારવા.

ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા 1991 થી ભારતમાં ત્રણ પાસામાં આર્થિક પરિવર્તન કરવામાં આવ્યું. જે નીચે મુજબ દર્શાવી શકાય.

આર્થિક સુધારા

- ઉદારીકરણ L
- ખાનગીકરણ P
- વૈશ્વિકીકરણ G

Devang Sir

પ્રશ્ન 2 – ઉદારીકરણનો અર્થ આપી તેને લીધે ભારતમાં આવેલા પરીવર્તનો જણાવો.

‘રાજ્ય અંકુશિત અર્થવ્યવસ્થામાં ખાનગી સાહસ વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય, બજાર પરિબળો દ્વારા આર્થિક નિર્ણયનો વ્યાય વધે અને રાજ્યનો હસ્તક્ષેપ ઘટે તેને ઉદારીકરણ કહે છે.’

‘લોકોના આર્થિક વ્યવહારમાં સરકાર દ્વારા મુકવામાં આવતા અંકુશો, નિયંત્રણો અને અવરોધોમાં કરવામાં આવતો ઘટાડો એટલે ઉદારીકરણ.’

➔ ઉદારીકરણ માટેના પગલા :

1. અર્થતંત્ર પરના રાજ્યના અંકુશો ઘટતા જાય છે.
2. આર્થિક નિર્ણયની પ્રક્રિયામાં બજારના માંગ-પુરવઠાના પરિબળોની અસર વધતી જાય છે.
3. તબક્કાવાર જાહેર ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રને પ્રવેશવા દેવાય છે.
4. દેશના ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે અપાતું નીતિગત લક્ષણ ક્રમશઃ ઘટે છે. એટલે કે રાજ્ય દેશના ઉદ્યોગો અને વિદેશી ઉદ્યોગો બાબતે તટસ્થ બને છે.

➔ ભારતમાં ઉદરીકરણની પ્રક્રિયા :

- ભારત સરકારે ઉદારીકરણ તબક્કાવાર અપનાવ્યું છે. જેમાં

(i) દેશના ઉત્પાદકો અને મુડીરોકાણકર્તા માટેના નિયમો હળવા કર્યા.

(ii) વિદેશી મુડીરોકાણ માટે છુટ આપી.

(iii) આર્થિક ક્ષેત્રને વ્યુહાત્મક રીતે મુક્ત કર્યું.

આર્થિક ક્ષેત્રની વ્યુહાત્મક રીતે મુક્તિ

- વપરાશના ક્ષેત્રને મુક્ત
- જાહેર ક્ષેત્રને મુક્ત
- નાણા બજારને મુક્ત

- ઉદારીકરણના અમલ માટે આર્થિક કાયદામાં પરિવર્તન કરવું પડ્યું. જેના માટે સંસદે નીચે મુજબ પરિવર્તન કર્યું.

(1) MRTP ACT(1969) નું Competition Act(2002) માં રૂપાંતર કર્યું હતું.

(2) FERA(1973) માંથી Regulation શબ્દ હટાવીને Mangement શબ્દ મુકવામાં આવ્યો. એટલે કે FERA(1973) નું FEMA(1999) માં રૂપાંતર થયું.

(3) ઔદ્યોગિક નીતિમાં મોટા પરિવર્તનો કરવામાં આવ્યા.

જેમ કે,

(i) જાહેર ક્ષેત્ર માટે અનામત ઉદ્યોગીની સંખ્યા 18 મી ઘટાડોને 3 કરી.

(ii) નાના પાયાના ઉદ્યોગ માટે મુડીરોકાણની મર્યાદા વધારી. જેથી નવીનીકરણ કરી શકાય.

(4) વિદેશી મુડીરોકાણ સરળ કરવા આર્થિક ક્ષેત્રે 'આપમેળે પરવાના'ની જોગવાઇ કરવામાં આવી.

(5) રાજકોષીય નીતિ, વ્યાપાર નીતિ અને આયાત-નિકાસ નીતિ દ્વારા રાજ્યએ બજાર પરિબળોને આર્થિક નિર્ણયની પ્રક્રિયામાં વધારે મહત્વ આપ્યું.

સબસીડી ખર્ચમાં ઘટાડો કરાયો, આયાત-નિકાસ પરવાના નીતિ હળવી કરાઇ અને હુંડિયામણ દરને વધુ મુક્ત કરવામાં આવ્યું.

પ્રશ્ન 3 ખાનગીકરણનો અર્થ આપી તેની પ્રક્રિયા સમજાવો.

ખાનગીકરણ એટલે ઔધોગીક માલિકીનું જાહેર ક્ષેત્રમાંથી ખાનગીક્ષેત્રમાં હસ્તાંતરણ.

રાજય સરકાર દેશના જાહેર ક્ષેત્રના ઉદ્યોગોની માલોકી અને સંચાલન સંપુર્ણપણે અથવા અંશતઃ રૂપે ખાનગીક્ષેત્રને સોંપે તે પ્રક્રિયા એટલે ખાનગીકરણ.

➔ ભારતમાં ખાનગીકરણની પ્રક્રિયા :

(1) વિમુડીકરણ દ્વારા

(2) જાહેરક્ષેત્ર માટે અનામત ઉદ્યોગોની સંખ્યા ઘટાડી ખાનગી ક્ષેત્રનો વ્યાપ વધારવો.

(3) જાહેર અને ખાનગી સંયુક્ત ક્ષેત્રના એકમો સ્થાપીને.

(1) વિમુડીકરણનો અર્થ અને તેની પ્રક્રિયા :

વિમુડીકરણ એટલે જાહેરક્ષેત્રના ઉદ્યોગમાંથી રાજ્ય પોતાનો ફાળો ઓછો કરીને કે પાછો ખેંચીને ખાનગીક્ષેત્રને વહેંચે જેને વિમુડીકરણ કહેવાય.

- વિમુખીકરણની પ્રક્રિયા ત્રણ રીતે દર્શાવી શકાય :

A) માલિકી દ્વારા :

જાહેર ક્ષેત્રના તમામ શેર ખાનગીક્ષેત્રને વહેંચી તેનું સંપુર્ણ હસ્તકરણ કરે.

જાહેર ક્ષેત્રના કેટલાક શેર ખાનગીક્ષેત્રને વેંચી સરકારનું વર્ચસ્વ ચાલું રાખવું.

(નાના પાયાનું વિમુડીકરણ અને મોટા પાયાનું વિમુડીકરણ)

B) રાજ્ય હસ્તકના અંકુશિત ક્ષેત્રમાં ખાનગીક્ષેત્રને રોકાણ દ્વારા પ્રવેશની છુટ આપવી.

C) જાહેર ક્ષેત્રના એકમોને આર્થિક નિર્ણયો લેવામાં વધુ સ્વાયત્તા આપવી.

(2) રાજ્ય કેટલાક ઔધોગિક એકમની માલિકી ધરાવે તેમ કેટલાક ક્ષેત્ર પર અંકુશ પણ રાખે છે. આવા ક્ષેત્રમાં ખાનગી રોકાણકારોને પ્રવેશવા માટે પ્રતિબંધ હોય છે. રાજ્ય હસ્તકના ખાનગી રોકાણકારોને કામ કરવાની છુટ અપાય છે. જેમ કે, બેન્કિંગ, શિક્ષણ, આરોગ્ય, સંદેશા વ્યવહાર વગેરે.

(3) આઝાદી બાદ જાહેર ક્ષેત્રનું વિસ્તરણ થયું હતું. જેમ કે, 21 માર્ચ 1951માં રાજ્ય હસ્તકના પાંચ ઉદ્યોગો હતા. જે વધીને 1990માં 233 થયા. 1991થી ભારતે તેમાં ઘટાડો શરૂ કર્યો. માર્ચ, 2010માં 217 થયા અને 2015માં 300 થયા. પરંતુ જુના ઉદ્યોગમાંથી વિમુડીકરણ શરૂ હતું.

(4) જાહેર ક્ષેત્ર માટે અનામત રાખવામાં આવેલા ક્ષેત્ર ખાનગી મુડી રોકાણ માટે ખુલ્લા મુકવામાં આવ્યા.

પ્રશ્ન 4 – વૈશ્વિકીકરણનો અર્થ આપી તેના મહત્વની બાબતો જણાવો.

વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્રને સાથે વધુને વધુ સાંકળવાની પ્રક્રિયા.

વૈશ્વિકીકરણ કરવા ભારતે ચીજવસ્તુ, સેવા, મુડી, માનવસંસાધન, ટેકનોલોજી, કુદરતી સાધનો જેવા ક્ષેત્રમાં રાજ્ય મુકેલા અંકુશો ક્રમશઃ દુર કર્યા જેના માટે સરકારે આર્થિક આત્મનિર્ભરતાની નીતિ અપનાવી.

➔ વૈશ્વિકીકરણની પ્રક્રિયા :

"IMF દ્વારા તેના વધારે પડતા એવા નીચે દબાયેલા વિકસતા દેશને તેનની સર્વક્ષણાત્મક આર્થિકનીતિ બદલવાની ફરજ પાડી તેથી ભારતે મુક્ત આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપતી નીતિ સ્વીકારી. જેના પરિણામે વૈશ્વિકીકરણની શરૂઆત થઇ."

➔ મહત્વની બાબતો :

1. આયાત-નિકાસ પરના નીતિ ખડવી કરવામાં આવી.

2. 1995માં ભારતે World Trade Organization (WTO) નું સભ્યપદ સ્વીકારી તેના નિયમોનું પાલન કરવું.

3. ભારતે પરિવર્તનશીલ વિનિમય દરનો સિદ્ધાંત સ્વીકાર્યો જેથી ભારતના રૂપિયાનું મુલ્ય વેપાર દ્વારા નિર્ધારિત થતું ગયું.

4. દેશના અર્થતંત્રમાં સીધા વિદેશી મુડીરોકાણને ક્ષેત્રવાર અને તબક્કાવાર વધુને વધુ મુક્ત બનાવવામાં આવ્યું.

5. ભારતીય ઉદ્યોગકારો અને રોકાણકારોને બીજા દેશો સાથેના આર્થિક વ્યવહારો માટે વધુ મુક્તિ આપવામાં આવી.

6. દેશના અને વિદેશના ઉત્પાદકો, વેપારીઓ અને રોકાણકાર માટે રાજ્ય સરકારે તટસ્થનીતિ અપનાવી.

7. વિશ્વના અન્ય દેશો સાથે સાંસ્કૃતિક અને સામાજીક આદાનપ્રદાન વધારો થઇ રહ્યો છે.

પ્રશ્ન 5 – ભારતમાં 1991થી કરવામાં આવેલા આર્થિક સુધારાની અસરો જણાવો.

1991થી કરવામાં આવેલા ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણની અસરો નીચે મુજબ બે ભાગમાં વહેંચી શકાય.

A) સાનુકુળ / હકારાત્મક અસરો :

- દેશના ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળી વસ્તુઓ સહેલાઇથી સસ્તા દરે મળતી થઇ.
- દેશના હુંડિયામણ ભંડોળમાં વધારો થયો.
- દેશની કુલ નિકાસોમાં વધારો થયો.
- રાજ્યના વિદેશી દેવાનો બોજ ઘટ્યો અને સીધા વિદેશી મુડીરોકાણમાં વધારો થયો.
- મોટા પાયાના રોકાણ દ્વારા ખાનગીક્ષેત્રનો વિકાસ થતા ઉત્પાદન અને રોજગારીમાં વધારો થયો.
- ઉત્પાદનના સાધનોની ગતિશીલતામાં વધારો થયો.
- રાજ્યના અંકુશ અને મુડીની અછતને કારણે ઉપેક્ષા પામેલા ક્ષેત્રમાં ખાનગી મુડીરોકાણ વધ્યું.
- વસ્તુ અને સેવાની અછતમાં ઘટાડો થયો અને વિવિધતા વધી. અન્ય દેશ સાથેના સામાજીક અને સાંસ્કૃતિક સંબંધ મજબુત બન્યા.

Devang Sir

B) પ્રતિકુળ / નકારાત્મક અસરો :

- વૈશ્વિકીકરણને લીધે બહુરાષ્ટ્રીય કંપનીના આગમનથી દેશના નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોને ભારે નુકસાન થયું.
- ખાનગીકરણની સાથે વૈશ્વિકીકરણ થતા દેશના ઉત્પાદકો કાર્યક્ષમ બને તે પહેલા જ આંતરરાષ્ટ્રીય હરિફાઇનો સામનો કરવો પડ્યો.
- જાહેર સેવાનું ખાનગીકરણ થયું અને સબસીડીમાં ઘટાડો થયો. પરિણામે જાહેર સેવા અને પાયાની સુવિધા મોંઘી બની.
- ભારતીય ચલણનું નિર્ધારણ બજારના પરિબળોથી થવાથી તેના મુલ્યમાં વધુ પ્રમાણમાં પરિવર્તન આપે છે. જેથી વેપાર કરતી ભારતીય કંપનીને નુકશાન થયું હતું.
- બહુરાષ્ટ્રીય કંપની અને મોટી કંપનીઓ સસ્તા દરે વધુ પુરવઠો ભારતીય અર્થતંત્રમાં ઠાલવ્યો.
- WTO ના ગુણવત્તાનો ઊંચા ધોરણો નક્કી કરતા ભારતની કેટલીક ખેતપેદાશોના નિકાસ માટે પડકાર ઊભો થયો.
- ખાનગીકરણથી વધુ ઉદ્યોગો સ્થપાતા રસ્તા, વીજળી, પાણી જેવી પાયાની સુવિધાની અછત વર્તાય હતી.

પ્રશ્ન 6 – વિદેશી મુડીરોકાણના પ્રકારો જણાવો.

➔ વિદેશી મુડીરોકાણના બે પ્રકારો નીચે મુજબ દર્શાવી શકાય.

(1) વિદેશી સંસ્થાકીય મુડીરોકાણ(FII) :

વિદેશી સંસ્થાકીય મુડીરોકાણને અંગ્રેજીમાં Foreign Institution Investment કહે છે.

'જ્યારે વિદેશી રોકાણ કર્તા વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં ફેકટરી કે ધંધાની સ્થાપના કરવાને બદલે દેશના નાણા બજાર, મુડી બજારમાં શેર કે બોન્ડની ખરીદી કરી રોકાણ કરે તેને વિદેશી સંસ્થાગત મુડી-રોકાણ કહે છે.'

આ રોકાણકર્તાએ વિદેશી સંસ્થાગત રોકાણકાર તરીકે નોંધણી કરાવવી જરૂરી છે. જેમાં તે સરકારે નક્કી કરેલા પ્રમાણમાં જ રોકાણ કરી શકે છે.

આવા રોકાણ વિદેશી બેંક, વીમા કંપની અને મ્યુચઅલ ફંડમાં થતા હોય છે.

આવા રોકાણો જેટલા ઝડપથી દેશમાં આવે છે. એટલી જ ઝડપથી પાછા પણ લેવાતા હોવાથી અર્થતંત્રમાં અસ્થિરતાનું જોખમ રહેલું છે.

(2) પ્રત્યક્ષ વિદેશી મુડીરોકાણ (FDI) :

પ્રત્યક્ષ વિદેશી મુડીરોકાણને અંગ્રેજીમાં Foreign Direct Investment કહે છે.

'જ્યારે વિદેશી વ્યક્તિ, સંસ્થા કે કંપનીઓ દેશના અર્થતંત્રમાં વસ્તુ કે સેવાનું ઉત્પાદન કે વેચાણના ક્ષેત્રમાં સીધું મુડીરોકાણ કરે તેને પ્રત્યક્ષ વિદેશી મુડીરોકાણ કહે છે.'

આ પ્રકારે કંપની, ફેકટરી કે ઉદ્યોગ-ધંધાની પોતે સ્થાપના કરે કે સીધી ભાગીદારી કરી સંચાલનમાં કાબુ મેળવે છે.

પ્રશ્ન 7 – પ્રત્યક્ષ વિદેશી મુડીરોકાણનું સ્વરૂપ સમજાવો. (2 માર્ક)

- સંસ્થાગત રોકાણના સ્વરૂપમાં હોય છે.
- યંત્ર, કાચો માલ કે સંપત્તિના સ્વરૂપમાં હોય છે.
- દેશમાં નવી ટેકનોલોજીના સ્વરૂપે હોય છે.
- કાર્ય સંસ્કૃતિ સ્વરૂપે હોય છે.

પ્રશ્ન 8 – ભારતમાં વિદેશ વ્યાપારનીતિ સામેના પડકારો સમજાવો. (3 માર્ક)

(1) આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે દેશના ઉદ્યોગોને રક્ષણ આપવા માટે આયાત પર અંકુશ આખવાનો પડકાર.

(2) દેશના ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવા કઇ નીતિ અપનાવવી તથા આયાત અવેજીકરણ માટે ટેકનોલોજી યંત્ર, પુરક યંત્રો તથા સંશાધનોની આયાતનું પ્રમાણ નક્કી કરતું.

(3) વિદેશી હુંડિયામણ બચાવવા બિનજરૂરી વસ્તુની આયાત પર અંકુશ કેવી રીતે રાખવો ?

(4) આવશ્યક આયતો માટેની ચુકવણી માટે જરૂરી હુંડિયામણ કમાવવા માટે નોકાસોને પ્રોત્સાહન આપવા ક્યા પગલા લેવા. તે પડકારરૂપ છે.

(5) ઘણી બધી ભારતીય વસ્તુઓ ગુણવત્તાના પ્રશ્નો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ટકી શકતી નથી. આવા સંજોગોમાં ઉત્પાદકો પાસે ગુણવત્તાનું પાલન કઇ રીતે કરાવવું તે પડકાર જનક છે.

(6) વિદેશ વ્યાપાર નીતિના ઘડતરમાં રોજગારીના મોટા આધારસમાન નાના અને ગૃહ ઉદ્યોગોને હાનિ પહોંચાડ્યા વિના કેવી રીતે ઉત્પાદન અને વિકાસને પ્રોત્સાહન આપવું.

(7) આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વિદેશી હુંડિયામણની જરૂરિયાત ઊભી થાય ત્યારે હુંડિયામણ ક્યા માર્ગે મેળવવું અને કઇ રીતે બચાવવું તે પડકારરૂપ છે.

પ્રશ્ન 9 – ભારતની વિદેશ વ્યાપાર નીતિના તબક્કા સમજાવો.

➔ વિદેશ વ્યાપારનીતિના બે તબક્કાઓ છે.

(1) વૈશ્વિકીકરણ પહેલાની વિદેશ વ્યાપાર નીતિ :

આઝાદી બાદ આર્થિક અને રાજકીય માળખાની ગોઠવણ કરવાની હતી પરંતુ દેશ વિદેશી શાસનમાંથી મુક્ત થયો હોવાથી દેશના લોકોનું વિદેશી વસ્તુ અને વિદેશી કંપની સામે માનસિક વિરોધ હતો. તેથી આ તબક્કામાં આયાત પર અંકુશ અને નિકાસો ઓછી હતી.

ભારતે મિશ્ર અર્થતંત્ર સ્વીકારી આયોજન દ્વારા વિકાસની વ્યુહરચના અપનાવી હતી. પરંતુ મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના માટે વધુ આયાતો થતા વિદેશી હુંડિયામણ ઘટ્યું. તેથી વપરાશી ચીજવસ્તુની આતાત પર અંકુશ મુકાયો.

આ તબક્કામાં દેશના ઉદ્યોગોના સૌરક્ષણને મહત્વ અપાયું. આયાતો ઘટાડી નિકાસ વધારીને વિકાસ કરવાનું વિચાર્યુ. તેથી પરંપરાગતની સાથે બિનપરંપરાગત નિકાસો વધ્યા.

ભારતના ચલણ રૂપિયાને સરકારના અંકુશમાં રખાયો જ્યાં રૂપિયાના અવમુલ્યન દ્વારા નિકાસ વધારવાની નીતિ અપનાવાઇ જેથી આયાતો મોંઘી થઇ. પરિણામે લેણ-દેણની તુલામાં ખાધ ઊભી થઇ. તેથી આ તબક્કામાં આયાત અવેજીકરણ દ્વારા આયાતી ખર્ચ ઘટાડવાની નીતિ અપનાવાઇ. આયાત અવેજીકરણ એટલે આયાત થતી વસ્તુની અવેજીમાં પોતાના દેશમાં વસ્તુ ઉત્પાદન કરવાની રીત.

(2) વૈશ્વિકીકરણ બાદની વિદેશ વ્યાપાર નીતિ :

1991થી ભારતની આર્થિક નીતિમાં પરિવર્તન થતા ભારતે સંરક્ષણાત્મક વેપારનીતિને બદલે મુક્ત વ્યાપારનીતિ અપનાવી. હુંડિયામણના બજારમાં રૂપિયાને ક્રમશઃ અંકુશ મુક્ત કરી આયાત-નિકાસ પરવાના હળવા કરાયા. માત્ર ક્રુડ ઓઇલ, ખાદ્ય તેલ અને રસાયણ જેવી વસ્તુની આયાતમાં જ અંકુશ રખાયો.

પ્રત્યક્ષ વિદેશી મુડીરોકાણ અને ખાનગીકરણને કારણે વિદેશી કંપનીઓ દેશમાં જ વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરી શકે છે.

1991 પછી વિદેશ વ્યાપાર નીતિ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ભારતનો હિસ્સો વધે તે મુજબ ન તૈયાર કરવામાં આવી.

1995માં ભારતે WTO નું સભ્યપદ મેળવ્યું અને તેના માર્ગદર્શન મુજબ ખેત પેદાશની આયાત-નિકાસ માટેના કાયદા અને મુમુડીરોકાણ અંગેના કાયદા બદલવામાં આવ્યા.

• • •

પાઠ ૭. રાષ્ટ્રીય આવક

➔ **પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય આવકએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો એક મહત્વનો ખ્યાલ છે. દેશની રાષ્ટ્રીય આવકએ અર્થતંત્રની કામગીરીનું સરવૈયું છે અને કોઇ પણ આર્થિક સમૃદ્ધિનું માપદંડ ગણાય છે.

- સામાન્ય રીતે,

'કોઇ પણ દેશમાં વર્ષ દરમિયાન પોતાની મુડી અને શ્રમથી કુદરતી સંપત્તિનો ઉપયોગ કરીને અંતિમ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજારમુલ્યને રાષ્ટ્રીય આવક કહે છે.'

GNP, NNP, GDP અને NDP વગેરે રાષ્ટ્રીય આવકના મહત્વના ખ્યાલો છે. બે દેશની આર્થિક સરખામણી કરવા આ ખ્યાલો ઉપયોગી બને છે.

પ્રશ્ન 1 – રાષ્ટ્રીય આવકનો અર્થ જણાવો.

➔ સામાન્ય અર્થમાં,

'વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રમાં કુલ જે ઉત્પાદન થાય તેનું નાણાકીય મુલ્ય એટલે રાષ્ટ્રીય આવક.'

➔ પ્રો. આલ્ફ્રેડ માર્શલના મતે (ઉત્પાદન લક્ષી),

'વર્ષ દરમિયાન મુડી અને શ્રમનો કુદરતી સંપત્તિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય તેને રાષ્ટ્રીય આવક કહે છે.'

(માર્શલે આપેલી વ્યાખ્યા વસ્તુ અને સેવાના ચિખ્ખા ઉત્પાદન પર આધારિત હોવાથી ઉત્પાદન લક્ષી વ્યાખ્યા ગણાય છે.)

➔ ઇરવિંગ ફિશરના મતે (વપરાશલક્ષી),

'વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેનાં પ્રામાણને રાષ્ટ્રીય આવક કહે છે.'

વ્યાખ્યામાં ભૌતિક અને અભૌતિક વસ્તુ અને સેવાની વપરાશ ધ્યાનમાં લેવાતી હોવાથી તેની વ્યાખ્યા વપરાશલક્ષી ગણાય છે.

➔ એ. સી. પિગુના મતે (નાણાલક્ષી),

'વિદેશી આવક સહિતની સમાજની કુલ આવક જે નાણાની મદદ વડે સરળતાથી માપી શકાય તે રાષ્ટ્રીય આવક છે'

રાષ્ટ્રીય આવક વસ્તુ અને સેવાનો એવો પ્રવાહ છે જેની ચુકવણી નાણા દ્વારા કરવામાં આવી હોય અથવા જેને નાણામાં સહેવાઇથી રજુ કરી શકાય. વ્યાખ્યામાં નાણાને વિશેષ મહત્વ હોવાથી નાણાલક્ષી વ્યાખ્યા કહેવાય.

➔ ઉપરોક્ત વ્યાખ્યાના તારણો

(1) રાષ્ટ્રીય આવક એક વર્ષના સમયગાળામાં થયેલી આવકનું માપ છે.

(2) રાષ્ટ્રીય આવકમાં અંતિમ વસ્તુ અને સેવાના મુલ્યને ધ્યાનમાં લેવાય છે.

(3) અંતિમ વસ્તુ અને સેવાનું નાણાકીય મુલ્ય રાષ્ટ્રીય આવક છે.

(4) ઘસારો બાદ કરીને રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે.

(5) વસ્તુ અને સેવાનું ઉત્પાદન અથવા વપરાશ થવું જોઇએ.

પ્રશ્ન 2 – રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ સમજાવો.

➔ રાષ્ટ્રીય આવક :

વર્ષ દરમિયાન ઉત્પાદનના ચારેય સાધનોએ ઉત્પાદનમાં આપેલા ફાળા બદલ તેમને મળતી કુલ આવકનો સરવાળો એટલે રાષ્ટ્રીય આવક.

રાષ્ટ્રીય આવક = ભાડું + વેતન + વ્યાજ + નફો

➔ રાષ્ટ્રીય પેદાશ :

'વર્ષ દરમિયાન દેશમાં વિવિધ પેઢી દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓ રાષ્ટ્રીય પેદાશ છે.'

'વર્ષ દરમિયાન ઉત્પાદનના સાધનોથી દેશના જુદા-જુદા ક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મુલ્યનો સરવાળો એટલે રાષ્ટ્રીય પેદાશ.'

રાષ્ટ્રીય પેદાશ = ખેતી + ઉદ્યોગ + સેવા ક્ષેત્રનું કુલ ઉત્પાદન.

જો રાજ્યનો હસ્તક્ષેપ(કરવેરા) ન હોય અને વિદેશવેપાર(આયાત-નિકાસ) ન હોય તો રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય પેદાશ એકસારખા થાય છે.

વસ્તુ ઉપરના કરવેરાના લીધે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી વધુ થાય છે. કારણ કે કરવેરાના કારણે કિંમત ઉત્પાદન-ખર્ચથી વધે છે. ઉપરાંત ઉત્પાદકોને સરકાર તરફથી સબસીડી મળવાના કારણે રાષ્ટ્રીય પેદાશ રાષ્ટ્રીય આવકથી ઓછી થાય છે.

પ્રશ્ન 3 – અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા સમજાવો.

➔ સૈદ્ધાંતિક રીતે અર્થતંત્રના બે પ્રકારો છે.

(1) અલિપ્ત અર્થતંત્ર

(2) ખુલ્લુ અર્થતંત્ર

અલિપ્ત અર્થતંત્ર એટલે એવું અર્થતંત્ર જેમાં વિદેશ વ્યાપારની કોઇ ભુમિલા હોતી નથી. એટલે કે આવા અર્થતંત્ર અન્ય દેશ સાથે આયાત, નિકાસ વેપાર કરતા નથી. આ અર્થતંત્ર સ્વાવલંબી કે સ્વનિર્ભર હોય છે.

ખુલ્લુ અર્થતંત્ર જેમાં વિદેશ વેપારની ભુમિકા હોય છે. જેમાં બીજા દેશના અર્થતંત્ર સાથે આયાત-નિકાસના વ્યવહાર જોવા મળે છે.

રાષ્ટ્રીય આવકના ચક્રાકાર પ્રવાહની સમજુતી અલિપ્ત અર્થતંત્ર ના સંદર્ભમાં નીચે મુજબ દર્શાવી શકાય.

Devang Sir

ઉત્પાદન, આવક અને ખર્ચનું ચક્રાકાર પ્રવાહ સમજવા અલિપ્ત અર્થતંત્રને બે ક્ષેત્રમાં વિભાજન કરવામાં આવે છે.

1. ધંધાદારી પેઢી
2. સાધનના માલિકો



પેઢી ઉત્પાદન માટે સાધનના માલિકો પાસે સાધનો ખરીદે છે. જેનો ઉપયોગ કરી ઉત્પાદન કરે તેના બદલામાં સાધન માલિકોને ભાડું, વેતન, વ્યાજ અને નફારૂપે વળતર ચુકવે છે. આમ નાણાનો પ્રથમ પ્રવાહ પેઢી તરફથી કુટુંબમાં આવે છે.

પેઢી આ સાધનની મદદથી જે વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરે તે વેચાણ માટે બજારમાં મુકે છે. બજારમાંથી કુટુંબ, વસ્તુ અને સેવાની ખરીદી કરે છે. બદલામાં પેઢીને નાણા ચુકવે છે, તેથી નાણાનો પ્રવાહ કુટુંબમાંથી પેઢી તરફ આવે છે.

આમ આવકનો પ્રવાહનો પેઢીમાંથી કુટુંબ તરફ અને કુટુંબમાંથી પેઢી તરફ સતત વહેતો રહે છે. જેને રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહે છે.

પ્રશ્ન 4 – રાષ્ટ્રીય આવકના મહત્વના ખ્યાલ સમજાવો.

➔ કુલ આંતરિક પેદાશ :

(GDP – Gross Domestic Product)

"વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરીકો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજારમુલ્યને કુલ આંતરીક પેદાશ કહે છે."

મહત્વની બાબતો :

1. GDP માં દેશ અને વિદેશના નાગરીકો દ્વારા અથવા કુદરતી રીતે આપણા દેશની હદમાં થયેલ અંતિમ સ્વરૂપને વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન મુલ્ય ગણવામાં આવે છે.

2. કુલ આંતરીક પેદાશનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો તેથી દેશના નાગરીકોએ વિદેશમાં કરેલું ઉત્પાદન અથવા દેશના નાગરીકે વિદેશથી મેળવેલી આવકને ગણતરીમાં લેવાતી નથી.

3. દેશની આર્થિક સરખામણી કરવા અને અર્થતંત્રની પ્રગતિ દર્શાવવા GDPનો ઉપયોગ કરવામાં આવે છે.

➔ શુદ્ધ આંતરેક પેદાશ :

(NDP – Net Domestic Product)

"ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સાધનોને લાગતાં ઘસારાને કુલ આંતરીક પેદાશમાંથી બાદ કરતા શુદ્ધ આંતરીક પેદાશ મળે છે."

ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન યંત્ર, મકાન, ઓજાર જેવા મુડી સાધનોને ઘસારો લાગે છે. તેથી અમુક સમય બાદ તે બિનઉપયોગી બને છે. અને તેને બદલવા પડે છે.

$$NDP = GDP - \text{ઘસારો}$$

➔ કુલ રાષ્ટ્રીય પેદાશ :

(GNP – Gross National Product)

"વર્ષ દરમિયાન દેશના નાગરીકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મુલ્યને કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે."

આ ખ્યાલ મુજબ દેશના નાગરિકોએ દેશની હદમાં ઉત્પાદન કર્યુ કે સરહદની બહાર વિદેશી ધરતી પર ઉત્પાદન કર્યુ તે મહત્વની બાબત નથી, પરંતુ આપણા દેશના નાગરિકો દ્વારા ઉત્પાદન થયેલું હોવુ જોઇએ.

મહત્વની બાબતો :

1. GNPમાં ચાલુ વર્ષના ઉત્પાદનનું જ મુલ્ય ગણાય છે. અગાઉના વર્ષનું ગણાતું નથી.

2. માં નિદેશમાં રહેતા આપણા નાગરિકોની આવક ઉમેરવામાં આવે તેને આપણા દેશમાં રહીને કમાતા વિદેશી નાગરીકોની આવક બાદ કરવામાં આવે GNP ત્યારે મળે છે.

$$GNP = GDP + \text{વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક}$$

3. સામાન્ય વ્યવહારમાં ના આંકડાનો ઉપયોગ થાય છે.

➔ શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ :

(NNP – Net National Product)

"ઉત્પાદન પ્રક્રિયામાં ઉત્પાદનના સાધનો, યંત્રો, કારખાનાનું મકાન, ઓજાર, વગેરેને ઘસારો લાગતા તેનું મુલ્ય ઘટે છે. તેને મુડી ઘસારો કહેવાય."

"વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મુલ્યમાંથી ઘસારો બાદ કરતા જે શેષ વધે તેને શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ કહે છે."

Devang Sir

મહત્વની બાબતો :

1. $NNP = GNP -$ ઘસારો
2. માંથી ઘસારો બાદ થયા પછી ચાલુ વર્ષનું ઉત્પાદન મુલ્ય મળે છે.

➔ માથાદીઠ આવક :

રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિનો માપદંડ છે તો માથાદીઠ આવક આર્થિક વિકાસનો માપદંડ છે.

'કોઇ એક દેશની રાષ્ટ્રીય આવકને તેની કુલ વસ્તી વડે ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.'

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

ધારો કે, કોઇ એક વર્ષમાં દેશની રાષ્ટ્રીય આવક 60 હજાર કરોડ રૂપીયા અને તે વર્ષની દેશની વસ્તી 2 કરોડ હોય તો,

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{60 હજાર કરોડ રૂપીયા}}{\text{2 કરોડ (વસ્તી)}} = 30{,}000/-$$

માથાદીઠ આવકને ચાલુ વર્ષના રાષ્ટ્રીય આવકના ભાવે ગણવામાં અવી હોય તો તેને ચાલુ ભાવે માથાદીઠ આવક કહેવાય. અને જો સ્થિર ભાવે ગણવામાં આવે તો અથિર ભાવે માથાદિઠ આવક કહેવાય.

માથાદીઠ આવક જેમ વધારે તેમ નાગરિકોને પ્રાપ્ત થતી વસ્તુ કે સેવાનું પ્રમાણ વધારે એટલે કે જીવનધોરણ ઊંચું ગણાય છે.

મહત્વની બાબતો :

1. રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતા વસ્તીવૃદ્ધિ દર ઊંચો હોય તો માથાદીઠ આવક ઘટે છે.
2. માથાદીઠ આવક એ સરેરાશ માપ છે.
3. દેશમાં રાષ્ટ્રીય આવકની વહેંચણી અસમાનતા વધે તો માથાદીઠ આવકમાં કોઇ ફેર પડતો નથી.
4. જો દેશમાં આવકની અસમાનતા વધે તો માથાદીઠ આવક વિકાસનો સાચો માપદંડ નથી.
5. દેશની પ્રગતિનો સાચો માપદંડ રાષ્ટ્રીય આવક્ક નહિ પરંતુ માથાદીઠ આવક છે.
6. માથાદીઠ આવકથી બે દેશની તુલના સરળ બને છે.
7. માથાદીઠ આવકથી દેશના નાગરીકોના જીવનધોરણનો અંદાજ મુકી શકાય.
8. UNO બે દેશોની પ્રગતિની તુલના કરવા માથાદીઠ આવકના આંકડાનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન 5 – રાષ્ટ્રીય આવક માપનની ઉત્પાદન પદ્ધતિ સમજાવો.

રાષ્ટ્રીય આવક માપવની ઉત્પાદન પદ્ધતિ પ્રો. માર્શલની રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા પરથી તૈયાર થઇ છે. તે સૌથી પ્રચલિત પદ્ધતિ છે. તેને મુલ્યવૃદ્ધિ પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

"વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય, તેના નાણાકીય મુલ્યનો સરવાળો એટલે ઉત્પાદન પદ્ધતિએ રાષ્ટ્રીય આવક."

આ પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરવા જુદા-જુદા ક્ષેત્રના ઉત્પાદનનો જથ્થો જાણી તેને બજારકિંમત વડે ગુણવામાં આવે છે.

- નીચે મુજબની મહત્વની બાબતો ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય આવકની ગણતરી કરવી.

1. અર્થતંત્રનું ખેતી, ઉદ્યોગ, સેવા, બાંધકામ, વેપાર-વાણિજ્ય, વાહન-વ્યવહાર, સંદેશાવ્યવહાર જેવા જુદા-જુદા ક્ષેત્રમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

2. અર્થતંત્રના જુદા-જુદા ક્ષેત્રમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશી વસ્તુ અને સેવાઓને જ ગણવામાં આવે છે.

3. ગૃહિણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી નથી તેથી તેનું નાણાકીય મુલ્ય માપી શકાતું નથી. માટે ગૃહિણીની ઘરકામની સેવા ગણાતી નથી.

4. સ્વવપરાશ માટે ઉત્પન્ન થયેલ વસ્તુ બજારમાં વેચાતી નથી, તેથી તેનું નાણાકીય મુલ્ય નક્કી ન થતા તે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. પરંતુ ખેડુતે સ્વવપરાશ માટે રાખેલ અનાજ અપવા તરીકે રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવે છે.

5. સંરક્ષણ અને પોલિસની સેવાના બજાર હોતા નથી. છતા ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરી તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

6. પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તો જે ભાડું મળી શકે તેને આરોપિત ભાડું કહે છે. જેથી ગણતરી રાષ્ટ્રીય આવકમાં થાય છે.

7. વસ્તુની બજારકિંમતમાં પરોક્ષ વેરા હોવાથી રાષ્ટ્રીય આવક જાણવા પરોક્ષવેરા બાદ કરવા અને સરકારે આપેલી સબસીડી ઉમેરવી.

8. ભુતકાળમાં ઉત્પન્ન થયેલ વસ્તુનું જ્યારે ઉત્પાદન થયું હોય ત્યારે રાષ્ટ્રીય આવકમાં તેનું મુલ્ય ગણાવું હોવાથી જો તેનું પુનઃવેચાણ થાય તો ફરીથી તેનું મુલ્ય ગણાતું નથી.

9. ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન મુડી – સાધનને લગતા ઘસારાને બાદ કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

10. નિકાસ મુલ્ય ઉમેરવામાં આવે છે.

11. ગેરકાયદેસર વસ્તુનું મુલ્ય કે દાણચોરી ગણતરીમાં લેવાતી નથી.

12. બેવડી ગણતરીનો અર્થ સમજવી તેને દુર કરવાના ઉપાયો

જ્યારે રાષ્ટ્રીય પેદાશમાં કોઇ એક વસ્તુનું મુલ્ય એક કરતા વધારે વખત ગણવામાં આવે તો તેને બેવડી ગણતરી કહેવાય.

બેવડી ગણતરીથી રાષ્ટ્રીય આવક કૃત્રિમ રીતે વધુ આવે છે. રાષ્ટ્રીય આવક પેદાશની ગણતરીમાં બેવડી ગણતરી દુર કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે. જો રાષ્ટ્રીય પેદાશમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ લોખંડ અને તેમાંથી બનેલ યંત્ર એમ બંને વસ્તુનું નાણાકીય મુલ્ય ગણવામાં આવે તો તે બેવડી ગણતરી છે. આવી બેવડી ગણતરી દેર કરવાના બે ઉપાયો નીચે મુજબ દર્શાવી શકાય.

(1) માત્ર અંતિમ વસ્તુનું મુલ્ય ગણવું :

આ પદ્ધતિમાં અર્ધતૈયાર વચગાળાનો ઉપયોગ ધરાવતી વસ્તુનું મુલ્ય ગણવાને બદલે માત્ર યંત્ર જે અંતિમ વસ્તુ છે. તેના જ નાણાકીય મુલ્યને ગણવામાં આવે તો બેવડી ગણતરીનો પ્રશ્ન ઉકેલાય છે.

(2) મુલ્યવૃદ્ધિ પદ્ધતિ :

ઉત્પાદન પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય ત્યારે તેનું નાણાકીય મુલ્ય વધે છે. આ વધેલા મુલ્યને અલગ કરી તેનો સરવાળો કરી રાષ્ટ્રીય પેદાશ જાણી શકાય છે.

➔ નીચેના ઉદાહરણ દ્વારા આ બાબત સ્પષ્ટ કરી શકાય.

ઉત્પાદનના તબક્કા	વેચાણ આવક	સાધન ખર્ચ	મુલ્ય વૃદ્ધિ
રૂ	100	00	100
સુતર	200	100	100
કાપડ	280	200	80
કુલ	580	300	280

પ્રશ્ન 6 – રાષ્ટ્રીય આવક માપવાની આવક પદ્ધતિ સમજાવો.

રાષ્ટ્રીય આવક માપવાની આ પદ્ધતિ પ્રો. એ. સી. પિગુની વ્યાખ્યા પરથી તારવવામાં આવે છે.

'વર્ષ દરમિયાન દેશના નાગરિકો અને રાજ્ય જે આવક પ્રાપ્ત કરે તેના સરવાળાને રાષ્ટ્રીય આવક કહે છે.'

આ પદ્ધતિમાં ઉત્પાદનના ચારેય સાધનો જમીન, મુડી, શ્રમ અને નિયોજકને મળતી ભાડું, વેતન, વ્યાજ અને નફો રૂપી આવકનો સરવાળો કરવામાં આવે છે. આ સરવાળામાં વિદેશમાં મળતી આવક ઉમેરવી અને આપણા દેશમાં વપરાયેલા વિદેશી સાધનોને થતી ચુકવણી બાદ કરવામાં આવે છે.

મહત્વની બાબતો :

(1) સાધનોની આવક ગણવી :

- ઉત્પાદનના સાધનોને મળતી નીચે મુજબની આવકો ગણવી.

(A) ભાડાની આવક :

જમીન-મકાનનું જે ભાડું મળે તે આવક તરીકે ગણાય છે. પુસ્તકોના કોપીરાઇટ્સ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક ગણવામાં આવે છે.

(B) વ્યાજની આવક :

લોકોને વર્ષ દરમિયાન મુડી પર જે વ્યાજ મળે તે ગણવામાં આવે છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ બાકાત છે. કારણ કે રાજ્ય કરવેરા દ્વારા આવક મેળવે છે અને વ્યાજ તરીકે એ જ નાણા ચુકવે છે એટલે કે માત્ર નાણાની જ હેરફેર થાય છે.

(C) વેતનની આવક :

શ્રમિકને વર્ષ દરમિયાન તેમના કાર્યના બદલામાં જે વેતન કે પગાર મળે છે તે ગણવામાં આવે છે.

(D) નફાની આવક :

રોકાણકારો અને નિયોજકને જે નફા અને ડિવિડન્ડની આવક મળે છે તે ગણાય. તેમજ કંપનીના અનામત નફા ઉપર ચુકવાતા કરવેરાનો પણ સમાવેશ થાય છે.

(2) ન ગણવામાં આવતી આવકો :

આ પદ્ધતિમાં બક્ષિસ, ઇનામ, ભેટ, ચોરી, લુંટની આવક, બેકારી-ભથ્થાની આવક, વૃદ્ધાવસ્થામાં મળતી સરકારી સહાયની આવક, લોટરીની આવક વગેરે ગણવામાં આવતી નથી.

(3) સરકાર દ્વારા અપાતી સબસિડી બાદ કરવામાં આવે છે.

(4) વિદેશની ચોખ્ખી આવક ઉમેરવામાં આવે છે.

(5) વપરાશી માલના વિનિમયથી મળતા કમિશન કે દલાલીની આવક ગણવામાં આવે છે.

(6) સેકન્ડ હેન્ડ વસ્તુની આવકનો સમાવેશ થતો નથી.

(7) જે આવકોથી અર્થતંત્રમાં વસ્તુના નાણાકીય મુલ્યમાં વધારો થતો હોય તેને ગણવામાં આવે છે.

પ્રશ્ન 7 – રાષ્ટ્રીય આવક માપવાની ખર્ચ પદ્ધતિ સમજાવો.

પ્રો. ફિશરની વપરાશલક્ષી વ્યાખ્યા પરથી ખર્ચ પદ્ધતિ વિકસાવવામાં આવે છે.

"વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર ચીજવસ્તુ અને સેવા પર જે કુલ નાણાકીય ખર્ચ કરે તેના સરવાળાને રાષ્ટ્રીય આવક"

આ પદ્ધતિ આવક = ખર્ચ એવી ધારણાથી અભિપ્રેરીત છે. આ પદ્ધતિમાં નાણાકીય વર્શ દરમિયાન અંતિમ વસ્તુ અને સેવાની ખરીદી પાછળ જે ખર્ચ થાય છે. તેનો સમાવેશ કરવામાં આવે છે. એક વર્ષનો કુલ નાણાકીય ખર્ચ GDP જેટલો હોય છે.

મહત્વની બાબતો :

(1) નાણાકીય ખર્ચના ઘટકો :

- નાણાકીય ખર્ચના ચાર ઘટકો છે.

(A) વપરાશી ખર્ચ :

નાગરીકો, કુટુંબો, ધંધાદારી પેઢી દ્વારા ટકાઉ અને નાશવંત વસ્તુ તેમજ સેવા પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે.

(B) મુડીરોકાણ ખર્ચ :

નાગરીકો, કુટુંબો, ધંધાદારી પેઢી, કારખાનાનું મકાન, પ્લાન્ટ, યંત્ર-સામગ્રી માટે જે જરૂરી ખર્ચ કરે તેને મુડીરોકાણ ખર્ચ કહેવાય.

(C) સરકારી ખર્ચ :

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા થતા વપરાશી ખર્ચ, મુડીરોકાણ ખર્ચ અને વહીવટી ખર્ચને સરકારી ખર્ચ કહેવાય.

(D) ચોખ્ખો નિકાસ ખર્ચ :

દેશના નાગરિકોએ વિદેશી વસ્તુની આયાત માટે કરેલું ખર્ચ અને વિદેશી નાગરિકોનું આપણી નિકાસ પાછળ થતા ખર્ચના તફાવતને ચોખ્ખી નિકાસ કહેવાય. જેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થાય છે.

કુલ રાષ્ટ્રીય આવક = વપરાશી ખર્ચ + મુડીરોકાણ ખર્ચ + સરકારી ખર્ચ + ચોખ્ખો નિકાસ ખર્ચ

(2) રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચા :

- સેકન્ડ હેન્ડ વસ્તુની ખરીદીનો ખર્ચ.

- બદલા ચુકવણી (પેન્શન, બેકારી ભથ્થુ, વિધવાને અપાતી સહાય)

- જુના શેરની ખરીદી પાછળનો ખર્ચ.

- વચગાળાના વપરાશની ખરીદીનો ખર્ચ. રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.

- સબસીડી જેવા ખર્ચા પણ રાષ્ટ્રીય આવામાં ગણાતા નથી.

(3) રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી :

વ્યક્તિગત ખર્ચના આધારભુત આંકડા મળતા નથી. તેથી આ પદ્ધતિથી રાષ્ટ્રીય આવક ગણવામાં મુશ્કેલી સર્જાય છે. ઘણીવાર ખર્ચની બેવડી ગણતરી પણ થાય છે.

ભારત જેવા વિકસત દેશ માટે ઉત્પાદન પદ્ધતિ જ્યારે અમેરીકા અને રશિયા જેવા દેશ માટે આવક અને ખર્ચની પદ્ધતિ વધુ અનુકુળ ગણાય છે.

પ્રશ્ન 8 – રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉદભવતી સમસ્યાઓની સમજુતી ટુંકમાં જણાવો.

ભારતમાં 1945માં CSO(Central Statistical Organization) નામની સંસ્થા રાષ્ટ્રીય આવકની ગણતરી કરે છે. જે 1999-2000 ના વર્ષને પાયાનું વર્ષ ગણીને રાષ્ટ્રીય આવક ગણે છે. પરંતુ રાષ્ટ્રીય આરકની ગણતરી કરતી વખતે નીચે મુજબની કેટલીક સમસ્યાઓ સર્જાય છે.

(1) બેવડી ગણતરીની સમસ્યા

(2) સ્વ-વપરાશની મુશ્કેલી

(3) ઘસારો જાણવાની મુશ્કેલી

(4) કરટાળો અને કરચોરીની વૃત્તિ

કરટાળો :

કાયદાની મર્યાદાનો ઉપયોગ કરીને કરદાતા કર ભરવાનું ટાળે છે. જેને કરટાળો કહે છે.

કરચોરી :

કરદાતા કર ભરવાની જવાબદારી ચુકે છે. તેને કરચોરી કહે છે.

(5) ગેરકાયદેસર આવક

(6) ચોખ્ખી વિદેશી આવક સમસ્યા

(7) ગણતરી કે હિસાબો રાખવાની સમસ્યા.

➔ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉત્પાદન, આવક અને ખર્ચના હિસાબો રાખવામાં નીચે મુજબની સમસ્યા સર્જાય છે.

A) નિરક્ષરતા

B) નાના પાયે ઉત્પાદન-વેચાણ

C) સાટા પદ્ધતિ

D) એક કરતા વધુ વ્યવસાયમાં રોકાયેલા લોકો.

ઉપરોક્ત સમસ્યા હોવા છતા રાષ્ટ્રીય આવક ગણવામાં ચોકસાઇ રાખીને સાચી રાષ્ટ્રીય આવક મેળવવાનો પ્રયત્ન CSO દ્વારા થાય છે.

Devang Sir

પ્રશ્ન 9 – નાણાકીય આવક અને વાસ્તવિક આવકના ખ્યાલ સમજાવો.

રાષ્ટ્રીય આવકની ગણતરી નાણાના માપદંડ વડે કરવામાં આવે છે. પરંતુ જો નાણારૂપી માપદંડ અસ્થિર હોય એટલે કે ભાવમાં વધ-ઘટ થતી હોય અને ઉત્પાદન સ્થિર હોવા છતા રાષ્ટ્રીય આવક વધે કે ઘટે અથવા ઉત્પાદન ઓછું વધ્યું હોય તો પણ રાષ્ટ્રીય આવક વધારે આવે છે.

સાચી રાષ્ટ્રીય આવક સમજવા તેને નીચે મુજબની બે પદ્ધતિ દ્વારા ગણવામાં આવે છે.

(1) નાણાકીય રાષ્ટ્રીય આવક

'વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે જ વસ્તુના બજારભાવ સાથે ગુણીને જે રાષ્ટ્રીય આવક મળે તેને નાણાકીય રાષ્ટ્રીય આવક કહે છે.'

'ચાલુ ભાવે એટલે કે વર્તમાન ભાવોએ રાષ્ટ્રીય આવકને ગણવામાં આવે તે નાણાકીય રાષ્ટ્રીય આવક કહેવાય.'

નાણાકીય આવકએ વાસ્તવિક આવક નથી. જો કોઇ વર્ષનું ઉત્પાદન ગયા વર્ષ જેટલું જ હોય અને ભાવ વધ્યા હોય તો ચાલુ વર્ષની નાણાકીય આવક વધુ આવશે. કારણ કે ઉત્પાદન તો ગયા વર્ષે જેટલું જ છે. માત્ર ભાવ વધ્યા છે. જેથી પ્રજાના જીવનધોરણમાં કોઇ સુધારો થયો નથી. જેનાથી અર્થતંત્રની વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવાતી નથી.

(2) વાસ્તવિક રાષ્ટ્રીય આવક :

'વર્ષ દરમિયાન વર્ષ દરમિયાન થયેલ તમામ વસ્તુના ઉત્પાદનને તે વસ્તુના સ્થિર ભાવ સાથે ગુણવાથી જે રાષ્ટ્રીય આવક મળે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે.'

'પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવોએ જે રાષ્ટ્રીય આવક ગણવામાં આવે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે.'

વાસ્તવિક રાષ્ટ્રીય આવક એ દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે. ઉત્પાદન અને બજાર કિંમત બંને વધે છે. પણ સાચી સ્થિતિ જાણવા ઉત્પાદનમાં થતો વધારો જાણવો જરૂરી છે. કારણ કે તેનાથી જ લોકોની વપરાશ અને જીવનધોરણ ઊંચુ લાવી શકાય.

પ્રશ્ન 10 – તફાવત આપો : GDP અને NDP

(i) દેશના નાગરીકો અને વિદેશી નાગરીકો દ્વારા દેશમાં ઉત્પાદીત તમામ અંતિમ સ્વરૂપની વસ્તુ અને સેવાના બજાર મુલ્યનો સરવાળો એટલે GDP. જ્યારે GDP માંથી મુડીસાધનનો ઘસારો બાદ કરવાથી NDP પ્રાપ્ત થાય છે.

(ii) કોઇ પણ દેશમાં GDP કરતા NDP હંમેશા ઓછી હોય છે.

(iii) GDP કરતા NDP આર્થિક પરિસ્થિતિનું યોગ્ય માપ છે.

(iv) NDP કરતા GDPના આંકડાનો વધુ ઉપયોગ થાય છે.

પ્રશ્ન 11 – તફાવત લખો : GNP અને NNP

GNP (કુલ રાષ્ટ્રીય પેદાશ)	NNP (ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ)
- વર્ષ દરમિયાન દેશના સાધનો દ્વારા દેશમાં કે વિદેશમાં જે કંઇ અંતિમ વસ્તુ અને સેવાનું ઉત્પાદન થાય તેના બજારમુલ્યને GNP કહે છે.	- GNPમાંથી મુડીસાધનોના ઘસારાને બાદ કરતા NNP મળે છે.
- GNP શોધવાનું કામ પ્રમાણમાં સરળ છે.	- NNPની ગણતરીનું કામ મુશ્કેલ છે.
- GNP હંમેશા NNP કરતા વધુ હોય છે.	- NNP હંમેશા GNP કરતા ઓછી હોય છે.
- વ્યવહારોમાં GNP ના આંકડાનો ઉપયોગ વધુ થાય છે.	- વ્યવહારમાં NNPના આંકડાનો ઓછો ઉપયોગ થાય છે.

Devang Sir

પ્રશ્ન 12 – તફાવત લખો : GDP અને GNP

GDP (કુલ આંતરીક પેદાશ)	GNP (કુલ રાષ્ટ્રીય પેદાશ)
- દેશના અને વિદેશના નાગરીકો દ્વારા દેશની હદમાં ઉત્પન્ન થયેલ તમામ વસ્તુ અને સેવાના બજારમુલ્યનો સરવાળો એટલે GDP.	- વર્ષ દરમિયાન દેશના નાગરીક દ્વારા ઉત્પન્ન કરેલ વસ્તુ કે સેવાના નાણાકીય મુલ્યને GNP કહે છે.
- GDPનો ખ્યાલ દેશની સરહદ સાથે સંકળાયેલો છે.	- GNPનો ખ્યાલ દેશની સરહદ સાથે સંકળાયેલો નથી.
- GDPમાં વિદેશમાંથી મળતી ચોખ્ખી આવક ધ્યાનમાં લેવાતી નથી.	- GNPમાં વિદેશમાંથી મળતી ચોખ્ખી સાધન આવક ધ્યાન લેવાય છે.
- GDPનો ખ્યાલ સાચી રાષ્ટ્રીય આવક કે સમગ્ર ઉત્પાદનની	- GNPનો ખ્યાલ સાચી રાષ્ટ્રીય આવક અને સમગ્ર ઉત્પાદનનો ખ્યાલ આપે છે.

પ્રશ્ન 13 – તફાવત લખો : અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લુ અર્થતંત્ર

અલિપ્ત અર્થતંત્ર	ખુલ્લુ અર્થતંત્ર
- સરકાર તેમજ વિદેશ વ્યાપારની ભુમિકા વગરના અર્થતંત્રને અલિપ્ત અર્થતંત્ર કહે છે.	- સરકાર અને વિદેશ વેપારની ભુમિકા વાળા અર્થતંત્રને ખુલ્લુ અર્થતંત્ર કહે છે.
- ધંધાદારી પેઢી અને કુટુંબો અલિપ્ત અર્થતંત્રના બે પક્ષકારો છે.	- ધંધાદારી પેઢી, કુટુંબ, સરકાર અને વિદેશ વેપાર ખુલ્લા અર્થતંત્રના ઘટકો છે.
- અન્ય દેશ સાથે આર્થિક વ્યવહાર હોતા નથી.	- અન્ય દેશ સાથે આર્થિક વ્યવહાર હોય છે.
- સ્વાવલંબી કે સ્વનિર્ભર અર્થતંત્ર છે.	- વિદેશ વેપાર હોવાથી પરાવલંબી અર્થતંત્ર છે.
- આ ખ્યાલ માત્ર ધારણા છે.	- આ ખ્યાલ એક વાસ્તવિકતા છે.

● ● ●

પાઠ 10. અંદાજપત્ર

➔ **પ્રસ્તાવના :**

મિશ્ર અર્થતંત્રમાં રાજ્યની આર્થિક પ્રવૃત્તિ મહત્વની છે. દેશના આર્થિક વિકાસ માટે જરૂરી આંતરમાળખુ ઊભી કરવાની જવાબદારી રાજ્ય સરકાર અને આયોજન પંચ (નીતિ આયોગ)ની રચના કરવામાં આવી છે. આર્થિક વિકાસ માટે રાજ્ય કોઇ પણ આર્થિક પ્રવૃત્તિ કરે તો તેના ખર્ચને પહોંચી વળવા આવક મેળવવી જરૂરી છે.

લોકશાહી દેશમાં સરકાર કોઇ પણ કાર્ય પ્રજાના ચુંટેલા પ્રતિનિધિની મંજુરી વિના કરી શકાતી નથી. “પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓની સભા એટલે સંસદ.” સંસદ પાસેથી ખર્ચ અને આવક માટે મંજુરી મેળવવા જવું પડે છે. “આવનારા વર્ષ માટે જાહેર ખર્ચ તથા આવક મેળવવા માટે સંસદ સમક્ષ જે અંદાજો મુકે છે. તેને અંદાજપત્ર કહે છે.”

- ભારતમાં સત્તાની ત્રિસ્તરીય વહેંચણી થયેલી છે.

1. કેન્દ્ર સરકાર
2. રાજ્ય સરકાર
3. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (નગરપાલિકા કે મહાનગરપાલિકા)

ભારતના બંધારણમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે તેમણે કરવાના કાર્ય તથા મેળવવાની આવકના સાધનોની વહેંચણી કરવામાં આવે છે. જેને સમવાય વ્યવસ્થા કહે છે.

બંધારણમાં દર્શાવેલ વ્યવસ્થાતંત્ર એ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ કરવાના કામ તથા તે સ્થાનિક માટેના આર્થિક સાધનો ફાળવવામાં આવે છે.

દેશ માટે અંત્યત મહત્વ ધરાવતા અને વ્યાપક અસરવાળા કાર્યો સરકારને સોંપાય છે.

દા.ત. – રેલવે, સંરક્ષણ અને વસ્તીગણતરી.

રાજ્ય અસરકારક તથા પ્રજાને સીધી અસર કરનારા કામ સોંપવામાં આવ્યા છે.

દા.ત. – શિક્ષણ, કાયદો, વ્યવસ્થા.

સ્થાનિક સ્વરાજની સત્તાને સ્થાનિક મહત્વવાળી અને પ્રાથમિક સેવા સોંપવામાં આવે છે.

દા.ત. – સ્ટ્રીટલાઇટ, સફાઇ, ડ્રેનેજ, પાણી.

સરકાર અને સંસ્થાને સોંપવામાં આવેલ કાર્ય કરવા માટે ખર્ચ કરે છે. અને આ ખર્ચને પહોંચી વળતા આવક મેળવે છે. જે-તે સત્તા દ્વારા આ ખર્ચ અને આવકના અંદાજો રજુ થાય તે અંદાજપત્ર કહેવાય.

પ્રશ્ન 1 – અંદાજપત્રનો અર્થ આપી તેમાંથી ફલિત થતી બાબતો જણાવો.

‘સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજુ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહે છે.’

➔ ફલિત થતી બાબતો :

1. અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજીત આંકડા આપે છે.

2. તે આવનરા નાણાકીય વર્ષના સંદર્ભે રજુ થાય છે. માટે આ અંદાજો ચોક્કસ સમયગાળ માટે હોય છે.

3. દરેક સરકારના અંદાજપત્રને અમલમાં મુકતા પહેલા લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજુરી મેળવવી પડે.

4. અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્યસરકારના નાણામંત્રી રજુ કરે છે.

પ્રશ્ન 2 – અંદાજપત્રનો અર્થ આપી તેના ઉદ્દેશોની સમજુતી આપો.

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજુ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહે છે.

➔ અંદાજપત્રના ઉદ્દેશો :

1. સત્તાસમુહોની મંજુરી મેળવવી :

અંદાજપત્રને સરકારને મંજુરી મેળવવા માટે રજુ કરેલી અંદાજિત દરખાસ્ત છે. લોકશહીમાં સરકારે આવનારા નાણાકીય વર્ષ માટે કરવા ઇચ્છતા ખર્ચ અને આવકના આંકડા સત્તાસમુહ સમક્ષ રજુ કરી મંજુરી મેળવવી પડે છે.

કેન્દ્ર સરકારે લોકસભાની, રાજ્ય સરકારે વિધાનસભાની મંજુરી મેળવવી પડે છે.

2. સંસાધનો અને જવાબદારીઓનો અંદાજ મેળવવા :

જાહેરસભા દ્વારા અંદાજપત્ર રજુ કરવાનો એક ઉદ્દેશ આવનારા વર્ષમાં તેની કઇ જવાબદારીઓ છે. અને તે નિભાવવા ક્યા માર્ગે આવક પ્રાપ્ત કરવાની શક્યતા છે તે તપાસવાનું હોય છે.

3. સાધન ફાળવણીને યોગ્ય દિશા મળે :

અંદાજપત્ર રજુ કરવાનું એક હેતુ આયોજિત રીતે ઉપલબ્ધ સાધનોની ફાળવણી કરવાનો હોય છે. જો જુદા-જુદા હેતુની સિદ્ધિ માટે ચોક્કસ ફાળવણી ન કરવામાં આવી હોય તો અમુક ચોક્કસ બાબતો પાછળ વધુ ફાળવણી થતા આયોજિત લક્ષ્યાંકો સિદ્ધિ થતા નથી. સાધન ફાળવણીથી જાહેર સત્તાને ચોક્કસ દિશા મળે છે.

4. પ્રજાની જાણકારી માટે :

સરકાર અંદાજપત્ર એટલા માટે રજુ કરે છે કે જેનાથી પ્રજાને સરકારની ક્યા પ્રકારની આર્થિક નીતિ રહેશે. તેની માહિતી મળી રહે તેનાથી નાગરીકોને ખબર પડે કે સરકાર ક્યા ક્ષેત્રમાં રોકાણ કરશે, કઇ વસ્તુ પર કરવેરા લાગશે, કઇ વસ્તુ મોંઘી કે સસ્તી બનશે તેનો ખ્યાલ મળે છે.

Devang Sir

પ્રશ્ન 3 – અંદાજપત્રના પ્રકારે ટુંકમાં સમજાવો.



(1) સમતોલ અંદાજપત્ર :

'સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર જ્યાં સરકારનો અંદાજિત ખર્ચ તેની અંદાજિત આવક જેટલો જ હોય.'

આ અંદાજપત્રની આદર્શ સ્થિતિ છે. જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો એકસરખા થાય, ભારત જેવા વિકસતા દેશ માટે આ અંદાજપત્ર બિનવ્યવહારુ છે, જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિદર માટે રાજ્ય વધુ ખર્ચ કરે તેથી અંદાજપત્ર સમતોલ થતું નથી.

➔ ફાયદા :

1. આર્થિક સ્થિરતા જળવાઇ રહે છે.
2. આવક અને ખર્ચ સરખા રાખવા સરકાર બિનજરૂરી ખર્ચ અને વેરા ઘટાડે છે.
3. પ્રજા પર કરવેરાનો બોજો વધતો નથી.

➔ ગેરફાયદા :

1. સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચ ઘટાડેતો પ્રજાકલ્યાણ પર અસર થાય છે.
2. સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા કરવેરા વધારે તો પ્રજા પર બોજ વધે. જે આર્થિક વિકાસ માટે અવરોધક બને.

એડમસ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી પરંતુ જે. એમ. કેઇન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી કારણ કે અર્થતંત્રમાં રોજગારી ટકાવી રાખવા સરકારે વધુ ખર્ચ કરવો જરૂરી છે.

(2) અસમતોલ અંદાજપત્ર :

અસમતોલ પત્રમાં અંદાજિત આવક અને ખર્ચ એકસરખા હોતા નથી. જેથી અસમતુલા બે પ્રકારની જોવા મળે છે.

(A) ખાદ્યવાળું અંદાજપત્ર :

સરકારના અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતા વધુ હોય તેને ખાદ્યવાળું અંદાજપત્ર કહે છે.

ખાદ્યવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક

વિકસતા દેશમાં સરકારનો શિક્ષણ, સ્વરક્ષણ અને સામાજિક સેવા પાછળ વધુ ખર્ચ થાય છે. જેની સામે લોકોની કરવેરા ભરવાની ક્ષમતા ઓછી હોવાથી અંદાજપત્ર ખાદ્યવાળું બને છે.

➔ ફાયદા :

1. આ અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણાય છે.

2. મંદીના સમયે ખાદ્યવાળા અંદાજપત્રની ખર્ચ કરી રોજગારી સર્જી શકાય છે. તેથી તે આર્થિક વૃદ્ધિ માટે મદદરૂપ બને છે.

3. પ્રજા પર કરવેરાનો બોજો ઓછો રહે છે.

➔ ગેરફાયદા :

1. કેટલીક વખત સરકાર વધુ પડતો ખર્ચ કરીને દેવું કહે છે. દેવાનો બોજ વધે છે.

2. સરકારી ખર્ચ પર નીયંત્રણ રહેતું નથી.

3. પ્રજાએ ચુકવેલા કરવેરાનો બિનકાર્યક્ષમ ઉપયોગ થાય છે.

(B) પુરાંતવાળું અંદાજપત્ર :

'અંદાજિત ખર્ચ કરતા અંદાજિત આવક વધુ હોય તવા અંદાજપત્રને પુરાંતવાળું અંદાજપત્ર કહે છે.

પુરાંતવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ < અંદાજિત આવક

વિકસિત દેશમાં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધુ હોવાથી પુરાંતવાળું જોવા મળે છે.

➔ ફાયદા :

1. ફુગાવાના સમયે પ્રજા પાસેથી વધુ કરવેરા લઇ ફુગાવાને કાબુમાં લાવી શકાય છે.

2. પુરાંત અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચીવળવા દેવું કરવું પડતું નથી.

3. પ્રજા પર કરવેરાનો બોજો પડતો નથી.

➔ ગેરફાયદા :

1. પુરાંત અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસના કાર્ય માટે જરૂરી ખર્ચ ન કરે તો વિકાસ પર વિપરીત અસર પડે છે.

2. મંદીના સમયમાં સરકાર પુરાંતવાળું અંદાજપત્ર તૈયાર કરવા નાણા ન ખર્ચે તો અર્થતંત્રમાં મુડીરોકાણ, રોજગારી અને ઉત્પાદન પર વિપરીત અસર પડે છે.

3. જો દર વર્ષે પુરાંત વધતી જાય તો સરકારે તેનું શું કરવું તે પ્રશ્ન સર્જાય છે.

પ્રશ્ન 4 – પંચાયતના કાર્યો અને સ્ત્રોત(આવક)ના સમજાવો.

પંચાયત એટલે 5 વ્યક્તિની સભા, પંચાયત સ્થાનિક શાસનની નિર્ણય પ્રક્રિયાનું સૌથી જુનું સ્વરૂપ છે. ભારતે બંધારણમાં જોગવાઇ કરી દરેક ગ્રામપંચાયત પોતાના ગામના વિકાસ અને જોગવાઇ કરી દરેક ગ્રામપંચાયત પોતાના ગામના વિકાસ અને સામાજિક ન્યાયની યોજના બનાવી શકે તેવી છુટ આપી.

પંચાયતમાં ગ્રામસભા દ્વારા નિર્ણયો થાય છે. પંચાયતને રાજ્યના નાણા પંચની ભલામણ મુજબ નાણા ફાળવવામાં આવે છે.

પંચાયતી રાજના ધારાએ પંચાયતને વધુ નાણાકીય મજબુતી આપી છે. કેન્દ્ર સરકાર પોતે જ પંચાયતના ખાતામાં વિકાસ કાર્ય માટે નાણા ફાળવે છે. જેથી પંચાયતનું રાજ્ય સરકાર પરનો આધાર ઘટ્યો અને નાણાકીય સમૃદ્ધિ વધી છે. પંચાયતને નિર્ણય લેવાની સ્વતંત્રતામાં વધારો થયો છે.

➔ કાર્યો :

1. જાહેર સફાઇ
2. જાહેર આરોગ્ય
3. પાણીની સુવિધા
4. રસ્તાની સુવિધા

➔ આવકના સ્ત્રોત :

1. બંધારણ માન્ય અને રાજ્ય સરકારે મંજુરી આપી હોય અને તેવા સ્થાનિક વેરા અને દંડની રકમ.
2. કેન્દ્ર સરકાર દ્વારા મળતું સીધી અનુદાન.
3. રાજ્યની વિવિધ યોજનાના અમલ માટે પંચાયતને ફાળવવામાં આવતા નાણા.

પ્રશ્ન 5 – અંદાજપત્રની અસરો જણાવો.

➔ અંદાજપત્ર અર્થતંત્ર અને સમાજને નીચે મુજબ ની અસર પહોંચાડે છે.

1. આવકને ધ્યાનમાં રાખીને ખર્ચ કરવાનો પ્રયાસ કરવા માટે સરકારને ફરજ પાડે છે. જેથી સરકારમાં રાજકોષીય શિસ્ત આવે છે.

2. વિવિધ ક્ષેત્ર વચ્ચે નાણાકીય ફાળવણી આર્થિક અને સામાજિક મહત્વના ધોરણે થાય છે. જેથી સાધનોની ન્યાયી વહેંચણી થાય છે.

3. વિવિધ ક્ષેત્રમાં નાણાકીય ફાળવણીમાં મુડીરોકાણને યોગ્ય દિશામાં સુચન મળે છે. અને કરવેરા દ્વારા માંગનું નિયંત્રણ થાય છે.

4. કરવેરા અને ખર્ચનું નિયંત્રણ કરી અર્થતંત્રમાં મંદી અને ફુગાવાનું નિયંત્રણ થાય છે. જેથી આર્થિક સ્થિરતા જળવાઇ રહે છે.

5. અંદાજપત્ર દ્વારા રાજ્યની યોજનાના હેતુના સંદર્ભમાં વૃત્તિ અને વિકાસને દિશા મળે છે.

પ્રશ્ન 6 – અંદાજપત્રની ખાધના પ્રકારો સમજાવો.

➔ ખાધવાળા અંદાજપત્રમાં ચાર પ્રકારની ખાધ દર્શાવવામાં આવે છે. જે નીચે મુજબ સમજાવી શકાય.

(1) મહેસુલી ખાધ :

મહેસુલી ખાધ મહેસુલી ખાતામાં જ ઉદભવે છે.

"અંદાજપત્રમાં મહેસુલી આવક કરતા મહેસુલી ખર્ચ વધી જાય તેને મહેસુલી ખાધ કહે છે."

મહેસુલી ખાધ રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતા વધુ દર્શાવે છે.

હિસાબી દ્રષ્ટિ આ ખાધ અર્થતંત્રની નીચે કાર્યક્ષમતા દર્શાવે છે. મુડી ખાતાની આવક દ્વારા મહેસુલી ખાધ ભરપાઇ થાય છે.

સુત્ર:

મહેસુલી ખાધ = મહેસુલી ખર્ચ – મહેસુલી આવક

(2) અંદાજપત્રની ખાધ :

જ્યારે મહેસુલી અને મુડી ખાતાની કુલ આવક કરતા મહેસુલી અને મુડી ખર્ચ વધારે હોય તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.

અંદાજપત્રીય હંમેશા શુન્ય જ મળે છે.કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પુરી કરવા માટે રીઝર્વ બેંક પાસેથી ઉપાડ કરે છે. જેને ખાધ પુરવણી કહે છે.

રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પુરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી આંતરીક ઉપાડ કરે છે.

સુત્ર :

અંદાજપત્રીય ખાધ = ખર્ચ – આવક

(3) રાજકોષીય ખાધ :

સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલા દેવાનો સરવાળો એટલે રાજકોષીય ખાધ.

રાજકોષીય ખાધ અંદાજપત્રની ખાધ કરતા વધુ હોય છે.

રાજ્ય સરકાર ભારતમાંથી તે મુડીખાતાની આવક કહેવાય.

સુત્ર :

રાજકોષીય ખાધ = અંદાજપત્રીય ખાધ + સરકારે બજારમાંથી મેળવેલા દેવા

(4) પ્રાથમિક ખાધ :

રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચુકવણી બાદ કરતા પ્રાથમિક ખાધ મળે છે.

રાજ્યને દેવાના વ્યાજને ચુકવણીનો નજો સર્જે છે. પરંતુ આ ભુતકાળમાં થયેલ દેવું છે.

ભારતમાં આ પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્વ ગણાતું નથી.

સુત્ર :

પ્રાથમિક ખાધ = રાજકોષીય ખાધ – વ્યાજની ચુકવણી

પ્રશ્ન 7 – અંદાજપત્રના મુખ્ય ખાતાઓ જણાવો.

અંદાજપત્રમાં હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે :

(1) જમા બાજુ (જેમાં આવક નોંધાય)

(2) ઉધાર બાજુ (જેમાં ખર્ચ નોંધાય)

(1) આવક બાજુ :

- અંદાજપત્રની આવક બાજુના બે ભાગ પડે છે :

(i) મહેસુલી આવક (કુલ આવક) :

સરકારને પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા દ્વારા થતી આવક, જાહેર ક્ષેત્રના નફાપેટે થતી આવક, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે તે મહેસુલી આવક છે.

મહેસુલી આવક ચાલુ વર્ષની પ્રવૃતિમાંથી થાય છે.

(ii) મુડી આવક :

રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બેંકમાંથી લીધેલું કરજ, ટ્રેઝરી બિલના વેચાણ અને વિમુડીકરણમાંથી થતી આવક મુડી આવક ગણાય છે.

(2) ખર્ચ બાજું :

- અંદાજપત્રની ખર્ચ બાજુના બે ભાગ પડે છે.

(i) મહેસુલી ખર્ચ :

સરકારી કર્મચારીનો પગાર, રાજ્ય સરકારને મદદ, સંરક્ષણ અને સબસીડી માટે થતો ખર્ચ મહેસુલી ખર્ચ છે.

(ii) મુડી ખર્ચ :

સરકાર દેવાની ચુકવણી કરે, રાજ્ય સરકાર અન્યને કરજ આપે, સામાજીક તથા સંરક્ષણ ક્ષેત્રે થતો ખર્ચ મુડી ખર્ચ છે.

આમ, અંદાજપત્ર બે ખાતામાં વહેંચાય છે.

(i) મહેસુલી ખાતુ = મહેસુલી આવક + મહેસુલી ખર્ચ

(ii) મુડી ખાતુ = મુડી આવક + મુડી ખર્ચ

Devang Sir

પ્રશ્ન 8 – કેન્દ્ર સરકારના અંદાજપત્રના હિસાબી ખાતાની ચર્ચા કરો.

ભારતના બંધારણની કલમ 112(1) મુજબ કેન્દ્ર સરકારનું અંદાજપત્ર રજુ થાય છે. કેન્દ્ર સરકારના નાણામંત્રી આગામી નાણાકીય વર્ષ માટે લોકસભામાં ફેબ્રુઆરી માસની આખર તારીખે બજેટ રજુ કરે છે. જેના પર માર્ચ માસ દરમિયાન ચર્ચા-વિચારણા કરી 1 લી એપ્રિલથી તેનો અમલ કરવામાં આવે છે.

મહેસુલી ખાતું	
મહેસુલી આવક	**મહેસુલી ખર્ચ**
(A) કર આવક : - પ્રત્યક્ષ કરવેરાની આવક - પરોક્ષ કરવેરાની આવક (B) કર સિવાયની આવક : - સરકારે આપેલા ધિરાણ પર મળનાર વ્યાજ - જાહેર ઉદ્યોગમાંથી મળેલા નફા અને ડિવિડન્ડ - જાહેર સેવામાંથી પ્રાપ્ત થતા ફી તથા દંડ - વિદેશથી પ્રાપ્ત અનુદાન	(A) બિનઆયોજિત ખર્ચ : - વ્યાજની ચુકવણી - સામાજિક સેવા, શિક્ષણ, આરોગ્ય, વહીવટી સેવા, પાયાની સેવા પાછળનો ખર્ચ - આર્થિક-સેવા, ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહન વ્યવહાર, પાછળનો ખર્ચ - રાજ્ય સરકાર-કેન્દ્રશાસિત પ્રદેશને અપાતા અનુદાન - સંરક્ષણ ખર્ચ - સબસીડી, પેન્શન, પગાર. (B) આયોજન ખર્ચ : - ખેતી, ઉદ્યોગ, સિંચાઇ, પ્રસારણ પાછળનો ખર્ચ. - કેન્દ્ર અને રાજ્યશાસિત પ્રદેશોને અપાતી સહાય.

મુડી ખાતું	
મુડી આવક	મહેસુલી આવક
- ઋણ વસુલી - દેવાથી પ્રાપ્ત થતી આવક - અન્ય આવક.	- ઋણની પુનઃ ચુકવણી - અન્ય સરકાને અપાતા ધિરાણ પાછળનો ખર્ચ - સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં થતો મુડી ખર્ચ - સંરક્ષણ ક્ષેત્રનો મુડી ખર્ચ.

➔ રાજ્ય સરકારનું અંદાજપત્ર

રાજ્ય સરકારનું મહેસુલી ખાતું	
આવક (જમા)	ખર્ચ (ઉધાર)
(1) કેન્દ્રીય વહેંચણીમાંથી મળેલો હિસ્સો (2) રાજ્યના કરવેરાની આવકો A. ખેતીની આવકો ઉપરનો કર જે હાલમાં લેવાતો નથી. B. જમીન મહેસુલ C. સ્ટેપ ડ્યુટી D. રાજ્યની આબકારી જકાત E. વેચાણવેરા F. વાહન કર G. વીજળી પરનો વેરો H. મનોરંજનનો કર I. અન્ય કરવેરા (3) અન્ય આવકો : અનુદાન, દાન, ભેટ.	(1) વિકાસલક્ષી (A) સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, પાણી પુરવઠો, પછાત વર્ગોનું કલ્યાણ વગેરે પાછળ થતો ખર્ચ. (B) આર્થિક સેવાઓ જેવી કે કૃષિ, ગ્રામીણીકરણ, સિંચાઇ, ઉદ્યોગ, પરીવહન, સંચાર, વિજ્ઞાન, ટેક્નોલોજી પાછળનો ખર્ચ (2) બિનવિકાસલક્ષી (A) સામાન્ય સેવાઓ, જેવી કે વહીવટીય સેવાઓ, પેન્શન અને નિવૃત્તિના લાભ, નાણાકીય સેવાઓ વગેરે પાછળ થતો ખર્ચ (B) અન્ય ખર્ચ : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાતા અનુદાન

રાજ્ય સરકારનું મુડીખાતું	
આવક (જમા)	ખર્ચ (ઉધાર)
(1) જાહેર દેવું (A) રાજ્ય સરકારનું આંતરિક દેવું. (B) કેન્દ્ર તરફથી મળતી લોન અને પેશગીઓ. (C) પ્રોજેક્ટ અને કેન્દ્ર સરકાર તરફથી મળતી પેશગીઓ. (2) અન્ય સરકારોને આપેલી લોન અને પેશગીઓની વસુલાત (3) અન્ય મુડી આવક	(1) વિકાસલક્ષી (A) સામાજિક સેવાઓ પાછળ થતો મુડી ખર્ચ (B) આર્થિક સેવાઓ પાછળ થતો મુડી ખર્ચ (2) બિનવિકાસલક્ષી (A) સામાન્ય સેવાઓ પાછળ થતો મુડી ખર્ચ (B) જાહેર દેવાની ચુકવણી (C) અન્ય ખર્ચ :

Devang Sir

દા.ત. – વિમુડીકરણમાંથી પ્રાપ્ત થતી મુડી આવકો.	રાજ્ય દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને, સરકારોને અપાતી લોન અને પેશગીઓ.

➔ મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજપત્રનો ખ્યાલ

મહેસુલી ખાતું	
આવક (જમા)	ખર્ચ (ઉધાર)
(1) રાજ્ય તરફથી સ્થાનિક સરકારને આવક પ્રાપ્ત થાય (A) અનુદાન, સબદિડી (B) સરકારી યોજના માટે રાજ્ય સરકાર તરફથી મળતો ફાળો.	(1) અનુદાન-સબસિડી મેળવવા માટે આપવાનો થતો ફાળો.
(2) જકાત(ઓક્ટ્રોય)	(2) ઘિરાણ લેવા માટે થતો ખર્ચ
(3) પ્રોપર્ટી ટેક્સ (મિકલત વેરો) (A) સામાન્ય વેરો (B) પાણી વેરો (C) વેફ્ન્ટ એન્ડ ટેક્સ	(3) સ્થાપના ખર્ચ Establishment Exp. દા.ત. – પગાર, પેન્શન, વગેરે પાછળ થતો ખર્ચ.
(4) અન્ય વેરા : (A) વાહન વેરો (B) મનોરંજન વેરો (C) શિક્ષણ વેરો	(4) વહીવટી ખર્ચ : સ્ટેશનરી ખર્ચ
(5) વેરા સિવાયની આવક : કાયદા મુજબ વસુલ થયેલ આવક (A) મ્યુનીસીપલના માલિકીના વપરાશની ફી (B) જાહેર જગ્યા પર વસુલ કરેલ ફી (C) જાહેર સેવાના બદલામાં ફી વગેરે.....	(5) વીજળી-બળતણ ખર્ચ (6) મરામત, નિભાવ ખર્ચ (7) સ્થાનિક સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમ માટે થતો ખર્ચ.

મુડી ખાતું	
આવક (જમા)	ખર્ચ (ઉધાર)
(1) રાજ્ય સરકારનું અનુદાન (2) માલિકીની મિલકતમાંથી મુડી લાભ (3) ઋણ (ઉછીના લીધા તે) (4) અન્ય દા.ત. – રાજ્ય સરકાર પાસેથી આવાસ યોજના માટે મળતી મુડી.	(1) આંતરમાળખાકીય સુવિધા માટે થતો ખર્ચ (2) વાહન વ્યવહારના સાધનો (3) સાધનો, મશીનરી પાછળ થતો ખર્ચ.

Devang Sir

પાઠ 11. આર્થિક વિચારો



➔ **પ્રસ્તાવના :**

“સામાન્ય રીતે અર્થવ્યવસ્થાનું સંચાલન, ઉત્પાદન, આવક, વહેંચણી, રોજગારી, નાણું, વિનિમય, આર્થિક વિકાસ, બેંકિંગ, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાના ઉકેલના સંદર્ભમાં રજુ થયેલા વિચારોને આર્થિક વિચારો કહે છે.”

- આર્થિક બાબતોના સંદર્ભમાં અનેક વિચારકોના પ્રભાવ જોવા મળે છે.

જેમ કે, એડમસ્મિથના અર્થતંત્રમાં ભૌતિક સંદર્ભમાં અર્થતંત્રને નવી દિશા આપતા પ્રો. કેઇન્સના ખર્ચ, આવક અને રોજગારીને લગતા સમગ્રલક્ષી આર્થિક વિચારોમાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ જોવા મળે છે.

ભારતીય પ્રાચીન ગ્રંથોમાં પણ અર્થતંત્ર સંબંધી વિચારો રજુ થયા છે. જેમ કે, મહાભારતમાં શાંતિપર્વ, મનુસ્મુતિ, શુક્રનીતિ અને કામંદકિય નીતિસાર જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોએ પોતાના વિચારો રજુ કર્યા છે.

આ આર્થિક વિચારોનો ધર્મ, નીતિશાસ્ત્ર, તત્વજ્ઞાન સાથે સંબંધ જોવા મળે છે. ભારતની આર્થિક વિચાર-ધારામાં “કૌટિલ્યનું અર્થશાસ્ત્ર” અગ્રસ્થાને છે.

પ્રશ્ન 1 – કૌટિલ્યના આર્થિક વિચારો સમજાવો.

(A) પરિચય :

કૌટિલ્ય જેણે “કૌટિલ્યના અર્થશાસ્ત્ર” ની રચના કરી હતી. જે કુટનીતિના તજજ્ઞ હતા. જેમણે એક સંપુર્ણ રાષ્ટ્રનું સપનું જોયું હતું.

દાંત સાથે જન્મેલા ચણક બ્રાહ્મણના પુત્ર ચાણક્ય કે જેનું મુળ નામ વિષ્ણુગુપ્ત હતું. જેમણે પોતાનું બાળપણ પાટલીપુત્ર રાજ્યના કુસુમપુર ગામમાં વિતાવ્યું હતું.

ઇ.સ. પુર્વે ત્રીજી સદીની આસપાસ નંદવંશના છેલ્લા રાજા ધનાનંદના કુશાસનનો અંત લાવવા ચંદ્રગુપ્ત મૌર્યનો સાથ લઇ ચાણક્યએ નૈતિક મુલ્ય આધારીત અર્થવ્યવસ્થાવાળા સમૃદ્ધ રાષ્ટ્રની રચના માટે પ્રબળ પુરુષાર્થ કર્યો હતો.

રાજનીતિ, કાયદો, અર્થનીતિ, કરનીતિ, સમાજવ્યવસ્થા, વેપાર, ખેતી અને ઉદ્યોગ જેવા વિષયનો સુક્ષ્મ અભ્યાસ કરી “કૌટિલ્યના અર્થશાસ્ત્ર” નામના ગ્રંથની રચના કરી.

(B) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર :

ભારતીય સંસ્કૃતિ જેટલી જ તેની રાજ્ય વ્યવસ્થા પ્રાચીન છે. જેમાં રાજધર્મ, નીતિશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા શબ્દો દ્વારા રાજ્ય વ્યવસ્થાનો નિર્દેશ થયો છે.

આજથી હજારો વર્ષ પુર્વે ઋષિમુનિઓના ચિંતનમાં આધુનિક સમસ્યાનું ઉકેલ મળી રહે છે. તેમણે પ્રવર્તમાન અને આવનારા સમયની વ્યક્તિગત અને સમષ્ટિગત સમસ્યાને ધ્યાનમાં રાખી આપ્યું છે.

"કૌટિલ્યનું અર્થશાસ્ત્ર" ચિંતન શ્રેણીનો આમુલ્ય ગ્રંથ છે. આ ગ્રંથ પંડિત શ્યામશાસ્ત્રીને ગ્રંથલિપિમાં ભોજપત્ર ઉપર મૈસુરની ઓરીએન્ટલ લાઇબ્રેરીમાંથી પ્રાપ્ત થયો હતો. જે તેમણે ઇ.સ. 1909 પ્રકાશિત કર્યા હતો. તેમણા સંશોધન પ્રમાણે આ ગ્રંથ ઇ.સ. પુર્વે 321 થી 300 વચ્ચે લખાયો હતો.

કૌટિલ્યનું ચિંતન અર્થ આધારીત છે. તેમના મતે સત્તાની ચાવી અર્થ છે. માનવીનો જીવનનિર્વાહ અર્થ આધારીત છે. માનવી સાધન વગર પણ શ્રમ દ્વારા અર્થ પ્રાપ્ત કરી શકે છે. તેથી તેમણે માનવસર્જિત શ્રમને વાસ્તવિક અર્થ કહ્યુ છે.

'કૌટિલ્યના મતે અર્થશાસ્ત્ર એટલે મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભુમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાભ અને પાલનના ઉપાયો દર્શાવતા શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહે છે.'

તેમનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં અર્થનીતિશાસ્ત્ર છે. કૌટિલ્યએ પંદર ભાગમાં આંતરીક પ્રશાસન, પડોશી રાજ્ય સાથેના સંબંધ, ઔષધો અને કુટનીતિને લગતા વિચારો લખ્યા છે.

(C) કૌટિલ્યના મુખ્ય આર્થિક વિચારો :

(1) જનપદ(રાજ્ય) ની સ્થાપના : (2 માર્ક)

રાજયની સ્થાપના સમયે રાજાએ પ્રજા અને રાજ્યના વિકાસ માટે અનુકુળ માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું. ખેતી અને ઉદ્યોગના વિકાસ માટે પ્રયત્નશીલ રહેવું, કારખાના-પશુશાળા-આયાતનિકાસ-રસ્તાઓ અને બજારની રચના કરવી જોઇએ ખેતી માટે જળાશય, દેવાલય અને ધર્મશાળાનું નિર્માણ કરવામાં મદદ કરવી જોઇએ.

આચાર્યો, પુરોહિતો અને ક્ષત્રિયોને કરમુક્તી આપવી જોઇએ. તેમજ અસહાય અવસ્થામાં ખેડુતોને મદદ કરવી.

(2) રાજકોષ : (5 માર્ક)

રાજ્યની સમુદ્ધિ અને સુરક્ષા માટે રાજકોષ મહત્વના છે. રાજ્યનું સંચાલન, સ્થિરતા, સમૃદ્ધિ અને સંગઠન રાજકોષ પર આધારિત છે.

કૌટિલ્યએ રાજ્યની આવકના 7 સ્ત્રોતો દર્શાવ્યા છે. જેમાં (1) નગર, (2) ગ્રામ, (3) સિંચાઇ, (4) ખાધ, (5) જંગલ, (6) પશુપાલન અને (7) વેપારવાણિજ્યનો સમાવેશ થાય છે.

રાજાએ વર્ષમાં એક જ વાર કર ઉઘરાવવું અને પ્રજા પર બળજબરી કર્યા વગર રાજકોષ વધારવો, દુષ્કાળ અને અતિવૃષ્ટી વાળા વિસ્તારમાં કરવસુલી માટે સખ્તાઇ ન કરવી.

કૌટિલ્ય એ રાજકોષ વધારવા સાર્વજનિક સંપત્તિ, કિંમતી ભેટ, ઇનામ, વેપારવૃદ્ધિ જેવા ઉપાયો સુચવ્યા છે.

રાજકોષ મોટે ભાગે વસ્તુના સ્વરૂપે મળતો હોવાથી તેનો સંગ્રહ કરવા ગોદામોની વ્યવસ્થા કરવી.

અનાજ પકવતા ખેડુત પાસેથી કુલ ઉત્પાદનનો ચોથો ભાગ ઉપરાંત ધાન્ય, રૂ-રેશમ, કપાસ અને દવા જેવી વસ્તુના ઉત્પાદનનો અડધો ભાગ કર તરીકે ઉઘરાવવાની સ્તષ્ટતા કરી.

આમ, કૌટિલ્યના રાજકોષના વિચારોમાં રાજ્યની કલ્યાણલક્ષી ભાવનાનો ખ્યાલ સ્પષ્ટ થાય છે.

(3) કરવેરાની નીતિ : (5 માર્ક)

કૌટિલ્યએ કરવેરા અંગે ચોક્કસ સિદ્ધાંતો રજુ કર્યા. જેમાં રાજા માટે કરવેરાની મર્યાદા, ટુંકાગાળા અને લાંબાગાળાની કરનીતિ તેમજ આકસ્મિક સંજોગોમાં કરવેરાના દર ઊંચા લઇ જવાની જોગવાઇ કરી.

રાજાએ પ્રજાની શક્તિ અને સ્થિતિ જોઇને કર લેવો જોઇએ. તેમજ કર ઉઘરાવવાની પ્રક્રિયા સરળ અને ઓછી ખર્ચાળ હોવી જોઇએ.

- કૌટીલ્યએ કર માળખાના નિયમોનું નીચે મુજબ વિભાજન કર્યુ.

(i) ભુમીકર :

રાજ્યને ખેત ઉત્પાદનનો ચોક્કસ ભાગ ખેડુત કે માલોક પાસેથી કરરૂપે લેવાનો અધિકાર હતો. જમીનનો પ્રકાર, ઉત્પાદકતા, ઉત્પાદનનું સ્વરૂપ, સિંચાઇનો પ્રકાર અને સગવડ ધ્યાનમાં રાખી ભુમિકરનું પ્રમાણ નક્કી કરવું.

(ii) આયાત-નિકાસ કર:

- આયાત-નિકાસ કરને ત્રણ ભાગમાં વર્ગીકરણ કર્યા છે.

(a) બાહ્ય શુલ્ક :

પોતાના રાષ્ટ્રમાં ઉત્પન્ન થતી વસ્તુ પર લેવામાં આવતા કરને બાહ્ય શુલ્ક કહે છે.

(b) આભ્યન્તર શુલ્ક :

રાજ્ય કે રાજધાનીમાં ઉત્પાદીત વસ્તુ પર લેવામાં આવતા કરને આભ્યન્તર શુલ્ક કહે છે.

(c) આતિથ્ય શુલ્ક :

વિદેશમાંથી લાવવામાં આવતી વસ્તુ પર લેવામાં આવતા કરને અતિથ્ય શુલ્ક કહે છે.

(4) કૃષિ અને પશુપાલન : (5 માર્ક)

કૌટિલ્યએ કૃષિને આજીવિકાનું મુખ્ય સાધન ગણાવ્યું છે. તેમણે જમીનના બે પ્રકારો પાડી વર્ગીકરણ કર્યુ છે. :

(i) વ્યક્તિગત માલિકીની જમીન

(ii) રાજ્યહસ્તકની જમીન

રાજ્ય હસ્તકની જમીન મજુરો, કેદી અને દાસ પાસે ખેડાવીને વાવણી કરવામાં આવતી. જમીનનો ઉપયોગ ખેતી માટે થાય તેવું કૌટિલ્ય માનતા હતા. તેમણે વણ-ખેડાયેલી જમીનને ખેતી લાયક બનાવવાનું સુચન કર્યુ હતુ. કારણ કે બિન ઉત્પાદક જમીનનો કોઇ અર્થ નથી. ખેડુતો ખેત ઉત્પાદન કરે તો તેમને આવક પ્રાપ્ત થાય અને રાજ્યને મહેસુલ મળે છે.

પશુપાલન સંબંધી તેમણે નિયમો અને દંડની જોગવાઇ દર્શાવી છે.

(5) ઉદ્યોગો : (5 માર્ક)

કૌટિલ્યના મત મુજબ આર્થિક દ્રષ્ટિએ સાધન-સંપન્ન રાજ્ય સમૃદ્ધ અને વિકસીત બની શકે તે માટે તેમણે ઉદ્યોગોના વિકાસ હેતુથી માર્ગદર્શક વિચારો રજુ કર્યા. ખાણ ખોદાવવી, હુન્નરઉદ્યોગોના કારખાના વધારવા અને ઉદ્યોગના વિકાસ માટે અનુકુળતા કરી આપવી.

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડ વધારવી તેમજ ઉત્પાદીત વસ્તુના વેચાણ માટે બજાર રહે તે માટે શહેરનો વિકાસ કરવો.

Devang Sir

પ્રશ્ન 2 – મહાત્મા ગાંધીના આર્થિક વિચારો જણાવો.

(A) પરિચય :

સમાજમાં પરીવર્તનની પ્રક્રિયાથી વિકાસ થતો હોય છે. આ વિકાસ તબક્કાવાર થાય છે. વિકાસના દરેક તબ્બક્કે કોઇ વિચારક પોતાના વિચારથી સમાજ જીવનને અસર કરી સમાજનો રાહબર(માર્ગદર્શક) બને છે. આવા જ એક માર્ગદર્શક ગુજરાતના પોરબંદર શહેરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી છે.

ગાંધીજી પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવનાર આદર્શવાદી સ્વપ્નપ્રષ્ટાની સાથે વાસ્તવિક અને વ્યવહારૂપણાની આગ્રાહી હતા. સત્ય અને અહિંસા તેનની વિચારધારાના મુખ્ય ધ્રુવતારક હતા.

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, કોમીએકતા, સ્ત્રી જાગૃતિ વિશે સતત પ્રયત્ન કર્યા હતા. ગાંધીજીએ નીતિશાસ્ત્રને પાયા તરીકે સ્વીકાર્યું હતું.

ગાંધીજીના આર્થિક, સામાજીક અને રાજકીય જીવન દર્શનને ગાંધીવાદ તરીકે ઓળખવામાં આવે છે.

(B) ગાંધીજીના જીવનમાં વિચારકો અને ગ્રંથોનો પ્રભાવ :

- ગાંધીજીની વિચારધારામાં અનેક પ્રસંગો, તત્વચિંતકો અને ધાર્મિક ગ્રંથોનો પ્રભાવ જોવા મળે છે.

1. અમેરીકન ચિંતક થોરોની પ્રબળ અસર ગાંધીજીના જીવન પર પડી હતી. સાદુ જીવન અને ઉચ્ચ વિચારનો ખ્યાલ ગાંધીજીએ થોરોના ખ્યાલ પરથી અપનાવ્યો હતો.

2. બ્રિટનના પ્રખર માનવતાવાદી જોન રસ્કીનના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ' માંથી ગાંધીજીએ સર્વાદયની પ્રેરણા લીધી અને માનવ શ્રમને મહત્વ આપી ભારતની ગરીબી દુર કરવાનો રસ્તો પણ ગાંધીજીને મળ્યો હતો.

3. રશિયાના મહાન તત્વચિંતક લિઓ ટોલ્સટોયના પુસ્તક 'વોટ શેલ વી ડુ ધેન' અને 'ધી કિંગડમ ઓફ ગોડ ઇઝ વિધિન યુ.' ની પણ ગાંધીજીના વિચારો પર અસર થઇ. બ્રેડ લેબર એટલે કે રોટી-શ્રમનો સિદ્ધાંતના પ્રભાવથી ગાંધીજીએ શ્રમ ન કરનારને ખાવાનો અધિકાર નથી તેવા મતના સમર્થનમાં શ્રમના ગૌરવને લગતો વિચાર રજુ કર્યા.

- ગાંધીજીને બાળપણમાં જોયેલુ નાટક સત્યવાદી રાજા હરિશ્ચંદ્રમાંથી સત્યને મહત્વ આપી સત્યાગ્રહી બન્યા.
- ભગવતગીતાના ત્રીજા અધ્યાયમાં રજુ થયેલા બ્લોક જે યજ્ઞ કર્યા વગર ખાય તે પાપનો આહાર કરે છે તેની પ્રભવ અસર થઇ છે.
- ઉપનિષદ, રામાયણ, મહાભારત જેવા ધર્મગ્રંથો અને સંત કબીર, ગુરૂનાનક અને નરસિંહ મેહતા જેવા સંતો તેમજ આધ્યાત્મીક ગુરૂ શ્રીમદ્ રાજચંન્દ્રના વિચારોથી ગાંધીજીના વિચાર ઘડતરમાં પ્રભાવ પડ્યો છે.

(C) ગાંધીજીના મુખ્ય આર્થિક વિચારો :

1. સર્વોદય :

ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી. જેમાં નિરાધાર, દીન અને હિન સર્વાનું ઉદય થાય તેને સર્વાદય નામ આપ્યું. ટુંકમાં, સર્વનો ઉદય એટલે સર્વાદય.

ભગવદગીતામાં જણાવ્યા મુજબ જીવમાત્રમાં એક જ આત્મા છે. તે ન્યાયે ગાંધીજીએ પરસ્પર સહકાર અને પ્રેમને સર્વોદયના મુખ્ય આધાર ગણાવ્યા છે. સર્વોદયને સિદ્ધ કરવા સંયમ પુર્વશરત છે. તેવો ઇચ્છારહિતતાનો સિદ્ધાંત આવ્યો છે.

સર્વોદયની સફળતા માટે ત્યાગ, સ્વૈચ્છિક સેવા, યંત્રનો વિરોધ, શ્રમનો બચાવ, વિકેન્દ્રીકરણ અને શોષણને અટકાવવા વિચારો રજુ કર્યા છે.

'સમાજના બધા જ અંગ સરખા ન કોઇ નીચા કે ન કોઇ ઊંચા, રાજા અને પ્રજા, ધનીક અને ગરીબ, માલિક અને મજુર વચ્ચે કોઇ ભેદ ન હોય તેવો વાદ એટલે સમાજવાદ.'

2. શ્રનનું ગૌરવ :

દરેક પ્રકારનું કરનારને સરખું વેતન મળતુ જોઇએ તેવો આગ્રહ ગાંધીજી રાખતા હતા. શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે. તેથી તેના ઉપયોગ માટેની પુરતી તક અને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઇએ.

ગાંધીજીએ શ્રમના ગૌરવને ઇશ્વરીય સંકેત ગણાવીને કહ્યું કે, "બુદ્ધિનું કામ શરીરની મજુરીના કામ જેટલું જ મહત્વનું અને જરૂરી છે."

જીવનની સળંગ યોજનામાં તેનું ચોક્કસ સ્થાન છે. પણ મારો આગ્રહ દરેક માણસે પોતાના શરીર વડે મજુરી કરવી જોઇએ એવો છે. મારો દાવો છે કે કોઇ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય.

વર્તમાનમાં પરિશ્રમ અને ગૌરવ ઘટતા તેની પ્રતિષ્ઠા પણ ઘટી છે. આનો ઉપાય બતાવવા ગાંધીજીએ શ્રમના ગૌરવ વીશે સુચવ્યું. જે ગરીબી અને બેકારીની સમસ્યામાંથી મુક્તી આપશે.

3. યંત્રનો ઉપયોગ : (5 માર્ક)

(પ્રશ્ન – યંત્રના ઉપયોગ સંબંધિત ગાંધીજીના વિચારો સ્પષ્ટ કરો.)

ગાંધીજીના મતે આજનો જમાનો યંત્રયુગ તરીકે ઓળખાય છે. કારણ કે સમગ્ર અર્થવ્યવસ્થામાં યંત્રનું પ્રભુત્વ છે. યંત્ર શ્રમને વધુ કાર્યક્ષમ બનાવવાને બદલે શ્રમનું સ્થાન લે તે ગાંધીજીને સ્વીકાર્ય ન હતુ. આથી ઘણી વખત ગાંધીજીને યંત્રના વિરોધી તરીકે ઓળખવામાં આવતા. પરંતુ વાસ્તવમાં ગાંધીજીને યંત્ર સામેનો વિરોધ નહિ પરંતુ યંત્રોની ઘેલછા સામે વિરોધ હતો. તેમણે યંત્રના વિવેકપુર્ણ ઉપયોગની તરફેણ કરી યંત્રના ઉપયોગ સંબંધી નીચેના વિચારો દર્શાવ્યા.

1. ગાંધીજી પ્રાથમિક અને સાદા યંત્રનો આગ્રહ રાખતા હતા, કારણ કે આવા યંત્રો ગરીબો સરળતાથી ખરીદી શકે.

2. શ્રમીકોની મહેનત બચાવી તેનો બોજ હળવો કરે તેવા યંત્રને ગાધીજી આવકારતા. પરંતુ જે યંત્રો માનવીનું સ્થાન લે અને બેકાર બનાવે તેનો વિરોધ કરતા.

3. યંત્રનો ઉપયોગ સમગ્ર માનવ જાતના અને ભારતના ગરીબ લોકોના કલ્યાણ માટે થતો હોય તેની સામે તેમને કોઇ વિરોધ ન હતો.

4. યંત્રને લીધે સંપત્તિનું કેન્દ્રીકરણ થતુ હોય તો ગાંધીજી તેવા યંત્રના ઉપયોગનો વિરોધ કરતા અને યંત્રો શ્રીમંત માટે અને ગરીબોના શોષણનું સાધન ન બને તેનુ ધ્યાન રાખવાનું કહેતા.

5. યંત્રથી શ્રમનો બચાવ થાય પણ યંત્રના ઉપયોગથી જો હજારો લોકો બેકાર બને તો તેવા શ્રમનો બચાવ યોગ્ય નથી. એટલે કે યંત્રનો ઉપયોગ વ્યક્તિના લાભ માટે નહિ પરંતુ સમગ્ર સમાજના લાભ માટે થવો જોઇએ.

6. ગાંધીજી એમ માનતા કે યંત્રનો ઉપયોગ એટલી હદ સુધી ન થવો જોઇએ કે જેથી માનવી તેનો ગુલામ બને. તેમણે જણાવ્યું કે યંત્રો માનવી માટે છે. માનવી યંત્ર માટે નથી.

(4) વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા :

વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એટલે 1. આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ થોડા લોકોના હાથમાં થવાને બદલે વિશાળ જનસમુદાય વચ્ચે થયેલી હોવી જોઇએ. 2. આર્થિક પ્રવૃત્તિઓનું વધુને વધુ પ્રસારણ ગ્રામ્ય વિસ્તારમાં થવું જોઇએ.

ગાંધીજીને મુડીપ્રધાન ઉદ્યોગો અને સત્તાના કેન્દ્રિકરણથી સર્જાતી સમસ્યાના સંદર્ભમાં વિકેન્દ્રીત અર્થવ્યવસ્થાની હિમાત કરી તેમની અર્થવ્યવસ્થાના પાયામાં ગ્રામ્યસ્વરાજ્ય અને ગ્રામસ્વાવલંબનનો ખ્યાલ હતો.

વિકેન્દ્રીકરણ માટે તેમણે રેંટીયો અને ખાદીનો કાર્યક્રમ દેશ સમક્ષ રજુ કર્યો હતો.

(5) સાદગી અને અપરિગ્રહ :

'અપરિગ્રહ એટલે જરૂરીયાતથી વધારે ન વાપરવું અને ન રાખવું.'

ગાંધીજી હંમેશા સાદું જીવન અને ઉચ્ચ વિચાર સુત્રનું આચરણ કરતા, જે માટે તેમણે સંયમ રાખવાની ભલામણ કરી.

વર્તમાનનો માનવી નૈતિક મુલ્યોને ભુલીને સમૃદ્ધિ તરફ વધ્યો હોવાથી આજની અશાંત પરિસ્થિતિ સર્જાય છે. આ માટે ગાંધીજીએ ત્રણ કારણો જણાવ્યા :

1) સતત વધતી જતી જરૂરીયાતો
2) સંકુલ યંત્રને વધતો ઉપયોગ
3) વહેંચણીની પ્રવર્તમાન પદ્ધતિ

જરૂરીયાતના પ્રમાણ અને સુખાકારી વચ્ચે સંબંધ છે. ગાંધીજી માનતા હતા કે જરૂરીયાતો મર્યાદીત રાખવાથી સુખાકારી વધુ મળી શકે, નહિ કે વધુ વસ્તુના વપરાશથી સાદગીપુર્ણ જીવન દ્વારા સાચા સુખનો અનુભવ થાય છે. સૌની જરૂરીયાત મુજબ સૌને મળી રહે તેવી રીતે ઉત્પાદન થાય તે મહત્વનું છે.

સાદગીના સંદર્ભમાં ગાંધીજીએ 'સૌનું પોષણ, કોઇનું પણ શોષણ નહિ' એ પાયાની વાત સ્વીકારવાનું કહ્યું.

(6) ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત : (5 માર્ક)

(પ્રશ્ન – ગાંધીજીએ રજુ કરેલો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત વિગતે સમજાવો.)

ભગવદગીતાનો અપરિગ્રહના સિદ્ધાંત અને ઇશોપનિષદમાં જણાવ્યા મુજબ, 'આ જગતમાં જે કંઇ છે તે તમામ ઇસ્વર દ્વારા મળ્યું છે એટલા માટે પ્રથમ તેનો ત્યાગ કરીને પછી ભોગવો.' આ બુનિયાદી વિચાર પર ગાંધીજીએ વાલીપણાનો સિદ્ધાંત રજુ કર્યો છે.

આ સિદ્ધાંત મુજબ કોઇ પણ વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વધુ સંપત્તિની માલિકી મળી હોય તો એ મિલકતની કાયદેસરની માલિકી ભલે એ વ્યક્તિની રહે પરંતુ દેશના લાખો માણસોને સન્માનપુર્વક જીવવા માટે જેટલું જરૂરી છે તેટલું મેળવવાનો અધિકાર તે વ્યક્તિને છે, તે સિવાય બાકીની મિલકત સમાજની માલિકીની છે તેથી તેનો ઉપયોગ સમાજ કલ્યાણ માટે કરવો જોઇએ. અને જે તે વ્યક્તિએ મિલકતના ટ્રસ્ટી(વાલી) તરીકે વર્તવું.

ગાંધીજીએ ધનિકોને ટ્રસ્ટી બનવાની સલાહ આપી અને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સંપત્તિમાં વધારો કરવો પરંતુ તે સંપત્તિનો ઉપયોગ સમસ્ત પ્રજાના કલ્યાણ માટે કરવો જોઇએ.

➔ સિદ્ધાંતના મુખ્ય મુદ્દાઓ :

(1) ધનોકોનું હૃદય પરિવર્તન શક્ય છે :

તેમણે રજુ કરેલા આ સિદ્ધાંત ધનિકોના હૃદય પરિવર્તન પર રચાપેલો છે. ગાંધીજીના મતે ધનિકોએ ઉદારતા દાખવી પોતાની સંપત્તિનો ઉપયોગ સમાજના લાભ માટે કરવો જોઇએ. આમ, આ સિદ્ધાંત ધનિકોના હૃદય પરિવર્તન પર આધાર રાખે છે. તેમ ગાંધીજી માનતા હતા.

(2) હકના બદલે ફરજો :

ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં મિલકતની માલિકીના હકને બદલે ફરજો પર વધુ ભાર મુક્યો છે. ધનિકોએ પોતાની સંપત્તિનો સમાજ માટે મહત્તમ ઉપયોગ થાય તે રીતે તેના માલિકોએ ફરજ અદા કરવી જોઇએ.

(3) લોકમતની જાગૃતિ :

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો અમલ કાયદા દ્વારા થઇ શકતો નથી તેથી ગાંધીજીએ આ સિદ્ધાંતનો અમલ હૃદય પરિવર્તન દ્વારા થાય તેવી હિમાયત કરી છે. આ માટે ગાંધીજીએ કેળવણી અને લોકમતની જાગૃતિઓનો માર્ગ સુચવ્યો.

(4) સમગ્ર સમાજહિતનું મહત્વ :

આ સિદ્ધાંત મુજબ થોડી વ્યક્તિના હિત કરતા સમગ્ર સમાજના હિતને મહત્વ આપવું. તેથી સમાજના મોટા વર્ગને ધ્યાનમં રાખી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવું.

(5) ટ્રસ્ટીને વળતર :

સંપત્તિના ટ્રસ્ટી તરીકે કાર્ય કરવા બદલ તેને ચુકવવાના વળતરની જોગવાઇ રાજ્ય સરકારે નક્કી કરવી જોઇએ.

(6) રાષ્ટ્રીયકરણનો વિરોધ :

આર્થિક સમાનતા લાવવા માટે ખાનગી મિલકતનો હક નાબુદ કરી રાષ્ટ્રીયકરણ કરવાનો ગાંધીજીએ વિરોધ કર્યો હતો. કારણ કે રાષ્ટ્રીયકરણ કરવાથી વ્યક્તિ સત્તાનો વિરોધ કરશે અને લોકોમાં નૈતિકતાનો ભાવ ઓછો થશે.

(7) વારસદારની નિમણુક :

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં વારસદારની નિમણુકનો પ્રશ્ન હોય છે. ગાંધીજીના મતે જેઓ સંપત્તિના કાયદેસરના માલિક છે. તેઓ જે સંપત્તિના વારસદાર રહેવા જોઇએ.

ટ્રસ્ટી તરીકેનો અધિકાર સરકાર કે સમાજને સોંપવાનો નથી. મિલકતના માલિકે જ સમાજના ટ્રસ્ટી તરીકે વર્તવુ.

સંપત્તિના માલિકના અવસન બાદ તે જેની ટ્રસ્ટી તરીકે નિમણુક કરશે તે નવા ટ્રસ્ટી તરીકે કામ કરશે. કાયદા કે રાજ્યની મંજુરી દ્વારા નક્કી કરવો જોઇએ.

(8) રાજ્યનું નિયંત્રણ :

ધનિક વ્યક્તિ જ્યારે સંપત્તિના ટ્રસ્ટી તરીકે નિષ્ફળ જાય ત્યારે મિલકતના ઉપયોગ પર રાજ્ય નિયંત્રણ કરી મિલકત રાજ્ય હસ્તક લેવાનો મત ગાંધીજીએ વ્યક્ત કર્યો.

સંપત્તિના માલિક પાસે સંપત્તિ ક્યા માર્ગે આવી તેની પણ તપાસ કરવી જોઇએ. અને જરૂર જણાય તો મિલકતને વળતર આપીને કે વળતર આપ્યા વિના મિલકત લઇ લેવી જોઇએ.

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના સંદર્ભમાં ગાંધીજીએ આર્થિક પ્રવૃતિના ત્રણ ક્ષેત્ર દર્શાવ્યા છે.

(1) ખાનગી ક્ષેત્ર,

(2) જાહેર ક્ષેત્ર અને

(3) ટ્રસ્ટીશિપનું ક્ષેત્ર.

પ્રશ્ન 3 – પંડિત દિનદયાળ ઉપાધ્યાયના આર્થિક વિચારો જણાવો.

(A) પરિચય :

સાદું જીવન, સરળ વ્યક્તિત્વ, આંખોમા અનોખી ચમક ધરાવતા સજ્જન આર્થિક વિચારનું પ્રેરણાબિંદુ, મૌલિક ચિંતન અને અખુટ વિચારો ધરાવતુ વ્યક્તિત્વ એટલે પંડિત દીનદયાળ ઉપાધ્યાય.

25 સપ્ટેમ્બર, 1916ના રોજ જન્મેલા પંડિત દીનદયાળ માત્ર 52 વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા હતા. તેમણે પોતાના જીવનકાળમાં દેશના છેક છેવાળાના માનવીને ધ્યાનમાં રાખી દેશનો સર્વાંગી વિકાસ થાય તેવા આર્થિક વિચારો રજુ કર્યા.

બહુમુખી પ્રતિભા ધરાવતા પંડિત દિનદયાળે તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજજીવન અને સાહિત્યના વિષયમાં પોતાના વિચારો રજુ કર્યા હતા. તેમણે રાજકીય, સામાજિક સંગઠન અને પત્રકારના ક્ષેત્રે નામના મેળવી હતી.

એકાત્મ માનવવાદ, રાષ્ટ્રજીવનની દિશા, રાષ્ટ્રચિંતન, ભારતીય અર્થનીતિ, વિકાસની એક દિશા, પોલિટેકલ ડાયરી, પ્રથમ અને દ્વિતીય પંચવર્ષીય યોજનાનું વિશ્લેષણ તેમણે રજુ કરેલી કૃતિઓ છે.

(B) આર્થિક વિચારો :

(1) અર્થવ્યવસ્થાના ત્રીજા વિકલ્પની શોધ :

આર્થિક ધ્યેય સિદ્ધ કરવા માટે વિશ્વ સમક્ષ મુડીવાદ અને સમાજવાદ જેવા બે વિકલ્પો હતા. તે સમયે પંડિત દિનદયાળે ત્રીજા વિકલ્પની રજુઆત કરી.

વિશ્વમાં ઉત્પાદન ક્ષેત્રે આધુનિક ઉત્પાદન પદ્ધતિ અને યંત્રને ઉપયોગ વધતો જાય છે. છતા આર્થિક સમૃદ્ધિથી લાલચને લીધે સમાજ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે.

મુડી અને સમાજવાદી અર્થવ્યવસ્થા અપનાવીને ઘણા દેશોએ આર્થિક વિકાસનો માર્ગ અપનાવી ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ તેની સામે આર્થિક શોષણ, અસમાનતા, આર્થિક અસ્થિરતા, વર્ગવિગ્રહ જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. ભારતે પણ વિચારધારા અને અર્થવ્યવસ્થાનું અનુકરણ કર્યુ. પરીણામે ભારતમાં ઉદ્યોગ અને ખેતીક્ષેત્રે નીચી ઉત્પાદકતા, ગ્રામીણક્ષેત્રે અપુરતી સુવિધા, શહેરીકરણ, ગરીબી, બેકારી, ભાવવધારો જેવી અનેક સમસ્યાઓ વધી છે.

આવી સમસ્યાજનક પરિસ્થિતિમાંથી ભારતને બહાર લાવવા માટે પંડિત દિનદયાળે માનવદર્શન આધારિત એકાત્મ અર્થનીતિ જેવા ત્રીજા વિકલ્પની હિમાયત કરી છે.

(2) એકાત્મ-માનવતાવાદ :

એકાત્મક-માનવતાવાદ એટલે એ માનવજીવનનું એવું દર્શન કે

જ્યાં,

(i) માનવીનો માત્ર આર્થિક માનવી તરીકે વિચાર થતો નથી પણ માનવજીવનના દરેક પાસાનો વિચાર થાય છે.

(ii) માનવીનો અન્ય માનવી સાથેનો સંબંધ થતા માનવીનો અન્ય જગત સાથેના પરસ્પર પુરક સંબંધને ધ્યાનમાં લઇને સમૃદ્ધ અને સુખીજીવનનું દર્શન થાય તેવો વાદ.

- પંડિત દિનદયાળના મતે એકાત્મ માનવતાવાદની સાર્થકતા,

(i) સમાજના અજ્ઞાની અને કચકાયેલા માણસોની સેવા;

(ii) તેમના હાથ-પગમાં બળ વધારીને ઉદ્યોગ-ધંધાનું શિક્ષણ આપવું;

(iii) તેમની આવક વધારીને તેમને માટે પાકા ઘર બનાવવામાં રહેલુ છે.

(3) સાધ્ય અને સાધનનો વિવેક :

પંડિત દિનદયાળ કહે છે કે, "સ્વતંત્રતા પહેલા આપણે દરેક પ્રશ્નને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી જોતા પરંતુ હવે દરેક પ્રશ્નને આર્થિક દ્રષ્ટિકોણથી જોવા લાગ્યા છીએ. કારણ કે આજે સાધ્ય અને સાધનનો વિવેક રહ્યો નથી."

માનવીનું મુખ્ય સુખ માટે સંપતિ કમાવવાનુ છે અને માનવશક્તિ તે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. તેથી માનવશ્રમને બેકાર રાખીને ક્યારેય માનવીનો વિકાસ કરી શકાય નહિ. આ હકિકતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન વ્યવસ્થા વિકસાવવી જોઇએ.

(4) સંપત્તિની માલોકી :

સંપત્તિના ઉપયોગના સંદર્ભમાં તેની માલિકીનો પ્રશ્ન મહત્વનો છે. મુડીવાદમાં વ્યક્તિને તેની સંપત્તિ પર નિરંકુશ અધિકાર હોય છે. જ્યારે સમાજવાદમાં બધી જ આર્થિક સમસ્યાનુ મુળ ખાનગી સંપત્તિને ગણતા હોવાથી તેમાં ખાનગી સંપત્તિને કોઇ સ્થાન નથી.

આ સંદર્ભમાં પંડિત દિનદયાળે એવો વિચાર રજુ કર્યા કે ખાનગી સંપત્તિ સંપુર્ણ પણે સમાપ્ત કરતી યોગ્ય નથી. કારણ કે તે માંથી વ્યક્તિની પ્રતિષ્ઠા, સુરક્ષા અને કાર્યશક્તિ નાશ થઇ જશે. તેથી તેમણે સંપત્તિના અધિકારની મર્યાદા નક્કી કરવી જોઇએ.

તેઓ માનતા હતા કે સંપત્તિનો પ્રભાવ અને અભાવ વ્યક્તિના અધઃપતનનું કારણ ન બને તે રીતે ખાનગી સંપત્તિ પર મર્યાદા નક્કી કરવી જોઇએ. તેમના મતે માનવીનો સર્વાંગી વિકાસ કરવો એ જ સંપત્તિનો મુખ્ય હેતુ હોવો જોઇએ. અને આ હેતુ સિદ્ધ કરવા સામાજિક નિયંત્રણ, ન્યાયની સ્થાપના તથા પુર્ણ વિકેન્દ્રીકરણ થવુ જોઇએ.

(5) વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા :

મુડીવાદ અને સમાજવાદ બંનેમાં સંપતિ અને સતાનો કેન્દ્રીકરણ થયેલુ હોવાથી માનવીના સર્વાંગી વિકાસની ઉપેક્ષા થાય છે. આ સંદર્ભમાં પંડિત દીનદયાળે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાની ભલામણ કરી.

વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા માટે ઉત્પાદન, વિતરણ અને ઉપભોગની જવાબદારી વ્યક્તિને સોંપવી જોઇએ. જેથી ઉત્પાદન કરનાર જ તેનું વિતરણ કરશે અને વપરાશને ઘટાડી બચત કરશે જેથી મુડીરોકાણ અને ઉત્પાદન વધશે.

આ માટે તેમણે લઘુઉદ્યોગો, ગૃહઉદ્યોગો અને નાના ઉદ્યોગોનુ વિકાસ થાય તેવો અયોજન કરવા જણાવ્યું.

(6) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :

પંડિત દીનદયાળ જણાવે છે કે ભારતમાં શ્રમિકો વિપુલ પ્રમાણમાં છે અને મુડીસાધનની અછત છે તો આ પરિસ્થિતિ માં ઉત્પાદન કાર્ય માટે શ્રમપ્રધાન ઉત્પાદન પરિસ્થિતિમાં ઉત્પાદન પદ્ધતિ અપનાવવી વધુ અનુકુળ છે.

જો આપણે મુડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવીએ તો થોડો મુડી યંત્ર ખરીદવા પાછળ ખર્ચાય જશે અને પ્રમાણમાં રોજગારીનું સર્જન ન થતા બેકારી વધવાની સંભાવના વધી જાય છે.

આ સમસ્યાના ઉકેલ માટે તેમણે ખેતી પરથી શ્રમનું ભારણ ઓછુ કરે એવા નાના ઉદ્યોગો શરૂ કરવાની ભલામણ કરી પંડિત દીનદયાળે પુર્ણ રોજગારીને મહત્વ આપી ‘હર હાથ કો કામ, હર ખેત મે પાની’ (हर हाथ को काम, हर खेत में पानी) સુત્ર આપ્યું.

(7) સંયમીત ઉપભોગ :

પંડિત દીનદયાળ કહે છે કે એક તરફ આપણે નવી જરૂરીયાતો ને પુર્ણ કરવા નવા સાધનો અને પદ્ધતિની શોધ કરીએ છીએ. જેનાથી અનેક નવી પદ્ધતિઓ સર્જાય છે. તેનાથી માનવતા નષ્ટ થવાનું સંકટ હોય. તેથી અર્થવ્યવસ્થાનો ઉદ્દેશ સંયમિત ઉપભોગ કરવાનો હોવો જોઇએ.

ભારતમાં ઘણા-લોકોનું જીવનધોરણ નીચું છે. પરંતુ તે માટે ઉત્પાદન વધારી યોગ્ય વિતરણ કરવું જોઇએ. આ માટે પંડિત દિનદયાળે ઉત્પાદન સાથે સંયમિત ઉપભોગને મહત્વ આપવાનું જણાવ્યું.

વિકસિત દેશોમાં ખનીજતેલના વધતા ભાવ, ફુગાવાન્વ્વ સમસ્યા, શસ્ત્રોની દોડ, માનસિક તણાવ જેવા અનેક સર્જાયેલા પ્રશ્નમાંથી બહાર આવવા વિકસીત મુડીવાદી દેશોએ પંડિત દીનદયાળના સંયમિત ઉપભોગના વિચારનો અમલ કર્યો.

પ્રશ્ન 4 – પંડિત દીનદયાળે ભારતીય અર્થ-વ્યવસ્થાના ક્યા ઉદ્દેશો સૂચવ્યા છે ? તે જણાવો.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય સાદું જીવન, સરળ વ્યક્તિત્વ, આંખોની અનોખી ચમક ધરાવતા સજ્જન, જે આર્થિક વિચારોનું પ્રેરણાબિંદુ, મૌલિક ચિંતન અને વિચારોની અખૂટ સરવાણી ધરાવતું વ્યક્તિત્વ કે જેમણે તેમના 52 વર્ષનાં જીવનકાળમાં દેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દેશના છેવાડાના માનવીને સાથે લઇને દેશનો સર્વાંગી આર્થિક વિકાસ થાય તે માટે પોતાના આર્થિક વિચારો રજુ કર્યા છે. તેઓ જણાવે છે કે મૂડીવાદ અને સમાજવાદ મનુષ્યને કે મનુષ્યની ચિંતાને સમજ્યા નથી. તે કહે છે કે, “આપણે સમાજવાદ એ મુડીવાદ નહીં પણ મનુષ્યનો ઉત્કર્ષ અને તેનું સુખ જોઇએ છે.”

➔ આ સંદર્ભમાં તેમણે ભારતીય અર્થ વ્યવસ્થાના ઉદ્દેશો રજુ કર્યા છે જે નીચે પ્રમાણે છે. જેમાં,

(1) તેમના મતે પ્રત્યેક વ્યક્તિને લઘુમત જીવન સ્તરનું આશ્વાસન મળવું જોઇએ.

(2) રાષ્ટ્રની સુરક્ષા અને સામર્થ્યનું લક્ષ હોવું જોઇએ.

(3) સમાજની ઉત્તરોત્તર સમૃદ્ધિ વધે જેનાથી વ્યક્તિ અને રાષ્ટ્રને તેવાં સાધનો ઉપલબ્ધ થાય કે તે દ્વારા સમાજ પોતાની પ્રકૃતિના આધારે વિશ્વની પ્રગતિમાં યોગદાન આપી શકે.

(4) નક્કી કરેલાં લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પ્રત્યેક યુવાન અને સ્વસ્થ વ્યક્તિને આજીવિકાનો અવસર મળવો જોઇએ.

(5) કુદરતી સાધનોનો કરકસરથી ઉપયોગ કરવો જોઇએ.

(6) રાષ્ટ્રનાં ઉત્પાદક સાધનોનો ખ્યાલ કરીને તેને અનુરૂપ ઉત્પાદન પદ્ધતિ અપનાવવી જોઇએ.

(7) દેશની અર્થવ્યવસ્થામાં માનવીની અવગણના ન કરતાં તેના વિકાસ માટે તેમજ સમાજનાં સાંસ્કૃતિક અને અન્ય જીવનમૂલ્યોનું રક્ષણ કરવું જોઇએ.

(8) વિભિન્ન ઉદ્યોગોમાં રાજ્ય, વ્યક્તિ તથા અન્ય સંસ્થાની માલિકીનો નિર્ણય વ્યાવહારિક પદ્ધતિથી કરવો જોઇએ.

પંડિત દીનદયાળના ઉપાધ્યાયના ઉપર્યુક્ત મુખ્ય ઉદ્દેશો તેમજ તેઓની આર્થિક વિચારસરણી આધારિત કેટલીક યોજનાઓ પણ રાજ્યે અમલમાં મૂકી છે.

જેમ કે, શ્રમના ગૌરવ અને દરેકને કામના સિદ્ધાંત આધારિત શ્રમેવ જ્યતે યોજના 16 ઑક્ટોબર, 2014થી શરૂ કરવામાં આવી અને ખેતી તેમજ ખેતી સાથે સંકળાયેલી ગ્રામીણ ઉદ્યોગોનો યોગ્ય વિકાસ તે ઉદ્દેશોથી ગ્રામજ્યોતિ યોજના શરૂ કરવામાં આવી છે.

પેપર સ્ટાઇલ

પ્રથમ / દ્વિતીય પરીક્ષા

સમય – 2 કલાક | કુલ ગુણ - 50

વિભાગ	પ્રશ્નપત્રનું સ્વરૂપ	સંખ્યા	ગુણ	કુલ ગુણ
A	MCQ	8	1	8
B	SQ	8	1	8
C	ટૂંકા પ્રશ્ન	6	2	12
D	લાંબા પ્રશ્ન	4	3	12
E	નિબંધ પ્રકારના	2	5	10
	કુલ	28	-	50

વાર્ષિક પરીક્ષા

સમય – 3 કલાક | કુલ ગુણ – 80

વિભાગ	પ્રશ્નપત્રનું સ્વરૂપ	સંખ્યા	ગુણ	કુલ ગુણ
A	MCQ	10	1	10
B	SQ	10	1	10
C	ટૂંકા પ્રશ્ન	8	2	16
D	લાંબા પ્રશ્ન	8	3	24
E	નિબંધ પ્રકારના	4	5	20
	કુલ	40	-	80

Devang Sir